વર્ષ : ૪૬ ❖ અંક : ૦૬
જૂન-૨૦૨૨

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 5/- Each

# દિવ્યધ્વનિ




**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
મો.નં. ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય / એકાઉન્ટ્સ), ૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન / આવાસ)
Mail : mail@shrimadkoba.org, Web : www.shrimadkoba.org

પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી કુલરત્નભૂષણજી સાથે શિખરજીની વંદના



પૂજ્ય ગણિની આર્યિકા વિશાશ્રી માતાજી સાથે શ્રી ચંદ્રપ્રભ ટોંકની વંદના



વીરાયતન, રાજગૃહીમાં પૂજ્ય સાધ્વીસંઘ સાથે તત્ત્વચર્ચા



ભગવાન મહાવીર કેવળજ્ઞાન સ્થળ જૃમ્ભિકગ્રામ, બિહાર



સંસ્થામાં પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી કુમુદનંદિજી તથા પૂજ્ય મુનિશ્રી આર્ષકીર્તિજી મહારાજના પાવન પગલાં





-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

(મો) ૯૪૨૭૦૬૪૪૭૯

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન:૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય/એકાઉન્ટ્સ)

૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન/આવાસ)

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ .............. શ્રીમદ્ રાજચંદ્રજી ...... ૫

(૨) રાગદ્વેષને કેવી રીતે જીતવા ? ..... પૂજ્યશ્રી આત્માનંદજી... ૬

(૩) મેરી ભાવના-એક અનુચિંતન .......... પૂજ્ય બહેનશ્રી.....૯

(૪) સમ્યક્ તપ ........... બા.બ્ર.સુરેશજી ...... ૧૧

(૫) આનંદનો પરિવાર .... સમણ શ્રુતપ્રજ્ઞજી ..... ૧૪

(૬) શરીર અને સાક્ષી ..... પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૭

(૭) શ્રી પૂજ્યપાદ આચાર્ય ..... પ્રા. ચંદાબહેન પંચાલી ..... ૨૦

(૮) શ્રી દેવચંદ્રજી ચોવીસી ....... શ્રી અશોકભાઈ શાહ.... ૨૩

(૯) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર... ..શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૨૭

(૧૦) પરિણામનું અવલોકન ..... શ્રી રમેશભાઈ ખંધાર .. ૩૦

(૧૧) ત્યાગ અને દાન .......... શ્રી ગુણવંત બરવાળિયા .... ૩૪

(૧૨) સમાજ-સંસ્થા દર્શન .............................. ૩૬



**વર્ષ : ૪૬ જૂન-૨૦૨૨ અંક-૦૬**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોન: ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય/એકાઉન્ટસ)**

**૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન/આવાસ)**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**બેંકમાં સીધું દાન ભરવા માટેની વિગત**

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

**BANK DETAILS FOR FOREIGN DONORS**

**IN FAVOUR OF :** SHREE SATSHRUT SEVA SADHANA KENDRA

**NAME of BANK :** STATE BANK OF INDIA

**BRANCH :** NEW DELHI, MAIN BRANCH 11, PARLIAMENT STREET-110001

**A/C NO. :** 40102524216 **IFSC CODE :** SBIN0000691

**SWIFT CODE :** SBININBB104

**INCOME TAX EXEMPTION UNDER SECTION (80G) 5 OF THE INCOME TAX ACT, 1961. VIDE NO. CIT / GNR / 80G / GNR89 / 2008-2009**

**INCOME TAX REGISTRATION U/S. 12AA. 041910192**

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**ગ્રાહકોને નમ્ર વિનંતી**

આપના હાલના મોબાઈલ નંબર તેમજ E-mail એડ્રેસ સંસ્થાને આપના ગ્રાહક નંબર સાથે રેકર્ડ અપડેશન માટે તુરત જ મોકલી આપવા વિનંતી.

**મો.નં.** ૯૪૨૮૬૬૨૩૭૬,

**વોટ્સએપ નં.** ૯૩૨૭૦૯૦૩૯૩

**: મુદ્રણસ્થાન :**

**ભગવતી ઑફસેટ**

૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,

અમદાવાદ - ૩૮૦ ૦૦૪

ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

જેમ બાણ અને મયૂર પંડિતની કાન-ભંભેરણીથી ભોજરાજાએ આચાર્યશ્રી માનતુંગસૂરિજીના પગમાં બેડીઓ પહેરાવીને કેદમાં પૂર્યા હતા, ત્યારે આચાર્યશ્રીએ તીર્થંકરશ્રી ઋષભદેવની ભાવપૂર્વક સ્તુતિ કરવાથી તેમની બેડીઓ એક પછી એક તૂટવા લાગી અને અંતે તેઓ બંધનમુક્ત થયા હતા. હે પ્રભુ ! અમને પણ આ જાણીને જન્મમરણના ચક્રમાંથી છૂટવાના ભાવ જાગ્યા છે. વિષય-કષાય અને અનેક સાંસારિક બંધનોમાં અનંતકાળથી અમે બંધાયેલા છીએ-જકડાયેલા છીએ અને એમાંથી મુક્ત થવા ઈચ્છીએ છીએ. પરંતુ હે પ્રભુ ! આ દુષમકાળના જ્ઞાનીઓએ અને સંતોએ જેમની પ્રશંસા અને ભક્તિ કરી છે, એવા આપ પરમજ્ઞાનીમાં જ્ઞાન-ગુણની વસંત ખીલેલી જોઈને અમે મંદબુદ્ધિવાળા અલ્પમતિ જીવોમાં પ્રસન્નતાથી, આંબાના વૃક્ષ પર મહોર (ફૂલ) ખીલેલા જોઈને કોયલ જેમ ટહુકાર કરે છે તેમ અમારા અંતરમાં ભક્તિના ભાવ ઉભરે છે !!

હે પ્રભુ ! આવા ભાવ અમારા અંતરમાં ઉભરે છે તે અમારી બાલચેષ્ટા જ છે એમ અમને લાગે છે, કારણ કે પાણીમાં દેખાતા ચંદ્રના પ્રતિબિંબને બાળક સિવાય બીજું કોણ ગ્રહણ કરવા ઈચ્છા કરે ? પ્રભુ ! આપની ભાવપૂર્વક સ્તુતિ કરવાથી આપના જ્ઞાનરવિનો પ્રકાશ અમારા જીવનમાં ફેલાવા માંડ્યો છે અને અનંતકાળનો અજ્ઞાન-અંધકાર દૂર થવા લાગ્યો છે તેમજ અમારા અંતરમાં ભાવોના મોજાં ઉછળવા લાગ્યા છે. હે પ્રભુ ! સંસારસાગર તરવા માટે ભાવ અને ભક્તિની અમારી ચેષ્ટા સફળ થશે કે કેમ એ શંકા અમને ઉદ્ભવી છે, છતાં પણ મૃગલી (હરિણી) ના બચ્ચા પર સિંહ તરાપ મારવા આવે છે ત્યારે તે પોતાની શક્તિનો વિચાર કર્યા વિના વિકરાળ સિંહની સામે થાય છે, તેમ અમે પણ અમારી શક્તિનો વિચાર કર્યા વિના આપની ભક્તિમાં ભાવપૂર્વક પ્રવૃત્ત થયા છીએ. હે પ્રભુ ! હે જ્ઞાનાવતાર ! જેમ સૂર્યના કિરણોનો પ્રકાશ રાત્રિના અંધકારને ક્ષણવારમાં દૂર કરી દે છે, તેમ અનંતભવથી બંધાયેલા અમારા પાપો આપના જ્ઞાન દિવાકરના પ્રકાશથી દૂર થતાં જાય છે - મિથ્યાત્વનો નાશ થઈ ગયો છે. હે પ્રભુ ! આપની સ્તુતિ કરવાથી જીવોના પાપોનો નાશ થાય છે અને તેમના ગુણોનો વિકાસ થવા માંડે છે. હજારો કિરણોવાળો સૂર્ય દૂર હોય છતાં તેનો પ્રકાશ સરોવરના કમળોને વિકસિત કરે છે ને, તો હે પ્રભુ! અમારો પણ ઉદ્ધાર કરોને !

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ


# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

**શ્રીમદ્ રાજચંદ્રજી**

## પત્રાંક-૩૭૧

મુંબઇ, વૈશાખ વદ ૧૩, ભોમ, ૧૯૪૮

શ્રી કલોલવાસી જિજ્ઞાસુ શ્રી કુંવરજી પ્રત્યે,



નિરંતર જેને અભેદધ્યાન વર્તે છે, એવા શ્રી બોધપુરુષના યથાયોગ્ય વાંચશો. અત્ર ભાવ પ્રત્યે તો સમાધિ વર્તે છે; અને બાહ્ય પ્રત્યે ઉપાધિજોગ વર્તે છે; તમારાં આવેલાં ત્રણ પત્રો પ્રાપ્ત થયાં છે, અને તે કારણથી પ્રત્યુત્તર લખ્યો નથી.

આ કાળનું વિષમપણું એવું છે કે જેને વિષે ઘણા વખત સુધી સત્સંગનું સેવન થયું હોય તો જીવને વિષેથી લોકભાવના ઓછી થાય; અથવા લય પામે. લોકભાવનાના આવરણને લીધે પરમાર્થભાવના પ્રત્યે જીવને ઉલ્લાસપરિણતિ થાય નહીં, અને ત્યાં સુધી લોકસહવાસ તે ભવરૂપ હોય છે.

સત્સંગનું સેવન જે નિરંતરપણે ઇચ્છે છે, એવા મુમુક્ષુ જીવને જ્યાં સુધી તે જોગનો વિરહ રહે ત્યાં સુધી દૃઢભાવે તે ભાવના ઇચ્છી પ્રત્યેક કાર્ય કરતાં વિચારથી વર્તી, પોતાને વિષે લઘુપણું માન્ય કરી, પોતાના જોવામાં આવે તે દોષ પ્રત્યે નિવૃત્તિ ઇચ્છી, સરળપણે વર્ત્યા કરવું; અને જે કાર્યે કરી તે ભાવનાની ઉન્નતિ થાય એવી જ્ઞાનવાર્તા કે જ્ઞાનલેખ કે ગ્રંથનું કંઇ કંઇ વિચારવું રાખવું, તે યોગ્ય છે.

ઉપર જણાવી છે જે વાર્તા, તેને વિષે બાધ કરનારા એવા ઘણા પ્રસંગ તમ જીવોને વર્તે છે, એમ જાણીએ છીએ; તથાપિ તે તે બાધ કરનારા પ્રસંગ પ્રત્યે જેમ બને તેમ સદ્ઉપયોગે વિચારી વર્તવાનું ઇચ્છવું, તે અનુક્રમે બને એવું છે. કોઇ પ્રકારે મનને વિષે સંતાપ પામવા યોગ્ય નથી, પુરુષાર્થ જે કંઇ થાય તે કરવાની દૃઢ ઇચ્છા રાખવી યોગ્ય છે; અને પરમ એવું જે બોધસ્વરૂપ છે તેનું જેને ઓળખાણ છે, એવા પુરુષે તો નિરંતર તેમ વર્ત્યાના પુરુષાર્થને વિષે મુંઝાવું યોગ્ય નથી.

અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી, તે પ્રાપ્તપણાને વિષે અમુક કાળ વ્યતીત થાય તો હાનિ નથી. માત્ર અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી, તેને વિષે ભ્રાંતિ થાય, ભૂલ થાય તે હાનિ છે. જો પરમ એવું જ્ઞાનીનું સ્વરૂપ ભાસ્યમાન થયું છે, તો પછી તેના માર્ગને વિષે અનુક્રમે જીવનું પ્રવેશપણું થાય એ સરળ પ્રકારે સમજાય એવી વાર્તા છે.

રૂડે પ્રકારે મન વર્તે એમ વર્તો. વિયોગ છે, તો તેમાં કલ્યાણનો પણ વિયોગ છે, એ વાર્તા સત્ય છે, તથાપિ જો જ્ઞાનીના વિયોગમાં પણ તેને જ વિષે ચિત્ત વર્તે છે, તો કલ્યાણ છે. ધીરજનો ત્યાગ કરવાને યોગ્ય નથી.

## પત્રાંક-૨૨૯

મુંબઇ, ફાલ્ગુન, ૧૯૪૭

અનંતકાળથી જીવને અસત્ વાસનાનો અભ્યાસ છે. તેમાં એકદમ સત્ સંબંધી સંસ્કાર સ્થિત થતા નથી. જેમ મલિન દર્પણને વિષે યથાયોગ્ય પ્રતિબિંબદર્શન થઇ શકતું નથી, તેમ અસત્ વાસનાવાળા ચિત્તને વિષે પણ સત્ સંબંધી સંસ્કાર યથાયોગ્ય પ્રતિબિંબિત થતા નથી; ક્વચિત્ અંશે થાય છે, ત્યાં જીવ પાછો અનંત કાળનો જે મિથ્યા અભ્યાસ છે, તેના વિકલ્પમાં પડી જાય છે. એટલે તે ક્વચિત્ સત્‌ના અંશો પર આવરણ આવે છે. સત્ સંબંધી સંસ્કારોની દૃઢતા થવા સર્વ પ્રકારે લોકલજ્જાની ઉપેક્ષા કરી સત્સંગનો પરિચય કરવો શ્રેયસ્કર છે. લોકલજ્જા તો કોઇ મોટા કારણમાં સર્વ પ્રકારે ત્યાગવી પડે છે. સામાન્ય રીતે સત્સંગનો લોકસમુદાયમાં તિરસ્કાર નથી, જેથી લજ્જા દુઃખદાયક થતી નથી. માત્ર ચિત્તને વિષે સત્સંગના લાભનો વિચાર કરી નિરંતર અભ્યાસ કરવો; તો પરમાર્થને વિષે દૃઢતા થાય છે.

# રાગ-દ્વેષને કેવી રીતે જીતવા ?

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



રાગ અને દ્વેષ તે સંપૂર્ણ રીતે જીતવા તો કઠિન છે પણ જો આપણે સત્પુરુષાર્થ કરીએ તો તે ધીમે ધીમે ઘટે-ઘટે અને પછી કોઈ ભવમાં મટે. કાંઈ ચપટી વગાડતા એકદમ તે ઘટી જાય તેમ નથી. રાગ એટલે જગતના પ્રસંગો, પ્રકારો, પદાર્થો અને વ્યક્તિઓ અનુકૂળ લાગે, તેમના પ્રત્યે પ્રીતિ થાય અને આ બધા પ્રતિકૂળ લાગે, તેમના પ્રત્યે અણગમો થાય, અભાવ થાય તેનું નામ દ્વેષ. આ રાગ અને દ્વેષરૂપી બે ચક્ર પર જીવનું સંસારપરિભ્રમણ રચાયેલું છે. હવે કોઈને એમ પ્રશ્ન થાય કે મારે રાગ-દ્વેષ કરવાં નથી તો પણ તે થાય છે તેનું કારણ શું? તેના જવાબમાં પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે,

**"અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;**
**સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન."**
**"રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;**
**થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ."**

રાગ-દ્વેષનું મૂળ અજ્ઞાન, અવિદ્યા, મિથ્યાત્વ છે. તે મટે તો જ રાગ-દ્વેષ જાય. અજ્ઞાનના નાશ માટે સતત જાગૃતિ, પ્રયત્ન, ધીરજ, સાહસ અને પરાક્રમ જોઈએ. અનંતકાળથી નહિ પ્રાપ્ત થયેલું. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું સહેલું નથી છતાં પણ ભગવાન કહે છે કે તેને પ્રાપ્ત કરવું સહેલું છે. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું કઠિન છે કારણકે અનંતકાળ વીતી ગયો તો પણ આત્મજ્ઞાન થયું નથી અને તેને પ્રાપ્ત કરવું કોઈ અપેક્ષાએ સરળ છે, કારણકે તેને પ્રાપ્ત કરવા માટે બહારની કોઈ વસ્તુ એમાં દખલ કરી શકતી નથી. આત્માનું જ્ઞાન એટલે પોતાનું સાચા સ્વરૂપનું જ્ઞાન. મારા ખિસ્સામાં કેટલા પૈસા છે તે જાણવું મારા માટે સહેલું છે, પણ જો બીજાના ખિસ્સામાં હાથ નાખું તો ?જેલમાં જવાય. આત્મજ્ઞાનની પ્રાપ્તિ સ્વાધીન છે, પરાધીન નહીં. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા જ્ઞાનીપુરુષો આપણને માર્ગદર્શન આપે છે, પરંતુ તે અનુસાર ચાલવાનું તો આપણે જાતે જ છે. પરમ તત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે,

**"પ્રથમ આત્મસિદ્ધિ થવા,**
**કરીએ જ્ઞાન વિચાર;**
**અનુભવી ગુરુને સેવીએ,**
**બુધજનનો નિર્ધાર."**

આ કથન જ્ઞાનની મુખ્યતાથી કહ્યું છે. હવે, ચારિત્રની મુખ્યતાથી કહે છે કે સમ્યગ્દર્શન, સમ્યકજ્ઞાન, સમ્યક્ચારિત્ર-ત્રણે ભેગાં મળે ત્યારે મોક્ષમાર્ગ પ્રગટ થાય. કષાયના ઉદ્વેગથી કષાયનો નાશ ન થાય પણ શાંતપણું, ધીરજ, એકાગ્રતાદિ ઘણા ગુણો ભેગાં કરીએ ત્યારે સર્વોત્તમ ધ્યેયની પ્રાપ્તિ થાય છે. 'અંતિમ સંદેશ'માં પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે,

**"મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;**
**કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર."**

જેમ શીરો બનાવવો હોય તો લોટ, ગોળ, ઘી, પાણી, વાસણાદિ ઘણી વસ્તુઓ હોય તો શીરો બને છે, તેમ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તેના માટે ભિન્ન સાધન પણ છે અને અભિન્ન સાધન પણ છે. જેને સદ્વાંચનની રુચિ નથી, જેને સંતો-ભગવંતોની વાણી ગમતી નથી તેને આત્મજ્ઞાન થઈ શકે નહીં કેમકે આ કાળે, આ ક્ષેત્રે બાર તપ-છ બહિરંગ તપ અને છ અંતરંગ તપમાં ઉત્કૃષ્ટ તપ તે સ્વાધ્યાય છે. બીજા તપનો સ્વીકાર છે પણ રાજા તપ તે સ્વાધ્યાય છે. શ્રીગુરુ કહે છે કે આત્માના લક્ષે ભગવાનની વાણીનો વિચાર કરવો. વાંચના, પૃચ્છના કરી જ્ઞાનાર્જન દ્વારા આત્માને જાગૃત રાખવો. સંતો કહે છે કે,

**"અબ જાગ મુસાફિર ભોર ભઈ,**
**અબ રૈન કહાં જો સોવત હૈ;**
**જો સોવત હૈ સો ખોવત હૈ,**
**જો જાગત હૈ સો પાવત હૈ."**

આવો અમૂલ્ય માનવભવ આપણને સૂવા માટે નથી મળ્યો પણ સુવિચાર કરવા મળ્યો છે, પણ આપણને તે સુવિચારણા કેવી રીતે થાય? કારણ કે આપણને સવારે ઉઠીએ ત્યારથી દુકાન કે ફેક્ટરી જ દેખાય છે! માટે ટકોર કરવા આપણા માથે કોઈ હોવું જોઈએ.

**"અનુભવી ગુરુને સેવીએ, બુધજનનો નિર્ધાર"**

આ જીવ નિર્ણય કરે તો જ ધર્મ થાય, નહીં તો સમય મળે ત્યારે લોકો તો ક્લબમાં લઈ જશે, ટી.વી. દેખાડશે પરંતુ આપણે દુનિયાની વાતોમાં ન આવતાં ભગવાનની વાત સાંભળવી અને પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરવો. આખા દિવસનો હિસાબ રાખવો કે આજે મેં સવાર, બપોર, સાંજે શું કર્યું ? 'આલોચના પાઠ'માં આવે છે કે,

**"ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સુમિરન કો ચાવ;**
**નરભવ સફલો જો કરે, દાન, શીલ, તપ, ભાવ."**

સ્વાધ્યાયહૉલમાં બેસીએ ત્યારે સ્વાધ્યાય-દાન અદિ ધર્મ કરવો, બહાર નહીં!! તો શું ભાઈ તું સ્વાધ્યાયહૉલમાં હોય ત્યારે જ આત્મા છે, બહાર નહીં? એટલે કે સાધનાકેન્દ્રમાં વિશેષ ધર્મ કરવાનો અને દુકાને, ઑફિસમાં ધર્મ નહિ કરવાનો, શું એવું છે? ના, ધર્મ તો સતત ચોવીસ કલાક કરવાનો છે. આપણે અંતરમાં નિશ્ચય, દૃષ્ટિ, ભાવ તો ચોવીસ કલાક ધર્મ કરવાનો રાખવો, ભલે તેમ થઈ ન શકે પણ ભાવના તો રહેવી જોઈએ. કામ કરતાં ધર્મ કેવી રીતે કરવો તેની રીત અધ્યાત્મ યોગીશ્વર શ્રી આનંદઘનજી આપણને બતાવે છે,

**"ઉદરભરણ કે કારણે રે ગૌઆ વનમેં જાય,**
**ચારો ચરે ચહુ દિશી ફીરે,**
**એનું ચિત્તડું વાછરડાં માંય,**
**મનાજિ તું તો જિનચરણે ચિત્ત લાય..."**

માતાનું ઉદાહરણ શ્રેષ્ઠ છે. તે ઘરનું બધું કામ કરતાં પણ નિરંતર સંતાનમાં ચિત્ત રાખે છે. તેમ દેશ, કાળ ભલે બદલાય પણ દૃષ્ટિ બદલાતી નથી. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કહે છે કે,

**"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;**
**પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત."**

વર્ષમાં ૧૫ દિવસ રજા લઈને એકાંતમાં, સત્સંગમાં, સંતોના સમાગમમાં, સ્વાધ્યાય - પ્રવચનમાં, પરમાત્માની ભક્તિમાં, સંતોની સેવામાં અને પરોપકારના કાર્યોમાં સમય વાપરવો જ જોઈએ. જો એ પ્રમાણે જીવન ન જીવાય તો ભગવાન કહે છે કે તું હજુ ગૃહસ્થધર્મમાં પણ નથી. વીતરાગદશા પ્રગટ ન થવામાં સૌથી મોટા દુશ્મન છે-અજ્ઞાન, અશ્રદ્ધા, પ્રમાદ. આપણે બધા છીએ અજ્ઞાની પણ માનીએ છીએ કે હું મોટો જ્ઞાની છું! તો પછી જ્ઞાન-પ્રાપ્તિનો પુરુષાર્થ કેવી રીતે કરીશું? મોટા આચાર્ય ભગવંતો પણ હજુ કેવળજ્ઞાન પ્રગટ્યું નથી માટે પોતાને અલ્પજ્ઞ કહે છે અને આપણે કહીએ છીએ કે સાહેબ, મારે તો લીલાલહેર છે!, મારે કાંઈ જોઈતું નથી, તમારે કાંઈ જોઈતું હોય તો કહેજો. જ્ઞાનીઓ કહે છે કે ભાઈ! પોતાના (નિજ) સ્વરૂપને જાણ્યા વિના સુખ કેવી રીતે પ્રાપ્ત થાય. જો અજ્ઞાન ઘટે તો, તુરત જ રાગ-દ્વેષ અડધા ઘટી જાય. રાગ-દ્વેષ કર્મ છે, તેને હણે તે ધર્મ છે. ધર્મની સુંદર વ્યાખ્યા પરમ-વૈરાગી, શ્રીમદ્ કાર્તિકેયસ્વામીએ 'કાર્તિકેયાનુપ્રેક્ષા' શાસ્ત્રમાં આપી છે. આપણે તેને ઉલટા ક્રમથી વિચારીશું.

**જીવાનાં રક્ષણો ધર્મ: :-**

આપણે કોઈપણ જીવને ત્રાસ આપવો જોઈએ નહીં. આપણે કીડીને તો બચાવીએ છીએ પણ ઘરમાં વહુને હેરાન કરીએ, દુકાનમાં ઘરાકને છેતરીએ, નોકરોને ત્રાસ આપીએ તો અંતરમાં વિચારવું કે હું સાચો મુમુક્ષુ છું? કેમકે નાના જીવોને તો બચાવીએ છીએ અને પંચેન્દ્રિય સંજ્ઞીને દુ:ખી કરીએ આ તે કેવો ન્યાય? બીજા જીવને દુ:ખી કરો તે પહેલા તમે પોતાના આત્માનો ઘાત કરો છો શું એવું તમને લાગે છે? તમને તો એમ થાય કે સાહેબ, ક્રોધ કરી સામેવાળાને સીધો કરી દઈએ એમાં અમને તો મઝા આવે, આમાં તે વળી દુ:ખ કેવું? તેનો જવાબ પરમ તત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રીઆત્મસિદ્ધિ શાસ્ત્રમાં આપ્યો છે,

**"કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;**
**પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ?"**

આવો અદ્ભુત જ્ઞાનીનો બોધ પ્રાપ્ત કરી આપણે જીવમાત્ર પ્રત્યે દયાભાવ રાખવો. ઘરમાં ઝઘડા કરવા નહીં, હું મોટો શેઠ છું એમ માનવું

નહીં, પ્રેમથી રહેવું. મહાવીર ભગવાને ધર્મની સર્વોત્કૃષ્ટ વ્યાખ્યા સૂત્ર રૂપે આપી છે. **"अहिंसा परमो धर्मः।"**

**क्षमादि भावः च दशविध धर्मः :-**

આત્માના ક્ષમા, વિનય, સરળતા, સત્ય, શૌચ(પવિત્રતા), સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય આ દશ મુખ્ય ગુણો છે. આમતો આત્મા અનંતગુણોનો પિંડ છે, પરંતુ આ દશમાંથી કોઈપણ ગુણ જો આત્મામાં પ્રગટે તો તેની અસર અનંતગુણો પર થાય છે. પ્રત્યેક ગુણનું પરિણમન સ્વતંત્ર છે, આમ છતાં તેઓ એકબીજાની સાપેક્ષ છે, નિરપેક્ષ નહીં. ક્ષમાવાન હોય તેનામાં વિનયઆદિ ગુણો નિયમથી વધતા-ઓછા પ્રમાણમાં હોય જ. આ ગુણો જીવને ઉત્તમ પાત્રતા પ્રાપ્ત કરાવે. આવો જીવ મહાન ધર્માત્મા થાય અને રાગ-દ્વેષનો અભાવ થઈ પરમશાંત આનંદ દશાનો અનુભવ કરે. પ્રાણીમાત્રને સુખ જોઈએ છે, તેની પ્રાપ્તિ અર્થે જ તે દરેક કાર્ય કરે છે પણ આપણે એવી જાગૃતિ રાખવી કે પોતાના આત્માને ભૂલી જવાય અને બીજાના આત્માને દુઃખ થાય અને કર્મબંધ વિશેષ થાય એવી કોઈપણ ક્રિયા આનંદ મેળવવા માટે કરવી નહીં. આ કાળે આપણે સર્વપ્રકારે બંધનો અભાવ કરી શકીએ એવી શક્તિ ધરાવતા નથી પણ પાપનો બંધ થાય એવી ક્રિયાનો તો સર્વથા ત્યાગ જ કરવા ઉદ્યમી બનવું. ધર્મ કાંઈ ચોપડીમાં નથી પણ તે આપણા રોજિંદા જીવનમાં આવવો જોઈએ તો આપણું કલ્યાણ થાય.

**रत्नत्रयं च धर्मः :-**

સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન અને સાચું ચારિત્ર આ ત્રણ રત્નો છે. આ ત્રણેને જીવનમાં કેળવવાનો અભ્યાસ કરવો. આ કપડાં, ઘર કે શરીર મારા નથી તેવી શ્રદ્ધા કરવી અને કોઈ પર મોહ કરવો નહીં. અત્યારે આપણી ભૂમિકા નીચી છે. માટે આપણે ઘર, કુટુંબાદિનો ત્યાગ કરી શકતા નથી તો કાંઈ વાંધો નહિ પણ અંદર એવી શ્રદ્ધા તો જરૂર કરવી કે આમાંથી કાંઈપણ મારું નથી. એક મારા આત્મા સિવાય જગતનો કોઈ પદાર્થ મારો નથી આ નિશ્ચયથી કથન છે અને વ્યવહારમાં સત્દેવ-ગુરુ-ધર્મ જ મારા માટે શરણરૂપ છે. જગતમાં બીજું કોઈ મારે શરણરૂપ નથી. ભીતરથી એ પણ શ્રદ્ધા છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર પણ નિશ્ચયથી મારા નથી પરંતુ મારે વિશુદ્ધ થવું છે અને તેમનું અવલંબન તે પરોક્ષરૂપથી મારા જ આત્માનું અવલંબન છે કારણકે આત્મા તે ગુણોનો બનેલ છે અને ભગવાનના ગુણોનું ચિંતન તે પણ આત્મચિંતન જ છે. તો આવી શ્રદ્ધા દૃઢ કરવી.

**સાચું જ્ઞાન :-**

સાચું જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રથમ તો દરરોજ સ્વાધ્યાય કરવાનો નિયમ કરવો. જ્ઞાન પુસ્તકમાંથી આવતું નથી પણ પોતાની જાગૃતિ અને સત્પાત્રતાથી તથા જેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેવા સદ્‌ગુરુદેવની કૃપાથી પ્રાપ્ત થાય છે. પરતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'મૂળમાર્ગ રહસ્ય'માં જ્ઞાનની વ્યાખ્યા આપતા કહ્યું છે કે,

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે,**
**ઉપયોગી સદા અવિનાશ. મૂળ.**
**એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે,**
**કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ."**

સ્વાધ્યાય કરવો તે સારું છે પણ સ્વાધ્યાયનું સ્વરૂપ શું છે તે સત્પુરુષ પાસે પ્રથમ સમજવું જોઈએ. ગુરુગમ વિના જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી.

"બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત;
સેવે સદ્‌ગુરુ કે ચરણ, સો પાવે સાક્ષાત્."

**સાચું આચરણ :-**

શ્રી દેવ-ગુરુ-શાસ્ત્રની સાક્ષીએ પ્રતિજ્ઞા કરવી કે હું મોટા પાપ કરીશ નહીં. જીવનમાં નાના નાના નિયમો લેવાથી ધીરે આત્મામાં ચારિત્ર ગુણનો વિકાસ થાય છે. આ બધું વ્યવહાર ચારિત્ર છે અને નિશ્ચય ચારિત્ર તો શુદ્ધોપયોગી મુનિને હોય છે. આપણે દરરોજ પંદર મિનિટ શાંત ચિત્ત કરતાં શીખવું જોઈએ અને પરમાત્માનું સ્મરણ મંત્રના માધ્યમથી કરવું તથા સાથે સાથે આત્માના ગુણોનું ચિંતન કરવું, શાંત થતાં શીખવું, શાંત જીવન જીવતા શીખવું, જતું કરતા શીખવું તથા જીવનમાં "ચાલશે, ફાવશે, ભાવશે અને ગમશે" આ સૂત્ર ઉતારવું. કોઈપણ ઘટના વિશેષથી 'અપસેટ' થવું નહીં. સુખમાં છકી જાય અને દુઃખમાં ડરી જાય તે અજ્ઞાની છે કારણ કે સુખ અને દુઃખ તે બન્ને મનની કલ્પના છે. વાસ્તવમાં સાચું સુખ તો આત્મામાં જ છે. સુખ-દુઃખ કાયમ રહેતાં નથી. શાશ્વત સુખની પ્રાપ્તિ માટે સાચી સમજણ અને સમતા કાયમ રાખીએ તો રાગ-દ્વેષ જિતાય અને સમતાભાવનો અભ્યાસ કરતાં રાગ-દ્વેષ ઘટતાં એક દિવસ સંપૂર્ણપણે મટી જશે અને આપણો આત્મા પરમાત્મા થઈ જશે. આમ, ગુરુગમ દ્વારા આવી શ્રદ્ધા કરી આપણા જીવનને ઉન્નત અને પવિત્ર બનાવવાનો પ્રામાણિક પુરુષાર્થ કરવો.

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

શ્રી જુગલકિશોરજી મુખ્તાર 'યુગવીર' વિરચિત

# મેરી ભાવના - એક અનુચિંતન

(આધારઃ પૂજ્યશ્રી આત્માનંદજી કૃત વિવેચન)

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

અગિયાર કડીઓમાં રચાયેલા આ હિન્દી કાવ્યની રચના સમીપવર્તી વિદ્વદ્વર્ય શ્રી જુગલકિશોરજી મુખ્તારે લગભગ ૮૦-૮૫ વર્ષ પહેલા કરી હતી. આ કાવ્યની ભાવના અતિ ઉત્તમ છે. તેની દેશ-વિદેશની વિવિધ ભાષાઓમાં લગભગ ૫૦ લાખથી ઉપર પ્રતો છપાઇ છે. આ પદને વિશિષ્ટ સંગીતજ્ઞો તથા સાધકો દ્વારા ટેપરેકોર્ડમાં ઉતારવામાં આવ્યું છે, જેથી તે ખૂબ લોકપ્રિય બન્યું છે. આપણે તેનો શબ્દાર્થ-ભાવાર્થ અને પરમાર્થ સમજી તેમાં કહેલાં ભાવોનું ચિંતન-મનન-પ્રતીતિ કરી તેના આશયને જીવનમાં ઉતારવાનો પુરુષાર્થ કરીએ એ જ ભાવના.

શ્રી જુગલકિશોરજી મુખ્તાર 'યુગવીર' (ઉપનામ) જૈન સમાજમાં એક વિદ્વાન સાહિત્યકાર અને સાહિત્યસમાલોચક તરીકેની પોતાની અમીટ છાપ મૂકતા ગયા છે. તેમના જીવનમાંથી આપણને ઘણું શીખવાનું મળે છે. તેમનું જીવનચરિત્ર જેમણે વાંચવું હોય તેઓએ પૂજ્ય શ્રદ્ધેયશ્રી આત્માનંદજી સાહેબજી વિરચિત 'અર્વાચીન જૈન જ્યોતિર્ધરો'નું અવલોકન કરવું.

આટલી પૂર્વભૂમિકાસહ આપણે 'મેરી ભાવના' એક અમર હિંદી રચનાનું અનુચિંતન-અનુશીલન કરીએ.

(ગાથા-૧)

**जिसने रागद्वेष कामादिक जीते,**
**सब जग जान लिया,**
**सब जीवों को मोक्षमार्गका**
**निःस्पृह हो उपदेश दिया;**
**बुद्ध, वीर, जिन, हरि, हर, ब्रह्मा**
**या उसको स्वाधीन कहो,**
**भक्तिभाव से प्रेरित हो**
**यह चित्त उसीमें लीन रहो ।**

ઉપરોક્ત ગાથામાં કવિએ પરમાત્માના ત્રણ મુખ્ય લક્ષણો દ્વારા મંગલાચરણ કરીને તેમનામાં જ ચિત્તને લીન કરી ભક્તિભાવથી પ્રણામ કર્યા છે.

"જિનવર ચરણકમળે નમે, જે પરમભક્તિ રાગથી,
તે જન્મવેલી મૂળ છેદે, ભાવ ઉત્તમ શસ્ત્રથી."

**- શ્રી કુંદકુંદાચાર્ય ભાવપાહુડ-૧૫૩**

**પરમાત્મા = ઉત્કૃષ્ટ આત્માના ત્રણ લક્ષણો :**

**(૧) વીતરાગ :** રાગદ્વેષને સંપૂર્ણપણે જીતી લીધા છે.

**(૨) સર્વજ્ઞ :** વિશ્વના સર્વ પદાર્થોને ભૂત, વર્તમાન અને ભવિષ્યની પર્યાય સહિત સહજપણે (કેવળજ્ઞાન વડે) જાણી લીધા છે.

**(૩) હિતોપદેશક :** સર્વ જીવનું કલ્યાણ થાય તે માટે નિઃસ્પૃહતાથી ઉપદેશ આપ્યો છે. (પૂર્વે તીર્થંકરનામ બાંધેલું તેનો ઉદય થવાથી પરમાત્માની વાણી સહજ પ્રવહે છે.)

હવે આગળની એક લીટીમાં આવા પરમાત્માના બીજા નામ કહે છે :

**બુદ્ધ :** જેમનું જ્ઞાન સંપૂર્ણ છે.

**વીર :** અતિ દુષ્કરતાથી જિતાવા યોગ્ય એવા કામક્રોધાદિ વિકારોને હરાવી દીધા હોવાથી તેઓ વીર છે.

**જિન :** જેમણે સમસ્ત ઇન્દ્રિયો, મન અને કર્મોરૂપી શત્રુઓને જીતી લીધા છે તેથી જિન છે.

**હરિ :** સર્વપ્રકારના પાપ અને તાપને હરી લેનારા છે એટલે હરિ છે.

**હર-શિવ :** એટલે પરમકલ્યાણ-નિર્વાણને પામ્યા છે એટલે હર અથવા મહાદેવ છે.

**બ્રહ્મા :** સંસારસાગર તરવા માટેનો રત્નત્રયરૂપ માર્ગ તેના વિધાતા હોવાથી બ્રહ્મા છે.

**સ્વાધીન :** તેઓ પોતે સ્વયં પોતાનાથી જ અનંત સુખથી તૃપ્ત છે. તેમને કોઈના અવલંબનની જરૂર નથી તેથી સ્વાધીન છે.

આવા પરમાત્મામાં લીન થવું તે પરાભક્તિ અથવા પ્રેમસમાધિ છે.

**સકલ પરમાત્માની બીજી વ્યાખ્યાઓ :**

★ બોલ્યા વિણ પણ ભારતી
ૠદ્ધિ જ્યાં જયવંત,
ઈચ્છા વિણ પણ જેહ છે,
તીર્થંકર ભગવંત;
વંદુ તે સકલાત્મને,
શ્રી તીર્થેશ જિનેશ,
સુગત તથા જે વિષ્ણુ છે,
બ્રહ્મા તેમ મહેશ.

**- શ્રી સમાધિશતક ગાથા-૨ (ગુજરાતી અનુવાદ)**

વિષ્ણુ = જે જ્ઞાનગુણ દ્વારા લોકાલોકમાં વ્યાપ્ત છે.

સુગત = સુ=ઉત્તમ, ગત= જ્ઞાન. જેઓએ ઉત્તમ જ્ઞાન પ્રગટાવ્યું છે, અથવા જે અવિનશ્વર મુક્તિપદને પામ્યા છે તે.

ભારતી=દિવ્યધ્વનિ

**ભગવાનની સૈદ્ધાંતિક વ્યાખ્યાઓ :**

ઘનઘાતી કર્મ વિહીન ને, ચોત્રીસ અતિશય યુક્ત છે,
કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ, યુક્તશ્રી અરિહંત છે.

**- શ્રી નિયમસાર-૭૧**

**શબ્દાર્થ :** જેમણે ચાર ઘાતીકર્મોનો (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય) નાશ કર્યો છે, ૩૪ અતિશયથી યુક્ત છે અને કેવળજ્ઞાન આદિ પરમગુણોથી યુક્ત છે. તે અર્હંત (દેહ સહિત પરમાત્મા-તીર્થંકર આદિ છે)

★ नष्टचतुर्घाति कर्मा दर्शनसुखज्ञानवीर्यमयः
शुभदेहस्थ आत्मा शुद्धः अर्हन विचिन्तनीयः

**- શ્રી બૃહદ્ દ્રવ્યસંગ્રહ-૫૦**

**ગુજરાતી ગદ્યાનુવાદ :**

ચાર ઘાતીકર્મો જેમણે નષ્ટ કર્યા છે, જે અનંત દર્શન-સુખ-જ્ઞાન-વીર્યમય છે, જે ઉત્તમ દેહમાં બિરાજમાન છે અને જે શુદ્ધ છે, (ક્ષુધા, તૃષા, ઘડપણ, રોગ, જન્મ, મરણ, ભય, ગર્વ, મોહ, રાગ, દ્વેષ, શોક, નિદ્રા, ચિંતા, સ્વેદ, આશ્ચર્ય, અરતિ, ખેદ વગેરે અઢાર દોષ રહિત છે) એવો આત્મા અર્હંત છે. તેમનું ધ્યાન કરવા યોગ્ય છે.

ઉપર જે વ્યાખ્યાઓ કરી છે તે સકલ પરમાત્મા એટલે દેહ સહિત પરમાત્માની છે. આયુષ્ય પૂર્ણ થયે પરમાત્મા દેહને છોડી સિદ્ધાલય ગમન કરે છે, જ્યાં અનંતકાળ સુધી અનંતજ્ઞાન, અનંત સુખનો ભોગવટો કરે છે. તેઓને 'સિદ્ધ પરમાત્મા' કહીએ છીએ.

મુમુક્ષુ-સાધકને ધ્યાન માટે સકલ પરમાત્મા-દેહ સહિત પરમાત્મા વિશેષ અવલંબનરૂપ છે. સાકાર પરમાત્મા સાથે અનુરાગ-પ્રેમ-ભક્તિ સહજતાથી થઈ શકે છે.

પરમાત્માના અલૌકિક દિવ્ય સ્વરૂપનું વર્ણન સ્વયં પરમાત્મા પણ કરી શકતા નથી. તો અન્યવાણી શું કહે ?

★ જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો ;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

અત્રે પ્રથમ ગાથાના અનુચિંતન ને વિરામ આપીએ છીએ. ભૂલચૂક મિચ્છા મિ દુક્કડમ્.

**- શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ**

●●●

(ક્રમશ:)

# સમ્યક્ તપ (ક્રમાંક-૨૦)

**બા.બ્ર. સુરેશજી**

## (૩) વિપાકવિચય ધર્મધ્યાન

ફળને વિપાક કહે છે તથા વિચય વિચારને કહે છે અર્થાત્ "કર્મોના શુભાશુભ વિપાક (ફળ) નું ચિંતન કરવું વિપાકવિચય ધર્મધ્યાન કહેવાય છે." આ ધ્યાનમાં કર્મોના સ્વરૂપ, કર્મોના ભેદ-પ્રભેદ, કર્મોના ફળ ઇત્યાદિનું ચિંતન કરવામાં આવે છે. પછી અંતમાં કર્મરહિત પોતાના સિદ્ધસમાન દ્રવ્ય સ્વરૂપનું ચિંતન કરવામાં આવે છે. તેની થોડી ઝલક આ પ્રમાણે છે :-

"જીવના જ્ઞાનાદિ ગુણોને આવરિત કરનારા વિશિષ્ટ પુદ્ગલ પરમાણુઓ (કર્મરૂપ થવા યોગ્ય પુદ્ગલો) ને કર્મ કહે છે." એક કર્મ અનંત પુદ્ગલ પરમાણુઓથી બનેલું હોય છે. કર્મોના સમૂહને કાર્મણવર્ગણા કહે છે. આ કાર્મણવર્ગણાના પરમાણુ જ કર્મરૂપ થાય છે, અન્ય નહીં. કાર્મણવર્ગણાઓના પરમાણુ આપણા આત્મપ્રદેશો ઉપર પહેલેથી જ છે પરંતુ તે સમયે તે કર્મરૂપ હોતા નથી અર્થાત્ આત્માના ગુણોને આવરિત કરતાં નથી. જ્યારે જીવ પૂર્વ કર્મોદયનું નિમિત્ત પામીને રાગ-દ્વેષાદિ વિભાવ કરે છે ત્યારે તે કાર્મણ વર્ગણાના પરમાણુ જે અકર્મરૂપમાં છે તે કર્મરૂપમાં પરિવર્તિત થઇ જાય છે તથા આત્માને બંધનમાં નાંખે છે. જીવે જેટલી તીવ્રતા કે મંદતાથી ભાવ કર્યા હોય તેના આધારે આત્મા પર પ્રત્યેક કર્મનો કર્મરૂપે રહેવાનો કાળ (સ્થિતિ) અને તેની ફળ આપવાની શક્તિ નિશ્ચિત થાય છે. જ્યાં સુધી કાળ પૂરો નથી થતો ત્યાં સુધી ફળ આપ્યા વિના સત્તામાં પડ્યા રહે છે, જ્યારે કાળ(સ્થિતિ) પૂરો થાય ત્યારે ઉદયમાં આવીને ફળ આપી નિર્જરીત થઇ જાય છે. કર્મ અનંત પ્રકારના છે પરંતુ તે બધાને તેમના સ્વભાવવિશેષના આધારે આઠ શ્રેણીઓમાં વહેંચ્યા છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, આયુ, નામ, ગોત્ર અને વેદનીય. આમાં પ્રથમ ચાર ને ઘાતીકર્મ કહે છે કારણ કે તે આત્માના જ્ઞાનાદિ અનુજીવી ગુણોનો ઘાત કરે છે તથા શેષ ચાર અઘાતી કર્મ છે કારણ કે તે આત્માના અવગાહનત્વાદિ પ્રતિજીવી ગુણોનો ઘાત કરે છે.

જ્ઞાનને આવરિત કરનાર કર્મોને **જ્ઞાનાવરણીય** કહે છે. તેના પાંચ પ્રકાર છેઃ ઇન્દ્રિય અને મનની સહાયતાથી વસ્તુનું સામાન્ય જ્ઞાન કરવું મતિજ્ઞાન છે, તે મતિજ્ઞાનને આવરિત કરનાર કર્મ મતિજ્ઞાનાવરણીય છે. મતિજ્ઞાનથી જાણેલ પદાર્થને મનની સહાયતાથી વિશેષરૂપે જાણવો શ્રુતજ્ઞાન છે, શ્રુતજ્ઞાન ને આવરિત કરનાર કર્મ તે શ્રુતજ્ઞાનાવરણીય છે. પોતાની નિયત મર્યાદામાં ઇન્દ્રિયો અને મનની સહાયતા વિના આત્મશક્તિથી રૂપી પદાર્થને જાણવું તે અવધિજ્ઞાન છે, અવધિજ્ઞાનને આવરિત કરનાર કર્મ અવધિજ્ઞાનાવરણીય છે. ઇન્દ્રિયો અને મનની સહાયતા વિના કોઇ અન્યના મનમાં ચિંતિત રૂપી પદાર્થને જાણવ મનઃપર્યયજ્ઞાન છે, મનઃપર્યયજ્ઞાનને જે આવરિત કરે છે, તે મનઃપર્યયજ્ઞાનાવરણીય કર્મ છે. સંપૂર્ણ લોકાલોકના સર્વ પદાર્થોને તેમની ભૂત-ભાવિ-વર્તમાન પર્યાયો સહિત યુગપત પ્રતિ સમય જાણનાર જ્ઞાનને કેવળજ્ઞાન કહે છે, તે કેવળજ્ઞાનને આવરિત કરનાર કર્મ કેવળજ્ઞાનાવરણીય કહેવાય છે.

વસ્તુનું સામાન્ય પ્રતિભાસ કરવાની શક્તિવિશેષને દર્શન કહે છે.તે દર્શનશક્તિને આવરિત કરનાર કર્મોને **દર્શનાવરણીય** કહે છે. તેના નવ પ્રકાર છેઃ આંખના નિમિત્તથી થનારા દર્શનને ચક્ષુદર્શન કહે છે. ચક્ષુદર્શનને રોકનાર કર્મ ચક્ષુદર્શનાવરણીય છે. આંખ સિવાય શેષ ચાર ઇન્દ્રિયો અને મનની સહાયતાથી થનાર વસ્તુના સામાન્ય પ્રતિભાસને અચક્ષુ દર્શન કહે છે, તેને રોકનાર કર્મને અચક્ષુદર્શનાવરણીય કહે છે. અવધિજ્ઞાન પહેલા થનારા દર્શનને અવધિદર્શન કહે છે, તેને રોકનાર કર્મોને અવધિદર્શનાવરણીય કહે છે. કેવળજ્ઞાનની સાથે થનારા લોકાલોકના દર્શનને કેવળદર્શન કહે છે,

તેને રોકનાર કર્મોને કેવળદર્શનાવરણીય કહે છે. જેનાથી નિદ્રા આવે છે તેને નિદ્રા દર્શનાવરણીય કહે છે. જેનાથી વારંવાર નિદ્રા આવે છે તેને નિદ્રા-નિદ્રા દર્શનાવરણીય કહે છે. ઊંઘમાં મોઢામાંથી લાળ ટપકવી, અંગ સંચાલન (હલન-ચલન) આદિ થવા પ્રચલા કહેવાય છે, તે જેનાથી થાય છે તેને પ્રચલાદર્શનાવરણીય કહે છે. ઊંઘમાં જોર-જોરથી બોલવું, વાતો કરવી, બબડવું આદિ પ્રચલા-પ્રચલા નિદ્રા કહેવાય છે. તે જે કર્મોના નિમિત્તથી થાય છે તેને પ્રચલા-પ્રચલા દર્શનાવરણીય કહે છે. ઊંઘમાં પોતાની સમાન્ય શક્તિથી ઘણું વધારે અનિષ્ટ કાર્ય કરીને આવી જવું અને તેની ખબર પણ ન હોય તેને સ્ત્યાનગૃદ્ધિ નિદ્રા કહે છે, તે જે કર્મના નિમિત્તથી થાય છે તેને સ્ત્યાનગૃદ્ધિ દર્શનાવરણીયકર્મ કહે છે.

જેના પ્રભાવથી જીવ મોહિત (ભ્રમિત) થઈને ચિત્ર-વિચિત્ર ચેષ્ટાઓ કરે છે તેને **મોહનીય** કર્મ કહે છે, જે સ્વરૂપ સ્થિરતા કરનાર ચારિત્ર ગુણનો ઘાત કરે છે. તેના મુખ્ય બે ભેદ છે - એક દર્શન મોહનીય તથા બીજું ચારિત્ર મોહનીય, તેના ૨૮ પ્રભેદ છે.

યથાર્થ તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં બાધક કર્મને મિથ્યાત્વ મોહનીય કર્મ કહે છે. મિથ્યાત્વ અને સમ્યક્ત્વના મિશ્ર (મળેલા) પરિણામોમાં જે નિમિત્ત છે તેને મિશ્ર મોહનીય કર્મ કહે છે. જેના ઉદયથી સમ્યક્ત્વમાં મલિનતા આવે છે તેને સમ્યક્ત્વ મોહનીય કર્મ કહે છે. આ ત્રણ દર્શન મોહનીયના ભેદ છે. ચારિત્ર મોહનીયના ૨૫ ભેદ છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલનના ક્રોધ, માન, માયા, લોભ એમ ૧૬ તથા હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષ વેદ, નપુંસક વેદ આ ૯ એમ ૧૬ + ૯ = ૨૫ પ્રકાર છે.

જેના નિમિત્તથી સત્યાર્થ દેવ, શાસ્ત્ર, ગુરુ, ધર્મ પ્રત્યે ક્રોધ કે અરુચિ થાય તે અનંતાનુબંધી ક્રોધકર્મ છે, જેના નિમિત્તથી સત્યાર્થ દેવ,શાસ્ત્ર, ગુરુ, ધર્મ પ્રત્યે અવિનયનો ભાવ થાય તે અનંતાનુબંધી માનકર્મ છે, જેના નિમિત્તથી સત્યાર્થ દેવ, શાસ્ત્ર, ગુરુ, ધર્મ પ્રત્યે માયાચારના ભાવ થાય તે અનંતાનુબંધી માયા કર્મ છે, જેના નિમિત્તથી સત્યાર્થ દેવ, શાસ્ત્ર, ગુરુ, ધર્મ ને માધ્યમ બનાવીને ઇચ્છાપૂર્તિ કરવાના ભાવ થાય તે અનંતાનુબંધી લોભકર્મ છે. જેના નિમિત્તથી દેશવ્રતો પ્રત્યે અરુચિ કે આવેશ થાય તે અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધકર્મ છે, જેના નિમિત્તથી દેશવ્રતો પ્રત્યે અવિનયનો ભાવ થાય તે અપ્રત્યાખ્યાનાવરણીય માનકર્મ છે, જેના નિમિત્તથી દેશવ્રતો પ્રત્યે માયાચારનો ભાવ થાય તે અપ્રત્યાખ્યાનાવરણીય માયાકર્મ છે, જેના નિમિત્તથી દેશવ્રતોને માધ્યમ બનાવીને પોતાની ઇચ્છાપૂર્તિના ભાવ થાય તે અપ્રત્યાખ્યાનાવરણીય લોભકર્મ છે. જેના નિમિત્તથી મહાવ્રતો પ્રત્યે સામાન્ય અરુચિ કે અનુત્સાહનો ભાવ થાય તે પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધકર્મ છે, જેના નિમિત્તથી મહાવ્રતો પ્રત્યે સામાન્ય અવિનયનો ભાવ થાય તે પ્રત્યાખ્યાનાવરણીય માનકર્મ છે, જેના નિમિત્તથી મહાવ્રતો પ્રત્યે સામાન્ય માયાચાર કરવાનો ભાવ થાય તે પ્રત્યાખ્યાનાવરણીય માયાકર્મ છે, જેના નિમિત્તથી મહાવ્રતોને જ માધ્યમ બનાવી પોતાની સામાન્ય ઇચ્છાપૂર્તિનો ભાવ થાય તે પ્રત્યાખ્યાનાવરણીય લોભકર્મ છે. જેના નિમિત્તથી પાણી પર દોરેલી રેખા જેવો કોમળતાયુક્ત ક્ષણિક આવેશભાવ થાય તે સંજ્વલન ક્રોધકર્મ છે, જેના નિમિત્તથી ક્ષણિક ગૌરવરૂપ મદ થાય તે સંજ્વલન માનકર્મ છે, જેના નિમિત્તથી ક્ષણિક સામાન્ય માયાચારના ભાવ થાય તે સંજ્વલન માયાકર્મ છે, જેના નિમિત્તથી ક્ષણિક ઇચ્છા થાય તે સંજ્વલન લોભકર્મ છે. જેના નિમિત્તથી હસવા કે ઉપહાસ (મશ્કરી) કરવાના ભાવ થાય તે હાસ્ય મોહનીયકર્મ છે, જેના નિમિત્તથી પર પદાર્થમાં પ્રીતિ થાય તે રતિમોહનીયકર્મ છે, જેના નિમિત્તથી પર પદાર્થો પ્રત્યે અણગમાનો ભાવ થાય તે અરતિમોહનીયકર્મ છે, જેના નિમત્તથી વિરહવેદના જાગે તે શોકમોહનીયકર્મ છે. જેના નિમિત્તથી ભય થાય તે ભયમોહનીયકર્મ છે, જેના નિમિત્તથી ગ્લાનિના ભાવ થાય અથવા બીજાના દોષ કાઢવાના ભાવ થાય તે જુગુપ્સા મોહનીયકર્મ છે, જેના નિમિત્તથી પુરૂષ સાથે રમણ કરવાના ભાવ જાગે તે સ્ત્રીવેદ મોહનીયકર્મ છે, જેના નિમિત્તથી સ્ત્રી સાથે રમણ કરવાના ભાવ જાગે તે પુરુષવેદ મોહનીય કર્મ

છે, જેના નિમિત્તથી સ્ત્રી અને પુરુષ બન્ને સાથે રમણ કરવાના ભાવ જાગે તે નપુંસકવેદ મોહનીયકર્મ છે.

જીવની દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય આ પાંચ શક્તિઓમાં વિઘ્ન ઉપસ્થિત કરનાર કર્મને **અંતરાય** કર્મ કહે છે. તેના પાંચ પ્રકાર છેઃ જેના નિમિત્તથી દાન આપવામાં વિઘ્ન ઉપસ્થિત થાય તે દાનાન્તરાય કર્મ છે, જેના નિમિત્તથી કોઇ વસ્તુની પ્રાપ્તિમાં વિઘ્ન ઉપસ્થિત થાય તે લાભાન્તરાય કર્મ છે, જેના નિમિત્તથી વસ્તુનો ભોગ કરવામાં વિઘ્ન આવે તે ભોગાન્તરાય કર્મ છે, જેના નિમિત્તથી વસ્તુનો ઉપભોગ કરવામાં વિઘ્ન આવે તે ઉપભોગાન્તરાય કર્મ છે, જેના નિમિત્તથી વીર્યશક્તિમાં વિઘ્ન આવે તે વીર્યાન્તરાય કર્મ છે.

જે કર્મના ઉદયથી જીવ કોઇ એક શરીરમાં નિશ્ચિત સમય સુધી રહે છે તેને **આયુકર્મ** કહે છે. આ કર્મ જીવના અવગાહન ગુણનો ઘાત કરે છે. તેના ચાર પ્રકાર છે. જેના નિમિત્તથી જીવ નરકગતિના અશુભ વૈક્રિયિક શરીરમાં બંધાઇ રહે છે તે નરકાયુકર્મ છે, જેના નિમત્તથી જીવ તિર્યંચગતિના શરીરમાં બંધાઇ રહે છે તે તિર્યંચઆયુકર્મ છે, જેના નિમિત્તથી જીવ મનુષ્યગતિના શરીરમાં બંધાઇ રહે છે તે મનુષ્યઆયુકર્મ છે, જેના નિમિત્તથી જીવ દેવગતિના શુભ વૈક્રિયિક શરીરમાં બંધાઇ રહે છે તે દેવાયુકર્મ છે.

જે કર્મના નિમિત્તથી જીવને વિવિધ પ્રકારના નાના મોટા શરીર, અંગોપાંગ, ગતિઓ, વર્ણ, યશ, અપયશ આદિની પ્રાપ્તિ થાય છે તેને **નામકર્મ** કહે છે. આ આત્માના સૂક્ષ્મત્વ નામક પ્રતિજીવી ગુણનો ઘાત કરે છે, જેના ૪૨ ભેદ અને ૯૩ પ્રભેદ છે. ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, નિર્માણ, બંધન, સંઘાત, સંસ્થાન, સંહનન, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, આનુપૂર્વ્ય, અગુરુલઘુ, ઉપઘાત, પરઘાત, આતપ, ઉદ્યોત, ઉચ્છવાસ, વિહાયોગતિ, સાધારણ શરીર, પ્રત્યેક શરીર, સ્થાવર, ત્રસ, સુભગ, દુર્ભગ, સુસ્વર, દુઃસ્વર, શુભ, અશુભ, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત,સ્થિર, અસ્થિર, આદેય, અનાદેય, યશકીર્તિ, અપયશકીર્તિ અને તીર્થંકર નામકર્મ.

જેના નિમિત્તથી જીવ નરકાદિ ગતિઓમાં જાય છે તે ગતિ નામકર્મ છે. તેના ચાર ભેદ છે - નરક, તિર્યંચ, મનુષ્ય તથા દેવગતિ. જેના નિમિત્તથી જીવને ઇન્દ્રિયોની પ્રાપ્તિ થાય છે તે જાતિ નામકર્મ છે. તેના પાંચ ભેદ છે - એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રીઇન્દ્રિય, ચર્તુન્દ્રિય તથા પંચેન્દ્રિય જાતિ નામકર્મ. જેના નિમિત્તથી વિવિધ પ્રકારના શરીરની રચના થાય છે તે શરીર નામકર્મ છે. તેના પાંચ ભેદ છે - ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ, કાર્મણ શરીર નામકર્મ. જેના નિમિત્તથી અંગ (હાથ, પગાદિ) તથા ઉપાંગો (નાક, કાન આદિ)ની રચના થાય છે તે અંગોપાંગ નામકર્મ છે. તેના ત્રણ ભેદ છે - ઔદારિક શરીર, વૈક્રિયિક શરીર, આહારક શરીર અંગોપાંગ. જેના નિમિત્તથી અંગોપાંગની યથાસ્થાન અને યથાપ્રમાણ રચના થાય છે તે નિર્માણ નામકર્મ છે, તેના બે ભેદ છે - સ્થાન તથા પ્રમાણ નિર્માણ નામકર્મ. જેના નિમિત્તથી શરીરના પરમાણુ ઇંટ તથા ગારાની જેમ સૂક્ષ્મ કાણા સહિત અંદર-અંદર બંધનને પ્રાપ્ત થાય છે, તે બંધન નામકર્મ છે. તેના પાંચ ભેદ છે - ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ, કાર્મણ શરીર બંધન. જેના નિમિત્તથી શરીરની છિદ્ર રહિત થઇને પરસ્પરના પ્રદેશોના અનુપ્રવેશન દ્વારા એકરૂપતા આવે છે અર્થાત્ છિદ્ર એવા ન હોય કે જેનાથી શરીરના પરમાણુ અલગ-અલગ વહેંચાયેલા દેખાય તે સંઘાત નામકર્મ છે. તેના પણ પાંચ ભેદ છે - ઔદારિક, વૈક્રિયિક આદિ. જેના નિમિત્તથી શરીરની આકૃતિ બને છે તે સંસ્થાન નામકર્મ છે. તેના છ ભેદ છે - સમચતુરસ્ત્ર, ન્યગ્રોધપરિમંડળ, સ્વાતિ, કુબ્જક, વામન તથા હુંડક સંસ્થાન. જેના ઉદયના નિમિત્તથી અસ્થિઓનું બંધન વિશેષ થાય છે તેને સંહનન નામકર્મ કહે છે. તેના છ ભેદ છે - વજ્રઋષભનારાચ, વજ્રનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલક તથા અસંપ્રાપ્તસૃપાટિકા(છેવટ્ટું) સંહનન. જેના નિમિત્તથી શરીરમાં વિશિષ્ટ સ્પર્શની ઉત્પત્તિ થાય તે સ્પર્શ નામકર્મ છે. તેના આઠ ભેદ છે : ઠંડો-ગરમ, લુખો-ચીકણો, હલકો-ભારે તથા કોમળ-કઠોર સ્પર્શ. જેના નિમિત્તથી શરીરમાં વિશિષ્ટ રસ બને છે તે રસ નામકર્મ છે. તેના પાંચ ભેદ છે, ગળ્યો, તીખો, કડવો, ખાટો, કષાયેલો (તુરો) રસ. (ક્રમશઃ)

### આનંદનું ઉપનિષદ

# આનંદનો પરિવાર

**સમણ શ્રુતપ્રજ્ઞજી**

આનંદનું ઉપનિષદ એ વ્યાખ્યાનમાળાનું આ છેલ્લું લેખન છે. આજના લેખનો વિષય છે, 'આનંદનો પરિવાર.' છેલ્લા કેટલાક પ્રવચનોમાં આપણે આનંદ વિશે ઊંડાણથી અવગાહન કર્યું છે. ઉપનિષદ કહે છે કે દરેક જીવનો જન્મ આનંદમાંથી થાય છે, તે આનંદમાં જ પોષાય છે અને અંતે આનંદમાં જ લય પામે છે. અરે, એ તો આગળ જઈને કહે છે કે, **आनंदम् ब्रह्म** એટલે કે આનંદ જ ઈશ્વર છે. બીજી બાજુ સંસારમાં જીવતા લોકોને જોઈએ તો આ બાબત સત્ય નથી લાગતી. મોટા ભાગના લોકો ચિંતા, શોક અને ઉદાસીનતામાં જીવે છે અને તેમાં મોટા ભાગે વાંક તેનો પોતાનો જ હોય છે.

આનંદનો અનુભવ કરવા માટે પોતાની ચારેય બાજુ અને ભીતર આનંદનું એક વાતાવરણ ઊભું કરવું પડે છે. આનંદના આખા પરિકરને સમજવો પડે છે. આનંદનો એક પૂરો પરિવાર છે. એ પરિવારના દરેક સભ્યોને સાચવો, સાંભળો તો આનંદનો અહેસાસ કરી શકો. આ પરિવારના બધા જ સભ્યોની ચર્ચા કદાચ સંભવ નથી કેમ કે આનંદનો પરિવાર મોટો છે. ઘણાના પરિવાર બહુ મોટા હોય અને ઘણાના પરિવાર સાવ નાના હોય. 'આપણે બે અને આપણા બે' એમાંય ઘણા તો વળી 'આપણે બે જ બસ'. સિંગાપુરમાં ઘણા યુવાનો લગ્ન નથી કરતા અને લગ્ન કરે તો લોકોને બાળકો નથી જોઈતા. આને લઈને ત્યાંની સરકાર પણ ચિંતિત છે. અહીં આનંદના પરિવારના અનેક સભ્યો છે, એમાંના કેટલાક સ્વજનો વિશે સમયની મર્યાદાને ધ્યાનમાં રાખી વિચારીએ. જો કે આપણે લેખમાળામાં આનંદની ચર્ચા કરી છે, એના જ આધારે આનંદના પરિવારના મુખ્ય સભ્યોનું થોડું દર્શન કરીએ.

**આનંદના પિતાશ્રી :** સૌથી પહેલા આનંદના પિતાશ્રીને શોધીએ. આ અલૌકિક આનંદનો જન્મ કેવી રીતે થાય છે ? કોઈપણ પુત્રનો જન્મ પિતાશ્રીના સંયોગથી થાય છે એટલે સૌથી પહેલા આનંદના પિતાશ્રી કોણ? આનંદનો જન્મ ક્યાંથી થાય ? જ્યાં સુધી મારો થોડો અનુભવ છે, થોડો અભ્યાસ છે અને થોડી મારા પર સંતોની અને ગુરુઓની કૃપા છે એના આધારે કહી શકું કે આનંદના પિતાશ્રી છે-આત્મજ્ઞાન, આનંદનો જન્મ થાય છે આત્મજ્ઞાનમાંથી. આત્મજ્ઞાની વ્યક્તિ જ સાચા અર્થમાં આનંદને ભોગવતા હોય છે. આત્મજ્ઞાની ક્યારેય ડિપ્રેશનમાં ન હોય, ઉદાસ ન હોય. આત્મજ્ઞાની ગમે તેવી પરિસ્થિતિમાં કયારેય નિરાશ ન હોય. જો એ ઉદાસ હોય, નિરાશ કે હતાશ હોય તો એમના આત્મજ્ઞાનમાં કંઈક ખામી છે. આત્મજ્ઞાની માટે આઠેય પ્રહર આનંદ હોય છે. કેમકે આનંદ એમના આત્માનો સ્વભાવ બની ગયો હોય છે. એ સતત આનંદને ભોગવતા હોય છે. તમને, મને અને જે જાણકાર મુમુક્ષુ છે એમને ખબર છે કે આત્માના મુખ્ય ચાર ગુણો છે : જ્ઞાન, દર્શન, વીર્ય અને આનંદ. આ ચાર ગુણોમાંથી આપણે એક જ ગુણ ઉપર વાત કરી છે અને એ આનંદ ગુણ છે. તો આત્મજ્ઞાનમાંથી આનંદનો જન્મ થાય. આપણો આનંદ ટકતો નથી અને ઝાઝો રહેતો નથી, એનું કારણ છે કે આપણા આત્મજ્ઞાનરૂપી પિતાશ્રી ગાયબ છે. કેવી રીતે આનંદનો પુત્ર જન્મે ?

**આત્મજ્ઞાનનો ઉપાય :** તો પ્રશ્ન થાય કે આત્મજ્ઞાન કેવી રીતે થાય? તેનો અત્યંત સરળ ઉપાય છે-ધ્યાન. ધ્યાન વગર આ ચેતનાનો દીવો પ્રજ્વલિત નહીં થાય. કહેવાતા ધાર્મિક લોકો ધર્મના નામે ઘણું બધું કરશે પણ ધ્યાનમાં નહિ બેસે કારણ કે ધ્યાનમાં બેસે ત્યારે એમનું મન ભટકે છે. આ મનને સમજદારી પૂર્વક જીતવું એ તો ધ્યાન છે. ધર્મની બધી જ ક્રિયાઓ મનને મજબૂત કરે છે. ધ્યાનપ્રયોગ સાધકને મનથી પરે ચેતનાની દુનિયામાં લઈ જાય છે. જિનશાસન સ્પષ્ટ કહે છે કે જેમ શરીરમાં મગજનું અને વૃક્ષમાં

એના મૂળનું મહત્ત્વ છે એમ '**सवस्स साधु धम्मस तहा ध्यानम विधियते**' સમસ્ત સાધુધર્મનો સાર ધ્યાનમાં નિહિત છે. ધ્યાન એટલે ચેતનાના સમુદ્રમાં ઉઠતી વિચારોની તરંગોને સાક્ષીભાવે જોવી. આમ, અભ્યાસ થતાં થતાં તમે આત્માની અનુભૂતિ સુધી પહોંચી શકશો.

**આનંદની માતુશ્રી :** આનંદના પિતાશ્રી હોય તો આનંદની માતુશ્રી પણ હોય ને ! આનંદની માતુશ્રીનું નામ છે શાંતિ, peace. કોઇ કુતૂહલતા નહીં. કોઇ ઉતાવળ નહીં, કોઇ ઉગ્રતા નહી. શાંતિ આનંદની મા છે. સાધકનું ધ્યેય છે. ભીતરી શાંતિની અનુભૂતિ કરવી. એક વાર શાંત રહેવાની ટેવ પડી જશે ને, પછી સાધક લાભ-નુકસાન, સુખ-દુઃખ, માન-હાનિ, નિંદા-પ્રશંસા અને જીવન-મૃત્યુના પ્રસંગોમાં વિચલિત થયા વિના શાંત રહી શકશે.

પરમકૃપાળુદેવનું ચિત્રપટ જુઓ. એમના જીવનનો અભ્યાસ કરો તો જણાશે કે કેટલા નિરાકુળ, ઉદ્વેગ રહિત, અને યૌગિક અડગ અને અલૌકિક સ્થિરતા. આ બધું આત્માના આનંદ ગુણને સ્પર્શવાથી સંભવ બને છે. પૂજ્ય આત્માનંદજીને પણ મેં મારી આંખે નિહાળ્યા છે. જીવનના અંતિમ તબક્કામાં ભયંકર વેદના વખતે પણ મનમાં શાંતિ અને ચિત્તમાં સમત્વભાવની સુવાસ આવતી હતી. જ્ઞાન અને સમજણને અભ્યાસ થકી જીવનમાં ઉતાર્યા હોય તો જ આ શક્ય બને છે.

**શાંતિનો ઉપાય :** તમને પહેલો પ્રશ્ન પૂછું કે જીવનમાં શાંતિ જોઇએ છે કે અશાંતિ ? શાંતિ, બરાબર ? બીજો પ્રશ્ન : શાંતિ ક્યાં છે, આપણી બહાર કે અંદર? અંદર. ત્રીજો પ્રશ્ન : આપણે શાંતિને ક્યાં શોધીએ છીએ, અંદર કે બહાર? બહાર. આ તો કેટલો વિરોધાભાસ છે કે શાંતિ છે ભીતર અને શોધીએ છીએ બહાર !! એનો અર્થ થયો કે તમે જે પહેલો જવાબ આપ્યો ને કે શાંતિ અંદર છે, એ બેઇમાનીનો જવાબ છે. કોઇ અમારા જેવાએ કહ્યું હશે કે શાંતિ કા સાગર ભીતર લહેરા રહા હૈ, તો રટ લિયા હોગા. પછી અમારા જેવા પૂછે એટલે અમારી જ માળા અમારા જ ગળે લટકાવે. "શાંતિ ભીતરમાં છે" - આ જવાબ તમારા અનુભવમાંથી આવ્યો હોય તો તમે શાંતિને બહાર શોધશો નહીં પણ આ તમારો અનુભવ નથી બોલતો, કોઇક જ્ઞાનીનાં આ વચનો આપણે ઉચ્ચારીએ છીએ. તો આપણે શાંતિ બહાર શોધીએ છીએ! હજુ એક વાત પૂછું તમને કે શાંતિ બહાર મળશે ? નહીં મળે, એ પણ પાછી ખબર છે, તોય શાંતિને બહાર શોધીએ છીએ! બોલો, ખોટનો જ ધંધો છે ને.... જે વસ્તુ અંદર છે, એ બહાર કેવી રીતે મળે ? વૃદ્ધ માજીએ સોંય ઝૂંપડીમાં ખોઇ હોય તો સોંય બહાર ચળકાટ મારતી લાઇટમાં ન મળે. બહારનો ચળકાટ ભીતર દેહરૂપી ઝૂંપડીમાં કરવો પડે. વૃદ્ધ માજી તો બહાનું છે, આખી દુનિયા આવી જ ભૂલ કરે છે. શાંતિ છે ભીતર અને શોધે છે બહારના પદાર્થોમાં. શાંતિ જોઇએ તો જ્યાંથી પણ અશાંતિ આવે એ કરવાનું ટાળો. શાંતિ તો આપણો સ્વભાવ છે. અશાંતિ જ્યાંથી શીખી લીધી છે એમાંથી બહાર નીકળો, એને 'અન ડુ' કરો. સ્વમાં વસ, પરથી ખસ, આટલું બસ.... શાંતિ માટે આટલું જ કરવાનું છે. આપણે આટલું જ નથી કરતા અને ન કરવાનું હૉલસેલમાં કરીએ છીએ અને એટલે ચૂકી જઇએ છીએ.

**આનંદનો મિત્ર :** આનંદનો એક મિત્ર છે અને એનું નામ છે સુખ. આનંદી માણસ દુઃખી નહીં હોય. સુખી થવાની સાદી ચાવી છે કે સ્વીકાર કરવાની કળા શીખી લો. આનંદનો મિત્ર સુખ છે અને સુખ સ્વીકારભાવમાંથી જન્મે છે. કોઇનો વિરોધ નહીં. મહાવીરના સમયમાં થયેલ ચંદનબાળા સુખી હતા કેમકે એમના જીવનમાં જે બનતું હતું એના માટે કોઇ ફરિયાદ નહોતી. બધું જ શાંતભાવે સ્વીકાર્યું અને એ સ્વીકારભાવે એમણે આત્મશ્રેય સાધ્યું.

**આનંદના શત્રુઓ :** આગળ જઇએ તો આનંદના બે શત્રુઓ છેઃ- પ્રમાદ અને મોહ. આ બંને દુશ્મનથી સાવધાન રહેજો. આત્માના કલ્યાણને 'કાલ' ઉપર ટાળતા નહીં, આ પ્રમાદ છે. સંસારની વસ્તુઓમાં સમય એટલો બરબાદ ન કરો કે આત્માનું લક્ષ્ય ચૂકાય જાય, આ મોહ છે. મોહ જીવને બહાર બહાર દોડાવે છે અને આળસ જીવને સ્વના કેન્દ્રમાં જવા નથી દેતો.

**આનંદનો ભાઈ :** આનંદનો એક ભાઈ છે, સ્મિત. મુસ્કુરાહટ હંમેશાં ચહેરા પર ઝલકવી અને છલકવી જોઈએ. કોઈ કહે કે અમુક મહાત્મા આત્મજ્ઞાની છે અને એમના ચહેરા પર જો મુસ્કાન (પ્રસન્નતા) ન હોય ને તો આત્મજ્ઞાન પર ચોકડી મારજો. એક નિર્દોષ હાસ્ય એ આત્મજ્ઞાનનું સ્વાભાવિક મેક અપ છે. જીવનમાં બે વ્યક્તિથી સાવધાન રહેવાનું. એક તો એ કે જે ક્યારેય હસતો ન હોય અને બીજો જે આખો દિવસ હસ હસ કરતો હોય. ક્યારેય હસતો ન હોય એ મનથી વિક્ષિપ્ત છે અને હસ હસ જ કરતો હોય એનામાં છીછરાપણું છે. આનંદી માણસનું સ્મિત બોલ્યા વગરનો ઉપદેશ છે. એટલે સ્મિતને સ્વભાવ બનાવી લ્યો.

કલ કા દિન કિસને દેખા,
(કલ કી ચિંતા મેં) આજ કા દિન ખોયે ક્યોં ?
(વર્તમાન કી) જિન ઘડીઓ મેં હઁસ સકતે હૈં,
ઉન ઘડીઓ મેં (કલ કી ચિંતા કરકે) રોયેં ક્યોં ?

**આનંદની બહેન :** આનંદની એક બહેન છે એનું નામ છે, સેવા. આનંદિત માણસ ક્યારેય પણ સ્વાર્થી નહીં હોય. આનંદી ચેતનામાં કરુણાભાવ હોય છે. આવા આત્માનો એક પવિત્ર અજેન્ડા હોય છે. 'સવી જીવ કરું શાસન રસી...' સૌ જીવને વીતરાગ માર્ગના રસિક બનાવું અને એવી કરુણામાંથી સેવા આપમેળે પ્રગટે છે. આનંદના અનુભવ વિનાની સેવા સોદો છે, ધંધો છે, એ ખ્યાલ રાખજો. સેવા આત્મજ્ઞાનનું પરિણામ છે, આત્મજ્ઞાનનું સાધન નથી.

**આનંદની પત્ની :** આનંદની એક પત્ની પણ છે અને એનું નામ છે, પ્રસન્નતા. અપેક્ષામુક્ત મન બનાવી દો અને જોવાના દૃષ્ટિકોણને બદલીને તેને પોઝિટિવ કરી નાખો તો સદા ચિત્ત પ્રસન્ન રહી શકશે.

બંગાળમાં એક વિદ્વાન થયા ગોપાલ ભટ્ટ, એમનો સ્વભાવ ખૂબ આનંદી. કોઈ એમની પાસે પંદર મિનિટ પણ બેસેને તો પણ વાયબ્રેટ થઈ જાય, ચાર્જ થઈ જાય. ત્યાંનું શાસન એના પક્ષમાં, રાજા એના પક્ષમાં અને લોકો પણ જ્યારે નિરાશ થઈ જાય તો એમની પાસે આવતા અને પોતાની બેટરી ચાર્જ કરી લેતા. આનંદમાં રહેવું અને બધાને આનંદમાં રાખવા એ જ એમનું કામ. હવે આવો સ્વભાવ જુએ એટલે અમુક લોકો હોય જ સમાજમાં વિઘ્નસંતોષી. એવા લોકોને ઈર્ષ્યા થાય કે કેમ આ હંમેશાં ખુશ રહેતા હશે અને બધાને આનંદમાં રાખે છે, કંઈ સમજાતું નથી! થોડાક લોકોએ ભેગા થઈને ગોપાલ ભટ્ટ પાસે આવીને કહ્યું કે, તમે આટલા બધા આનંદમાં કેવી રીતે રહી શકો છો ? એમણે કહ્યું, "મારી પાસે એક સિદ્ધિ છે અને એ સિદ્ધિથી મને એક મણિ મળેલ છે, એના પ્રભાવે બધા મારા સાન્નિધ્યમાં આવીને પ્રસન્ન રહે છે. એ મણિનું નામ છે 'સુખદા મણિ'.

લોકોએ કહ્યું, "એ મણિ અમને ના મળી શકે ?" મળે ને, કેમ ના મળે ?" "તે આપીને અમારા પર કૃપા કરો ને." તો ભટ્ટ સાહેબ બોલ્યા, "એ મણિ અત્યારે મારી પાસે નથી, જંગલમાં છે, ત્યાં તમે આવો તો હું આપું." લોકો તરત તૈયાર થઈ ગયા. મફતમાં મણિ મળે તો કોણ ચૂકે ? ગયા જંગલમાં અને કહ્યું કે ક્યાં છે મણિ ? તો કહે, "તમારા માથા ઉપર જ્યાં તમને પૂનમનો ચાંદ દેખાય એ જગ્યાએ તમે ખોદો એટલે મણિ મળશે." માથા ઉપર ચંદ્ર હોવો જોઈએ અને એ જગ્યાએ ખોદો તો મણિ મળે. હવે ઉપર તો ચંદ્ર હતો જ, એને જોઈને ખોદવાનું ચાલુ કર્યું. આખું ખેતર ખોદી નાખ્યું. ગોપાલ ભટ્ટ તો ઝાડની નીચે જઈને સૂઈ ગયા. આખું ખેતર ખોદી નાખ્યું પણ ક્યાંય મણિ મળ્યો નહિ.

લોકોને થયું કે આ તો ઢોંગી નીકળ્યા, દગાબાજ નીકળ્યા, એમણે તો આપણી સાથે વિશ્વાસઘાત કર્યો. ઉઠાડો ક્યાં છે એ? ઉઠાડીને પૂછ્યું કે ક્યાં છે મણિ ? તમે કહ્યું હતું કે જ્યાં માથા પર પૂનમનો ચાંદ દેખાય ત્યાં ખોદશો તો નીકળશે. અમે તો આખું ખેતર ખોદી નાખ્યું, મણિ ન મળ્યો. ત્યારે ગોપાલ ભટ્ટે કહ્યું, "માથા પર ખોદવાનો અર્થ જમીનમાં નહીં, માથામાં ખોદવાની વાત કરી હતી. તમે જમીન ખોદીને જમીન બગાડી. આ મસ્તકને ચેન્જ કરવાનું છે, વિચારોને બદલવાના છે, આ દૃષ્ટિને બદલીને પ્રસન્ન રહેવાની વાત છે અને તો તમને આ સુખદા મણિ પ્રાપ્ત થાય." પૂછ્યું કે મસ્તક

**(અનુસંધાન પા.નં. ૪૨ ૫૨)**



●●●

### પરમનો સ્પર્શ - ૧૩૦

# શરીર અને 'સાક્ષી'

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

ભક્તિભાવથી પૂર્ણ જગતને અને ભૌતિકતાથી સભર જગતને ક્યારેય મેળ ખાધો નથી. ભક્તના બેફિકરાઈથી ભરેલા નિઃસ્પૃહી જીવનને અર્થલાભની દૃષ્ટિએ વિચારતું વ્યવહારકુશળ જગત સમજી શકતું નથી, અને એથી એને સાંખી કે સહન કરી શકતું નથી. આથી જ એને ખામોશ કરવા કાં ફાંસીના ફંદા પર ચડાવે છે અથવા તો એની સામે ઝેરનો કટોરો ધરે છે.

સંત મન્સૂર ફાંસીના ફંદા તરફ ઊંચે ચડતા જતા હતા, પણ સાથોસાથ એ મુક્ત મને ખડખડાટ હસતા હતા. મન્સૂરના વિરોધીઓ જોરજોરથી મુઠ્ઠીઓ વાળીને ને હાથ ફંગોળીને કાનમાં કીડા ખરી પડે તેવાં અપશબ્દો એને સંભળાવતા હતા, કોઈ એના પર કાંકરા કે પથ્થરોનો મારો ચલાવતા હતા, પણ આ બધાની સામે મન્સૂરનો તો એક જ જવાબ-બસ, મોજીલું ખડખડાટ હાસ્ય !

ખુદ ફાંસી આપનારો જલ્લાદ વિમાસણમાં પડી ગયો. આ તે કેવો આદમી! આજ સુધી એણે કેટલાયને ફાંસીએ ચડાવ્યા હતા. કોઈને થરથર ધ્રુજતા જોયા હતા, કોઈને કાકલૂદી કરતાં કે ફાંસીના ફંદા પર ચડતા પહેલાં મોતના ભયથી મૃતવત્ જોયા હતા, કોઈને ભયથી બહાવરા કે બેબાકળા, અથવા તો કોઈને સૂનમૂન જોયા હતા, પણ આજ સુધી કોઈને આવી બેફિકરાઈથી ખડખડાટ હસતા જોયા ન હતા!

એણે મન્સૂરને પૂછ્યું "અલ્યા, આટલું બધું ખડખડાટ હસે છે શાને?તું સાવ વિચિત્ર લાગે છે. પાગલ તો નથી ને ?"

મન્સૂરે કહ્યું, "પ્યારા જલ્લાદ, તને ખબર નથી ? આખરે આજે મારો વિજય થયો છે."

જલ્લાદ કહે, "તારો વિજય? શાનો? તને તો મોતની સજા મળી છે. આ લટકતો ફાંસીનો ફંદો તને દેખાતો નથી ?"

મન્સૂરે કહ્યું, "જો ને, આખી જિંદગી મેં આ લોકોને ઊંચે જોવાનું કહ્યું. ખૂબ સમજાવ્યા કે જરા ઉપર ઊઠીને જુઓ તો ખરા. ખેર! આજે ફાંસીને ફંદે લટકતા મન્સૂરને જોવા માટે કેટલું ઊંચે જુએ છે. વાહ ! મન્સૂર! આખરે તું સફળ થયો." મન્સૂરનું આ કથન જલ્લાદને સહેજે સમજાયું નહિ, પરંતુ મન્સૂરના આ કથન પાછળ ગહન મર્મ છુપાયો હતો.

માણસ ક્યારેય ઊંચે જુએ છે ખરો ? માનવી માત્ર પોતાના શરીરને જુએ છે. ફક્ત પોતાના સુખ-સગવડ અને સુવિધાનો જ અહર્નિશ વિચાર કરે છે. એના સઘળા વિચાર અને વર્તન એની આસપાસ ફેરફૂદરડી ફરતાં હોય છે. એને પાર જાય છે ખરો?

આપણા વ્યક્તિત્વને દેહસુખમાં કેટલું બધું ઓગાળી દીધું છે ! કદાચ ભક્તિનો તંતુ પકડીએ, તો પણ તેને એક યા બીજા પ્રકારે દેહમાં દાટી દઈએ છીએ. કોઈ શક્તિનો અણસાર મળે તો એને ઊંડી આસક્તિમાં ડૂબાડી દઈએ છીએ. નવજાગરણની કોઈ વિરલ ક્ષણ કે ચેતનાની નવીન ઉષ્મા શરીરની ચીલાચાલુ ઉપાસનાને પસંદ નથી. શરીરમાં લપટાયેલો માનવી ક્યારેય સ્વજીવ કે સ્વસુખથી ઊંચે જોઈ શકતો નથી.

માનવી બ્રહ્માંડના વિરાટ સ્વરૂપનો વિચાર કરે છે, પરંતુ એ ખુદ પોતાના સ્વ-રૂપને જાણતો નથી. એ એમ માને છે કે આ શરીર છે એ જ હું છું, એનાથી અન્ય બીજું કશું નથી. પરિણામે શરીરની આસપાસ એની સઘળી ક્રિયા-પ્રતિક્રિયાઓ જોડાયેલી રહે છે.

જો શરીરને સુખ મળે તો એ તરત કહેશે કે આજે તો ભારે મજા આવી હોં ! અને જો શરીરમાં વેદના થાય તો એ દર્દભરી ચીસો પાડશે. એની સમગ્ર વિચારસૃષ્ટિ એના દેહની ચોપાસ ભ્રમણ કરતી હોય છે અને તેથી પોતાના શરીર સાથે એ માત્ર આત્મીયતા

જ અનુભવતો નથી, પરંતુ એનું સમગ્ર અસ્તિત્વ એની સાથે ઓળઘોળ કે આત્મસાત્ થઈ જાય છે. એનું શરીર દોડે છે, તો માને છે કે પોતે દોડે છે. એનું શરીર ભોજન ગ્રહણ કરે, તો માને છે કે પોતે ભોજન લે છે. મીઠાઈ ખાય છે, ત્યારે મિષ્ટાન્નનું મધુર પાન કરતો હોય તેવો ભાવ અનુભવે છે. એના શરીરને રોગ થાય છે એટલે માને છે કે મને રોગ થયો છે. આમ, માણસ એનું કામ તો ઈન્દ્રિયો દ્વારા કરે છે, છતાં માને છે કે હું જ કામ કરું છું અને 'હું' એટલે શરીર અને 'હું' એટલે એ વ્યક્તિ.

આવે સમયે એને શરીરમાં જાગતા સુખદુઃખની ચંચળ સ્થિતિનો કે ક્ષણભંગુરતાનો ખ્યાલ આવતો નથી. શરીરથી પર એવું કોઈ તત્ત્વ એનામાં નિહિત છે, એવો લેશમાત્ર અણસાર પણ હોતો નથી. એના શરીરના કોઈ એક ભાગમાં પીડા થાય એટલે એ સમગ્ર શરીરમાં પીડા થઈ હોવાનું અનુભવે છે, એટલું જ નહીં પણ એનું સમગ્ર વ્યક્તિત્વ પીડાથી ચિંતાગ્રસ્ત બની જાય છે. શરીરની પાછળ દોટ મૂકતો માનવી એની બધી ઈન્દ્રિયોને એની આસપાસ કામે લગાડે છે અને ધીરે ધીરે ઈન્દ્રિયોના સુખને શરીરસુખ સાથે જોડી દે છે. એનું મન પણ શરીરમાં જ ધબકતું, જીવતું અને નિમગ્ન હોય છે.

આવી વ્યક્તિ જ્યારે નિદ્રાધીન બને છે ત્યારે એ સ્વપ્નની લીલા જોતી હોય છે. એ પોતે પલંગમાં પોઢ્યો હોય છતાં દુનિયા આખીમાં ઘૂમી વળે છે. એ સ્વપ્નની દુનિયામાં ક્યાંય ક્યાંય લટાર મારી આવે છે અને સ્વપ્ન અવસ્થા સમયે એ સઘળી વાત સાચી માને છે. હકીકતમાં એનું અજાગ્રત મન દૂર દૂર સુધી ફરી આવતું હોય છે અને એટલે જ્યારે એની જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય શાંત પડી ગઈ હોય, ત્યારે નિદ્રા સમયે એ શરીરથી નહીં, બલ્કે મનથી સતત કાર્ય કરતો હોય છે. અહીં બે પરિસ્થિતિ ઊભી થાય છે-વ્યક્તિનું શરીર નિદ્રાને કારણે શાંત છે અને એનું મન પ્રવૃત્ત છે. એનો અર્થ એ કે એની પાસે શરીર ઉપરાંત મન પણ છે.

હવે જો વ્યક્તિને અતિ ગાઢ નિદ્રા આવી જાય એટલે કે એની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો તો શાંત થઈ ગઈ હોય, પણ એની સાથોસાથ એનું સમગ્ર ચિત્ત પણ શાંત થઈ જતું હોય છે. આ ગાઢ નિદ્રા સમયે એ એની આસપાસનું વાસ્તવ જગત સદંતર ભૂલી જાય છે. એની નજીકમાં જ સાપ ફેણ માંડીને બેઠો હોય, તો પણ એને એ દેખાતો નથી. એટલે કે વ્યક્તિના માત્ર શ્વાસ (પ્રાણ) જ ચાલતા હોય છે. માત્ર પ્રાણ પૂરતું જ જીવન છે એમ લાગે અને એનો અર્થ એ થયો કે વ્યક્તિ ગાઢ નિદ્રામાં હોય, ત્યારે પણ એના પ્રાણ ચાલે છે.

આ જ ગાઢ નિદ્રા અને મૃત્યુની અવસ્થા વચ્ચેનો ભેદ છે. ગાઢ નિદ્રામાં વ્યક્તિની સઘળી ઈન્દ્રિયો શાંત હોય છે, તેથી એ આસપાસના કોઈ પ્રતિભાવ ઝીલતી નથી. ઘણીવાર વ્યક્તિ લાંબી ગાઢ નિદ્રા લીધા પછી એમ કહેતી હોય છે કે હું તો એટલું ઊંઘ્યો કે મને કશી ખબર જ ન પડી ! આવી ગાઢ નિદ્રા આવી ગઈ તેના અનુભવનો સાક્ષી તો કોઈ હશે જ, કારણકે વ્યક્તિ એવો તો અનુભવ કરતી જ હશે કે આ ગાઢ નિદ્રા વખતે બહારની દુનિયા ભૂલી ગયો હતો અને બીજી બાજુ એ સ્વપ્નલોકમાં પણ ગયો નથી.

એનો અર્થ એ કે જ્યારે વ્યક્તિને ગાઢ નિદ્રામાં ડૂબેલો હતો, ત્યારે એની સાથે એનું શરીર નહોતું. એના શરીરની ચિંતા જોડાયેલી નહોતી. ઈન્દ્રિયોની કોઈ બાહ્ય લોલુપતા નહોતી. મન આમ તેમ ભટકતું નહોતું. એનો અર્થ જ એ કે એ શરીરથી, ઈન્દ્રિયોથી અને મનથી પર છે. ગાઢ નિદ્રાનો એ અનુભવ પામે છે અને અનુભવનો સાક્ષી તો કોઈ હોવો જોઈએ ને! આવા અનુભવની સાક્ષી ઈન્દ્રિયો હોતી નથી, કારણકે ઈન્દ્રિયોથી એને સમજી શકાતી નથી. મનમાં તો સંકલ્પ-વિકલ્પ જાગતા હોય છે, પરંતુ આ ગાઢ નિદ્રાના સાક્ષી બનનાર તો સંકલ્પ, વિકલ્પ રહિત હોય છે. એ નિર્લેપ અને નિરંજન હોય છે અને તેથી જ શરીરને ક્યારેક ડર લાગે છે, મન અહીં તહીં ભ્રમણ કરે છે, જ્યારે સાક્ષી આ શરીર અને મનથી જુદો હોવાથી નિર્ભય છે.

આત્મા એ ભયથી રહિત છે અને સાથોસાથ સુખદુઃખથી પણ રહિત છે. શરીર કે મનને સુખ કે દુઃખનો ભાવ થતો હોય છે, પરંતુ આ સાક્ષી તો એ બધાથી પર હોય છે અને તે પર હોવાને કારણે સુખદુઃખથી રહિત છે. શરીર, મન અને ઈન્દ્રિય એ ત્રણેય કાળમાં એકસરખા રહી શકતા નથી, માટે એ અસત્ છે. જ્યારે સાક્ષી એ ત્રણેય કાળમાં એકસરખો રહી શકે છે, માટે સાક્ષી એ સત્ છે. શરીરને જન્મવાનું અને મૃત્યુ પામવાનું હોય છે, જ્યારે સાક્ષી તો અજર અને અમર હોય છે.

આ રીતે સાક્ષી એ અનુભવની એક અવસ્થા છે, જે અવસ્થા શરીર, મન અને ઈન્દ્રિયથી પર છે. એને પામવા માટે પણ એ બધાથી ઊંચે ઊઠવું જોઈએ, આથી જ ગ્રંથોમાં આવા સાક્ષીનું માર્મિક વર્ણન મળે છે. એની વિશેષતાઓ જ એના સ્વરૂપને પ્રગટ કરે છે. જેમકે આ સાક્ષી નિરાકાર, નિરંજન, નિર્ભય, અજર-અમર, સંકલ્પ-વિકલ્પ રહિત હોય છે. ભગવાન મહાવીર કે ભગવાન બુદ્ધના સાધનાજીવનમાં ક્યારેય કોઈ વિકલ્પ જાગ્યા નહોતા. આનું કારણ એ કે તેઓ સાક્ષીભાવમાં ડૂબેલા હતા. આ સાક્ષીભાવ જગાડવા માટે ઘણા લક્ષણોનું પાલન કરવાનું હોય છે અને વ્યક્તિ એ લક્ષણોનું પાલન કરીને જ્ઞાન પ્રાપ્ત કરે છે.

ઉપનિષદ્‌ના ઋષિઓએ પણ આવાં લક્ષણો બતાવ્યા છે. એમણે બ્રહ્મની ઓળખ આપતી વખતે આ બધાં વિશેષણો પ્રયોજ્યાં છે, એવી જ રીતે 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા'માં પણ આ જ્ઞાનસ્વરૂપની ઓળખ આપવામાં આવી છે. ભક્તો અને સંતોએ પણ પોતાની રીતે ઈશ્વરની ઓળખ આપી છે. પ્રત્યેક વ્યક્તિની ઈશ્વરની ઓળખ એના સાધનામાર્ગમાંથી પ્રગટ થઈ રહી છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોર ઈશ્વર વિશે કહે કે 'ઈશ્વર મોટા મોટા સામ્રાજ્યથી વિમુખ થઈ શકે છે, પણ નાનાં-નાનાં પુષ્પોથી નહીં.' એનો અર્થ એ કે આ કવિને પુષ્પોનાં સૌંદર્યમાં ઈશ્વરનો અણસાર સાંપડે છે, તો એ જ ઈશ્વરને જોવા માટે ગાંધીજી શ્રદ્ધાનાં તત્ત્વનું મહત્ત્વ કરે છે. એમના મતે ઈશ્વર નિરાકાર છે અને એનું દર્શન આંખથી નહીં, પણ શ્રદ્ધાથી થઈ શકે. સ્વયં ભગવાન બુદ્ધે કહ્યું છે કે, 'જે ઈશ્વર સબંધે પૂછે છે તે ભૂલ કરે છે અને તેનો જે ઉત્તર આપે છે તે પણ ભૂલ કરે છે.'

આ ઈશ્વર શાસ્ત્રો કે ધર્મગ્રંથોમાં છુપાયેલો નથી અને એથી તો રામકૃષ્ણ પરમહંસ જેવા પરમ ભક્ત એમ કહે છે કે માત્ર ધર્મગ્રંથો કે શાસ્ત્રો વાંચીને ઈશ્વરને જાણવો તે તો એવી વાત છે કે જેમ નકશામાં બનારસ શહેર જોઈને એનું વિવરણ સાંભળવું, તો કોઈ જ્ઞાનયોગી એમ કહેશે કે ઈશ્વર એ તો સુખદુઃખરહિત, આનંદસ્વરૂપ અને સાક્ષીરૂપ છે. આ જ્ઞાનમાર્ગનો પ્રવાસી આ સાક્ષીને પરમાત્મા કે પરબ્રહ્મ કહેશે. ઈશ્વર કે 'ગૉડ' જે કહેવું હોય તે કહો, પણ એ સાક્ષી જ છે. એકસરખા લક્ષણોવાળી બે વસ્તુઓ જેમ ન હોય અને હોય તો એ બંને એક જ ગણાય, તેથી સાક્ષી તે જ પરમ બ્રહ્મ છે.

જ્ઞાનમાર્ગના ગ્રંથોમાં બ્રહ્મનું રહસ્ય આપવામાં આવ્યું છે. જો કે એમ કહેવાય છે કે એનું સ્વરૂપ એવું છે કે જે વાણીથી વર્ણવી શકાય નહીં. એ એવી પરમ આનંદમય અવસ્થા છે કે જે અવસ્થાને જીવનની બીજી કોઈ અવસ્થા સાથે સરખાવી શકાય નહીં.

માનવી જાગતો હોય તો એ જાગ્રત અવસ્થામાં છે, સુષુપ્તિમાં હોય તો એ સુષુપ્ત અવસ્થા છે અને મીઠાં મધુરાં-ડરામણાં કે વિચિત્ર સ્વપ્નોમાં ડૂબેલો હોય તો એ સ્વપ્નાવસ્થા છે, પરંતુ ઈશ્વરનું - પરમનું - જે તત્ત્વ છે તે સાવ જુદું છે અને તે આનંદાવસ્થા છે. અંતઃકરણના આનંદરૂપે એની પ્રતીતિ થાય છે અને આવા આનંદ સાથે શરીરનો કોઈ સબંધ હોતો નથી, તેમાં ઈન્દ્રિયોની કોઈ લીલા હોતી નથી, મનના વિચારોથી એ પર હોય છે. આવા અંતઃકરણના આનંદને જ્ઞાનીઓ શુદ્ધ સત્ત્વ કહે છે, અને આવા શુદ્ધ - સત્ત્વ અથવા આનંદમય અવસ્થાનો જે સાક્ષી, જે તત્ત્વ છે તે જ સાક્ષી છે, એ જ બ્રહ્મ છે.

●●●

श्री पूज्यपाद आचार्य विरचित

# समाधितंत्रनुं अमृतरसपान (क्रमांक-८९)

**प्रा. चंदाबहेन वी. पंचाली (बोटाद)**

ચૈતન્ય નિજારી, ચૈતન્ય વિહારી, ચૈતન્ય આહારી એવા પરમકૃપાળુદેવ ત્રણલોકની કલ્યાણસંપત્તિ છે. વચનામૃતમાં પરમકૃપાળુદેવની નિજાશ્રયી સરસ્વતી મોક્ષમાળા પાઠ-૫૧માં આલેખે છે, "સંસારનાં સુખો અનંતી વાર આત્માએ ભોગવ્યાં છતાં તેમાંથી હજુ પણ મોહિની ટળી નહીં, અને તેને અમૃત જેવો ગણ્યો એ અવિવેક છે; કારણ સંસાર કડવો છે; કડવા વિપાકને આપે છે; તેમજ વૈરાગ્ય જે એ કડવા વિપાકનું ઔષધ છે, તેને કડવો ગણ્યો; આ પણ અવિવેક છે. જ્ઞાનદર્શનાદિ ગુણો અજ્ઞાન, અદર્શને ઘેરી લઈ જે મિશ્રતા કરી નાંખી છે તે ઓળખી ભાવ અમૃતમાં આવવું, એનું નામ વિવેક છે." 'મોક્ષમાળા' જે પરમકૃપાળુદેવે સાડા ત્રણ દિવસમાં રચના કરી તે સાચા અંતર્મુખ થવાની અંતર્મુખમાળા છે; જેમાં વીરમાર્ગનું સહજ સત્ય સમાયેલું છે.

શ્રી પૂજ્યપાદસ્વામીએ સમાધિતંત્ર ગ્રંથમાં આત્મજ્ઞાની અંતરાત્માને આત્મબોધ આપ્યો છે. નિજને સાધીને જિન બનવાનો મધુર માર્ગ બતાવ્યો છે. આપણે શ્લોક સત્તાવનમાં અભ્યાસ કર્યો કે પ્રથમ આત્મસ્વરૂપમાં સ્થિત થઈને પોતાના શરીરને શરીર માનવું તથા શરીરને આત્મા માનવો નહીં. તેમજ અન્યના શરીરને પણ આત્મરૂપ ન માનવું. શરીર અચેતન જડ છે તેમ માનવું. શરીરથી ભેદજ્ઞાન કરાવી આત્મસ્થિતિને વધુ દઢ કરી છે. હવે શ્લોક અઠ્ઠાવનમાં જ્ઞાનીની અંતરંગ સ્થિતિ સમજાવીન સ્વમાં રહેવું હિતકારક છે તે કહે છે,

**अज्ञापितं न जानन्ति यथा मां ज्ञापितं तथा ।**
**मूढात्मनिस्ततस्तेषां वृथा म ज्ञापनश्रमः ॥५८॥**

**અન્વય** : यथा मूढात्मनः अज्ञापितं मां न जानन्ति ततः तेषां मे ज्ञापनश्रमः वृथा ।

**શબ્દાર્થ : यथा** = જેમ, **मूढात्मानः** = અજ્ઞાની જીવો, **अज्ञापितं** = જાણ કરાવ્યા વિના, **मा** = મને અર્થાત્ મારા આત્મસ્વરૂપને, **न जानन्ति** = જાણતાં નથી, **तथा** = તેમ, **ज्ञापितं** = જાણ કરાવ્યા છતાં પણ, **न जानन्ति** = જાણતાં નથી, **ततः** = તેથી, **तेषां** = તેમને અર્થાત્ અજ્ઞાની જીવોને, **मे ज्ञापनश्रमः** = મારો બોધ કરવાનો પરિશ્રમ, **वृथा** = નિષ્ફળ છે.

**ભાષાંતર :** જ્ઞાની વિચારે છે કે અજ્ઞાની જીવો જાણ કરાવ્યા વિના મારા આત્મસ્વરૂપને જાણતા નથી તથા જાણ કરાવ્યા છતાં જાણતાં નથી. તેથી અજ્ઞાની જીવોને બોધ કરવાનો મારો પરિશ્રમ નિષ્ફળ છે.

**ભાવાર્થ :** શ્રી પૂજ્યપાદ સ્વામીએ આત્મજ્ઞાની નિરંતર આત્માશ્રયમાં લીન થઈ, સાધનારત રહી, ગુણસ્થાન આરોહણ પામી નિત્ય શાશ્વત સુખલીન બને એવી ભાવનાને લક્ષગત કરીને પ્રસ્તુત શ્લોકની રચના થઈ છે. પ્રશ્ન થવો સંભવે કે પોતે આત્મસ્વરૂપને જાણે તે બીજાને સમજાવવા પ્રયત્ન કરવો તેમાં શ્રમની નિષ્ફળતાનો પ્રશ્ન નથી. તેવા અજ્ઞાનીને અહીં પ્રત્યુત્તર આપ્યો છે. આ ગ્રંથના શ્લોક ઓગણીસમાં આચાર્યદેવે કહ્યું હતું કે હું પર થકી પ્રતિષ્ઠા પામું, પર પદાર્થોનું પ્રતિપાદન કરું તે મારી ઉન્મત્ત ચેષ્ટા છે કારણ હું તો નિર્વિકલ્પ છું.

સમવસરણમાં ભગવાને ઉપદેશ આપ્યો છતાં બધા જીવો ન સમજ્યા. જેમની યોગ્યતા હતી તેઓ સમજ્યા. જો ભગવાનની દિવ્યધ્વનિથી જે ન સમજ્યા તે મારાથી શું સમજશે ? મારા પ્રતિપાદન કરવાથી અજ્ઞાનીઓ આત્મસ્વરૂપને જાણતાં નથી માટે બીજાને સમજાવવાનો મારો શ્રમ વૃથા છે. ધર્મીને ઉપદેશ આદિનો વિકલ્પ આવે પણ તે વિકલ્પને પણ વૃથા જાણે છે. વિકલ્પ ઉપર જોર નથી. જ્ઞાની વિકલ્પને તોડીને જ્ઞાનસ્વરૂપ આત્મામાં ઠરવા માંગે છે.

આત્માના ચિદાનંદમાં રહેવું તે સમાધિ છે. બીજાને સમજાવવાનો જે વિકલ્પ આવે છે તે રાગ છે. તે રાગથી પણ જીવને બંધન થાય છે. અજ્ઞાની જીવો સ્વયં આત્માને જાણતા નથી તે મારા કહેવાથી પણ જાણતા નથી. સહુને સહુની યોગ્યતાથી મળે છે. હું બીજાને સમજાવી દઉં એવી બુદ્ધિ જ્ઞાનીને નથી. આ વિકલ્પ અને વાણીથી જુદો જ્ઞાયક સ્વભાવ તે હું છું. બીજા જીવો પણ વાણી અને વિકલ્પથી પાર જ્ઞાયક સ્વરૂપ છે. વાણી અને વિકલ્પથી આત્મા સમજાય તેમ નથી. અંતરમાં સ્થિરતા થતાં આત્માનુભવ થાય છે. જ્ઞાની ભેદજ્ઞાનની પરમ ઉત્કૃષ્ટ દૃષ્ટિને પામેલા છે. ઉપદેશથી હું બીજાને સમજાવી શકું એમ જ્ઞાની માનતા નથી. અંતરાત્મા જ્ઞાનીને ચૈતન્યનું ચિંતન અને ધ્યાન પરમપ્રિય છે. તે જ સમાધિ છે.

પરમકૃપાળુદેવ 'બિના નયન પાવે નહીં' તે કાવ્યમાં લખે છે -

**નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;**
**સબસે ન્યારા અગમ હૈ, વો જ્ઞાની કા દેશ**

પરમકૃપાળુદેવની આ વાણી છે "વાણીનું સંયમન શ્રેયરૂપ છે, તથાપિ વ્યવહારનો સંબંધ એવા પ્રકારનો વર્તે છે કે, કેવળ તેવું સંયમન રાખ્યે પ્રસંગમાં આવતા જીવોને ક્લેશનો હેતુ થાય; માટે બહુ કરી સપ્રયોજન સિવાયમાં સંયમન રાખવું થાય, તો તેનું પરિણામ કોઈ પ્રકારે શ્રેય રૂપ થવું સંભવે છે."

'શ્રીમદ્ રાજચંદ્ર-જીવનકળા'માં કહ્યું છે, "શ્રીમદ્ રાજચંદ્રે એક મુનિને વ્યાખ્યાન વખતે કેવા ભાવ રાખવા તે વિષે નીચે પ્રમાણે ભલામણ કરી છે-સાધુઓએ સ્વાધ્યાય કરવો જોઈએ; સ્વાધ્યાય, ધ્યાન વિના મુનિ કાળ વ્યતીત કરે નહીં. જ્યારે વ્યાખ્યાન સમય હોય ત્યારે એમ વિચારવું કે મારે સ્વાધ્યાય કરવો છે માટે મોટેથી ઉચ્ચાર કરી, અન્ય સાંભળે એવા અવાજથી સ્વાધ્યાય કરું છું એવી ભાવના કરવી. કંઈ આહાર આદિની પણ તેમની પાસેથી કામના રાખવી નહીં; નિષ્કામ ભાવે વ્યાખ્યાન વખતે સ્વાધ્યાય કરવો." જ્ઞાનીને અંતરંગમાં સ્થિરતાના ભાવ વિશેષ રહે છે. જો બાહ્યભાવમાં ઉપયોગ રહે તો આત્મવિકાસ રુંધાય છે માટે બીજાને સમજાવવાનો ભાવ વ્યર્થ છે.

કોઈને પ્રશ્ન થાય છે કે જ્ઞાની પણ ઉપદેશ તો આપે છે ? તેને પ્રત્યુત્તર છે કે જ્ઞાની અકર્તા જ્ઞાતા થઈને ઉપદેશ આપે છે. ભાષાવર્ગણા જે બહાર આવે છે તેના કર્તા જ્ઞાની નથી. અલ્પભાવે વિકલ્પ આવે છે અને ઉપદેશ નીકળે છે પણ તે વખતે જ્ઞાનીને તો પોતાના ચૈતન્યતત્ત્વની જ ભાવના છે. જ્ઞાનીની અંતરભાવનાને અજ્ઞાની ઓળખી શકતો નથી. કારણ કે અજ્ઞાનીને જ્ઞાનીના અંતરસ્તલે આત્મા જ ઘૂંટાતો હોય છે તેનો બોધ નથી. વિકલ્પ અને વાણીના પ્રવાહમાં જ્ઞાની તણાતા નથી. આત્મસ્થ-તટસ્થ રહીને ચૈતન્યને વેદે છે.

જ્ઞાની જાણે છે કે ચૈતન્યતત્ત્વ સ્વસંવેદન ગમ્ય છે. કોઈ વચનથી જણાય તેમ નથી. આત્મા વચનથી કેમ ગમ્ય થાય ? પરમકૃપાળુદેવ 'અપૂર્વ અવસર' કાવ્યમાં આ ભાવો પ્રગટ કરે છે.

**"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?"**

સ્વસંવેદનગમ્ય આત્મતત્ત્વ વાણીમાં કેમ આવે ? અજ્ઞાની જીવો પોતે જ્યારે અંતર્મુખ થઈને સમજશે ત્યારે જ તેમને આત્મસ્વરૂપ સમજાશે. જ્ઞાની ઉપદેશ આપે ત્યારે અજ્ઞાનીને એમ થાય કે જ્ઞાનીને બોલવું ગમે છે. અજ્ઞાની જ્ઞાનીને રાગ, ગમા, અણગમાથી ઓળખે છે. જ્ઞાની તો ભૂમિકા પ્રમાણે રાગ અને વાણીથી ભિન્ન જ્ઞાયકને અનુભવતા હોય છે.

**વિશેષાર્થ :** શ્રી આચાર્યદેવના ઊંડાણને સમજવું સૂક્ષ્મતા માગે છે.

**(૧) યથા મૂઢાત્મા નઃ** = જેમ અજ્ઞાની - બહિરાત્મા, વિપરીત માન્યતાવાળા.

**(૨) અજ્ઞાપિતં મામ ન જાનન્તિ** = જાણ કર્યા વિના મારા આત્મસ્વરૂપને જાણતાં નથી. કારણ અજ્ઞાનીની સમજણની ભૂમિકા બહિરાત્માની છે. સમજાવ્યા વગર આત્મસ્વરૂપને જાણતા નથી.

પાત્ર વગર વસ્તુધારણ થતી નથી. પરમકૃપાળુદેવ ફરમાવે છે,

"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન."

પાત્રતા આવતા જ્ઞાની જે કહે તે સમજાય છે. જેની પાત્રતા ન હોય, જેની ભવસ્થિતિ પાકી ન હોય, તેને આત્મસ્વરૂપ કહેવામાં આવે તો પણ આત્મ સ્વરૂપનું જ્ઞાન પામી શકે નહિ. બહિરાત્મા પોતાના હિત-અહિતને જાણતાં નથી. જ્ઞાની બોધ આપવા પ્રયત્ન કરે ત્યારે સ્વરૂપ પ્રત્યે રુચિ ન હોવાથી ધર્મ પ્રત્યે અને જ્ઞાની પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય છે. જગતને રૂડું દેખાડવા અનંત પ્રયત્ન થાય પણ જગતનું રૂડું તેનાથી થતું નથી.

(૩) **ज्ञापितं न जानन्ति** = જાણ કરાવ્યા છતાં જાણતા નથી. જ્ઞાનીને બોધ દેવાનો ભાવ આવે છતાં અજ્ઞાનીને રસ, રુચિ, પ્રેમ ન હોવાથી જ્ઞાનીના ભાવને જાણતા નથી. જ્ઞાની રાગને કારણે બોધ આપે, અજ્ઞાની બાહ્ય રીતે સાંભળે પણ ખરા ! પણ પ્રવચન, વ્યાખ્યાન, સત્સંગ હોય તો સત્સંગ પૂરો થતાં જ સંસારની વાતોમાં મગ્ન થઈ જાય છે. સાંભળેલું વ્યર્થ જાય છે. આત્મસ્વરૂપને જાણતા નહિ હોવાથી જ્ઞાનીનો ઉપદેશ નિષ્ફળ જાય છે. ભીતરમાં પડેલો રસ-રુચિ બહાર આવી જાય છે.

(૪) **ततः तेषां मे ज्ञापनश्रमः वृथा** = તેથી અજ્ઞાનીને બોધ કરવાનો મારો પરિશ્રમ નિષ્ફળ છે. જ્ઞાની રાગભાવથી બીજાને બોધ આપે પણ જ્ઞાનીનો પરિશ્રમ વ્યર્થ છે. જ્ઞાની બહિરાત્માઓને આત્મસ્વરૂપ સમજાવવામાં ઉદાસીન હોય છે કારણ કે

(i) બહિરાત્મ જીવો બહિર્મુખ હોય છે. તેમની દૃષ્ટિ બાહ્ય વિષયો તરફ હોય છે. આત્મસ્વરૂપ જાણવાની તેઓને રુચિ નથી. વિષય-કષાયમાં તેઓ પ્રવૃત્ત હોય છે.

(ii) 'હું બીજાને સમજાવી દઉં' એવી બુદ્ધિ જ્ઞાનીઓને નથી. તેઓ જાણે છે કે કોઇ કોઇને સમજાવી શકે નહિ. દરેક પદાર્થ પોતાની મર્યાદામાં સ્વયં પરિણમે છે. સ્વાધીન હોય છે.

(iii) અસ્થિરતાને કારણે બીજાને સમજાવવાનો વિકલ્પ ઉઠે પણ અભિપ્રાયમાં તેનો નિષેધ વર્તે છે.

(iv) મારું સ્વરૂપ જ્ઞાતા-દ્રષ્ટા છે. જો કાંઇ કરવાનો વિકલ્પ ઉઠે તે રાગ છે. વાણીનો કર્તા નથી. વિકલ્પોનો પણ કર્તા નથી. અકર્તા જ્ઞાતા છું.

(v) આત્મા ચૈતન્યસ્વરૂપ અખંડ અભેદ છે. સ્વસંવેદનગમ્ય હોવાથી બીજાને સંવેદનમાં લાવી શકાય તેમ નથી. તેથી જ્ઞાનીઓ બીજાને ઉપદેશ દેવાની પ્રવૃત્તિમાં પડતાં નથી. સ્વહિતમાં નિરંતર મગ્નતાના પુરુષાર્થી છે. કદાચ ઉપદેશ દેવાની વૃત્તિ ઉઠે તો મુખ્યતા સ્વસ્થિરતાની રહે છે.

પૂજ્ય બેનશ્રી ચંપાબેનની વીતરાગવાણી લખે છે "પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન-શ્રવણ-મનન આદિ બધું હોય, પણ અંદર તે શુભભાવથી સંતોષાઇ ન જવું. આ કાર્યની સાથે જ એવી ખટક રહેવી જોઇએ કે આ બધું છે પણ માર્ગ તો કોઇ જુદો જ છે. શુભાશુભ ભાવથી રહિત માર્ગ અંદર છે એ ખટક સાથે જ રહેવી જોઇએ.. સમ્યક્દૃષ્ટિને આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી, જગતની કોઇ ચીજ સુંદર લાગતી નથી. જેને ચૈતન્યનો મહિમા અને રસ લાગ્યો છે, તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે. કોઇ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. અનાદિના અભ્યાસને લઇને, અસ્થિરતાને લઇને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના - બધું નિઃસાર ફોતરા સમાન, રસકસ વગરનું હોય એવા ભાવે બહાર ઉભા છે."

સ્વરૂપ ઉપદેશ્યું તે, મૂઢાત્મા જાણતાં નથી;
જાણે કહ્યું નથી કાંઇ, વળે શું ઉપદેશથી. ૫૮

**- પૂ. બ્રહ્મચારીજી**

मोही नहीं समझते निज शक्ति को भी,
ओ जानते न मम उत्तम बोध से भी ।
तो क्यों अहो ! अबुध को उपदेश मेरा,
होना नहीं उदित सूर्य नहीं सबेरा ॥५८॥

**- પૂ. આચાર્ય વિદ્યાસાગરજી**

મૂઢાત્મા જાણે નહીં, વણબોધ્યે જયમ તત્ત્વ;
બોધ્યે પણ જાણે નહીં, ફોગટ બોધન કષ્ટ.

**- શ્રી છોટાલાલ ગાંધી**

(ક્રમશઃ)

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

## ૨૪ મા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી સ્તવન
### (ગતાંકથી ચાલુ)

ગણિશ્રી દેવચંદ્રજીએ પ્રભુ પ્રત્યે દાસત્વભાવનાનું દર્શન કરાવી, સ્વ-દોષ નિરીક્ષણ કરાવી ધર્મમાર્ગમાં આવ્યા પછી પણ થતી આપણી ગંભીર ભૂલો બતાવી તેમજ નિમિત્ત-ઉપાદાનની સંધિની અગત્યતા પ્રત્યે પણ આપણું ધ્યાન દોર્યું. પ્રભુભક્તિથી ''શુદ્ધ શ્રદ્ધાન'' અને ''આત્મ-અવલંબન'' રૂપ જે પારમાર્થિક કાર્ય થવું જોઇએ, તે માટે આ સ્વચ્છંદનિરોધરૂપ દાસત્વભાવના, સ્વદોષદર્શન અને નિમિત્ત-ઉપાદાનની અનેકાંતરૂપ સમજણ સહિતની ભૂમિકા અનિવાર્ય છે. આ રીતે જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિથી વિભૂષિત સાધક કઇ રીતે સમ્યગ્દર્શનથી શરૂ કરી પૂર્ણ મુક્તિ સુધીની યાત્રા સરળતાથી પૂરી કરી શકે તેનું અદ્‌ભૂત રહસ્ય હવે એક જ ગાથામાં જે રીતે શ્રી દેવચંદ્રજી સમાવી લે છે તે જોઇને સર્વ મોક્ષાર્થી સાધકોના હૃદય પુલિકત થઇ ઊઠશે :

**સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,**
**દરિશણ શુદ્ધતા તેહ પામે;**
**જ્ઞાન ચારિત્ર તપ, વીર્ય ઉલ્લાસથી,**
**કર્મ ઝીપી વસે મુક્તિ ધામે. ॥૨૦૫**

**શબ્દાર્થ :** જે મહાવીરસ્વામીના (ઉપલક્ષથી સર્વ તીર્થંકર ભગવંતોના) ગુણોને ઓળખી તેમની ભક્તિ કરે છે, તે શુદ્ધ સમ્યગ્દર્શનને પામે છે; તેમ જ સમ્યક્‌જ્ઞાન-ચારિત્ર-તપ અને ઉલ્લાસપૂર્વકના આત્મવીર્યથી કર્મનો ક્ષય કરી મુક્તિધામ, મોક્ષમાં જઇ વસે છે. (દરિશણ = દર્શન, સમ્યગ્દર્શન; ઝીપી = નાશ કરી, ક્ષીણ કરી)

**વિશેષાર્થ :** મોક્ષમાર્ગના મંડાણ સમ્યગ્દર્શનથી થાય છે એ તો સર્વવિદિત વાત છે. તેથી મોક્ષનો અભિલાષી મુમુક્ષુ સમ્યગ્દર્શન માટે અનેક પ્રયત્નો કરતો હોય છે. અહીં દેવચંદ્રજી પોતાના અનુભવના નિચોડરૂપે તેનો સીધો, સરળ અને સચોટ ઉપાય બતાવતાં કહે છે : **''સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે, દરિશણ શુદ્ધતા તેહ પામે''** ભક્તિમાર્ગથી મોક્ષ કઇ રીતે થઇ શકે એવી કોઇને અલ્પ પણ શંકા હોય તો તેનું નિરાકરણ આ ભક્તિસભર વચનામૃતમાં છે. ગણિશ્રી કહે છે કે, સ્વામીને, તીર્થંકર પ્રભુને ભજીએ પણ તે કઇ રીતે ? તેમના ગુણોને ઓળખીને જે ભજે તો તે ભવ્ય જીવ શુદ્ધ સમ્યગ્દર્શન પામે ! વાત બહુ સરળ લાગે, પરંતુ 'ઓળખવું' એટલે શું અને 'ભજવું' એટલે શું તે બહુ ઊંડી વિચારણા માગે છે, કારણ કે અનંત ભવનું મૂળ છેદે એવા 'સમ્યગ્‌દર્શન' ની ઉપલબ્ધિ આ બે શબ્દોના મર્મમાં રહેલી છે.

''દરિશણ શુદ્ધતા'' એટલે દર્શનગુણની, શ્રદ્ધા ગુણની શુદ્ધતા અર્થાત્ શુદ્ધ સમ્યગ્દર્શન કે નિશ્ચય સમ્યગ્દર્શન અને તે **''સર્વગુણાંશ તે સમ્યક્ત્વ''** (શ્રીમદ્ રાજચંદ્રજી-પત્રાંક ૯૫) ના ન્યાયે આપણામાં પ્રભુ જેવા ગુણોના અંશોના પ્રગટીકરણની અપેક્ષા રાખે એ સ્વાભાવિક સમજાય એવી વાત છે. પ્રભુનું પ્રભુત્વ જ તેમના ગુણોના ભંડારથી છે અને આપણામાં જો તે ગુણોના અંશો પણ આવે તો તેમાં પણ એવા જ પ્રભુત્વનું સામર્થ્ય સ્વભાવગત રહેલું છે. તેથી 'સમ્યગ્દર્શન', જે આ પ્રભુતામાં પગલાં મંડાવે છે, તે ગુણપ્રાગટ્ય વિના કઇ રીતે શક્ય બને? ન જ બને. અને તે માટે પ્રભુના ગુણોને 'ઓળખીને ભજીએ' એ જ સર્વોત્તમ ઉપાય દેવચંદ્રજી અનંતકૃપા કરી બતાવી રહ્યા છે.

પ્રભુના ગુણોને 'ઓળખવા' એટલે અંતરમાં તેનું અત્યંત માહાત્મ્ય લાવવું, તે ગુણોનું જીવનમાં કેટલું ઊંચું મૂલ્ય છે, તે સમજવું અને સમજીને પછી 'ભજવું'- અર્થાત્ ભાવોલ્લાસથી તેના ગુણગાન કરી અત્યંત અહોભાવ લાવવો અને ત્યારબાદ પ્રભુની

આ જ આજ્ઞા છે એમ આજ્ઞા આરાધનરૂપે અર્પણભાવ લાવી એક લક્ષથી તે ગુણોનું રટણ કરતાં તેને આત્મસાત્ કરતાં જવાં, તે છે સાચી ભજના. આમ, ઓળખાણ, અહોભાવ અને અર્પણતાના ત્રિવેણીસંગમથી સાધકમાં પ્રભુ જેવા જ ગુણો જે શક્તિરૂપે પડ્યા છે તે પાત્રતા અનુસાર યથાશક્તિ વ્યક્ત થવા લાગે છે અને સમ્યગ્દર્શનરૂપ મોક્ષનું રીઝર્વેશન થાય છે !

પ્રભુના દર્શન કરતી વખતે માત્ર તેમની રિદ્ધિસિદ્ધિ આદિ બાહ્યસ્વરૂપને ન જોતાં તેમની મુખમુદ્રામાં તેમની વીતરાગતા, તેમની શાંતિ, તેમની નિઃસ્પૃહતા, નિર્વિકારતા, અનંત જ્ઞાનાનંદ આદિ આંતરિક ગુણો તરફ લક્ષ કરવું. ક્યારેક એકાંતમાં આવો અવસર મળે તો અનુભવ થશે કે તે ગુણો કેવા આપણને સ્પર્શી રહ્યાં છે ! એ જ આપણી ધ્યાનની સાધના બની જશે !

પ્રશ્ન થાય કે પ્રભુ તો અનંત ગુણોના ભંડાર છે, તો મારી પાત્રતા અનુસાર મારે કયા ગુણોને પ્રાથમિકતા આપી કામ કરવું ? તો તે માટે એક સુંદર, મૌલિક અને પ્રેક્ટીકલ યુક્તિ પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજી આ પ્રમાણે બતાવે છે કે : *"તમારામાં જે મુખ્ય દોષો તમને દેખાતા હોય તેના પ્રતિપક્ષી એવા પ્રભુના ગુણો વારંવાર યાદ કરવાં !"* ધારો કે મને 'ક્રોધ' બહુ સતાવતો હોય તો તેનો પ્રતિપક્ષી ગુણ એટલે પ્રભુની 'ક્ષમા' યાદ કરવી. ચંડકોશિયા કે ગોશાળા પ્રત્યેની ક્ષમા ! જો મને 'પ્રમાદ' સતાવતો હોય તો પ્રભુની ૪૫૧૫ દિવસના મૌન-ધ્યાન આદિ સાધના-સમયની અપ્રમત્તદશા અને આત્મજાગૃતિ યાદ કરવી. પ્રભુના સાધનાકાળના ચરિત્ર-પ્રસંગો આમાં ઘણું પ્રેરણાબળ પૂરું પાડશે. આમ, જે દોષો મને ખટકતા હોય તેના પ્રતિપક્ષી પ્રભુના ગુણો મને ગમવા લાગશે અને ગમશે તેથી આત્મસાત્ થવા લાગશે. એટલું જ નહીં, જિનેશ્વરના લઘુનંદન એવા પ્રત્યક્ષ સદ્ગુરુના પણ અનેક ગુણોનું અનુસરણ થવા લાગશે !

પ્રભુના ગુણોની ઓળખાણ એટલે પ્રભુની જ ઓળખાણ અને તેનાથી કેટલો મોટો ફાયદો છે તે દેવચંદ્રજીની વાતનું સમર્થન બે મહાપુરુષો આ રીતે કરે છે - પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક - ૫૨૨ માં ફરમાવે છે કે : *"જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથા પ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે."* તો અપ્રમત્ત યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્ય પ્રકાશે છે કે :

*જે જાણતો અર્હંતને, ગુણ દ્રવ્ય ને પર્યયપણે,*
*તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.*

(શ્રી પ્રવચનસાર-ગાથા-૮૦-ભાવાનુવાદ)

જે ભવ્ય જીવ અરિહંત પ્રભુના ત્રિકાળી શુદ્ધ આત્મદ્રવ્યને, તેમના ગુણો અને તેની પર્યાયની શુદ્ધતાને જાણે છે તે જીવનો મોહ નષ્ટ પામતાં તે પોતાના આત્માને, સ્વરૂપને જાણે છે. 'જાણે' માં દેવચંદ્રજીની 'ઓળખીને ભજવાની' વાત જ સમાયેલી છે.

સમ્યગ્દર્શનથી દર્શનમોહનો નાશ (ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય) થતાં પૂજ્ય ગુરુદેવશ્રી આત્માનંદજી સાહેબ કહે છે તેમ : "Half the battle is won" - અર્ધો જંગ તો જીતી લીધો ! હવે તે સાધક ચારિત્રમોહના નાશ તરફ આગળ વધે છે અને દેવચંદ્રજી કહે છે : **"જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય ઉલ્લાસથી, કર્મ ઝીપી વસે મુક્તિધામે."** એક શ્રદ્ધા ગુણ સમ્યક્ થતાં જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય એમ બધા જ ગુણો સમ્યક્ થવા લાગે છે. *"જે જ્ઞાન અનંતકાળથી ભવહેતુ થતું હતું તે સમયમાત્રમાં જાત્યાંતર થઈ ભવનિવૃત્તિરૂપ થાય છે."* (શ્રીમદ્રાજચંદ્રજી પત્રાંક : ૮૩૯) ચારિત્ર પણ સ્વરૂપાચરણ ચારિત્રથી, દેશવિરતિ, સર્વવિરતિ અને યથાખ્યાત ચારિત્ર તરફ આગળ ધપે છે; બાર પ્રકારના અંતરંગ-બાહ્ય તપ વડે ઇચ્છાનિરોધરૂપ સમ્યક્તપ થતાં અનંતા કર્મોની સકામ નિર્જરા થવા લાગે છે અને ઉલ્લસિત વીર્ય એવું પ્રચંડ કે અનેક ઉપસર્ગ-પરિષહોનો મેરુની જેમ અડગ રહી સામનો કરી ક્ષાયિક ભાવે "કર્મ ઝીપી"- સર્વ ઘાતીકર્મોનો નાશ કરી સિદ્ધપદે મુક્તિધામે અષ્ટમ પૃથ્વી એવા

સિદ્ધલોકમાં બિરાજે છે ! અહોહો, સાનંદાશ્ચર્ય કે પ્રભુના ગુણોની યથાર્થ ઓળખાણ અને ભક્તિ કલ્યાણની કેવી પરંપરા સર્જે છે ! આવા પરમ કલ્યાણના કામી દેવચંદ્રજી મહારાજ હવે પ્રભુ મહાવીર પ્રત્યે શરણાગતિ અને દાસત્વભાવ વ્યક્ત કરી પોતાની મનોકામના રજૂ કરતાં કહે છે :

**જગતવત્સલ મહાવીર જિનવર સુણી,**
**ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;**
**તારજો બાપજી, બિરુદ નિજ રાખવા,**
**દાસની સેવના રખે જોશો. તાર૦૬**

**શબ્દાર્થ :** 'મહાવીર જિનેશ્વર જગતવત્સલ છે' એમ સાંભળીને મારા ચિત્તે પ્રભુના ચરણનું શરણ લઇ તેમાં જ વસવાટ કર્યો છે. હે બાપજી ! આપના જગતારક બિરુદને નિભાવવા મને (ભવસાગરથી) તારજો. આ દાસની સેવામાં જે કંઇ ઉણપ દેખાય તેને નજરઅંદાજ કરી મને તારજો ! (જગતવત્સલ = જગતના જીવો પ્રત્યે વાત્સલ્ય રાખનાર; સુણી = સાંભળીને)

**વિશેષાર્થ :** હે મહાવીરસ્વામી ! આપ માતાની જેમ પ્રેમ અને વાત્સલ્ય આપી જગતના સર્વ જીવોને દુ:ખથી મુક્ત થવાનો માર્ગ બતાવનાર જગતવત્સલ છો, એવું મેં અનેક જ્ઞાનીપુરુષો પાસેથી સાંભળ્યું છે. શ્રી અમિતગતિ સામાયિક પાઠ - ગાથા ૧૬ (ભાવાનુવાદ) માં પણ પ્રભુની જગતવત્સલતા બતાવતાં આચાર્યશ્રી અમિતગતિ ફરમાવે છે :

*આ વિશ્વનાં સૌ પ્રાણી પર, શુદ્ધ પ્રેમ નિ:સ્પૃહ રાખતા,*
*નહિ રાગ કે નહિ દ્વેષ જેને, અસંગ ભાવે વર્તતા.*

આમ, સર્વ સત્પુરુષો પાસેથી પ્રભુની કરુણા પ્રેમ, વાત્સલ્યની કથા સુણીને હે પ્રભુ ! મારું ચિત્ત આપના ચરણનું શરણ લઇને આપની આજ્ઞા-આરાધનરૂપ ચરણમાં નિરંતર વસવા લાગ્યું છે. તેમાં જ એકતાન થવા લાગ્યું છે. માટે હે બાપજી ! (જુઓ, બાપજી કહીને દેવચંદ્રજી પ્રભુ સાથે informal પ્રેમસંબંધ પણ બાંધી લે છે, જેથી પ્રભુના કૃપાપાત્ર બની જઇએ !) હે જગતપિતા ! આપનું જે તારણતરણ, ભવનિવારણ, 'તિન્નાણં તારયાણં' બિરુદ છે તે શોભાવવા આ દાસને તમારે તારવો જ પડે ને ? હું કબૂલ કરું છું કે આપની આજ્ઞા-આરાધનરૂપ સેવનામાં કે જિનશાસનની સેવામાં મારી ઘણી કચાશ અને શિથિલતા છે, છતાં હે વાત્સલ્યમૂર્તિ! મારા દોષો તરફ રખે જોતાં. આપને બાપજી કીધાં છે તો મારા દોષોને, મારી સેવાની ઊણપને ગૌણ કરી મને તારવામાં ઢીલ ન કરતા ! અંજનચોર, રોહિણીચોર જેવાને તમે તાર્યા છે તો આ ભક્તના દોષોની ઉપેક્ષા કરી મને પણ આ ભવસાગર પાર ઊતારો. ક્યારેક પ્રભુદર્શન વખતે એકાંતના માહોલમાં પ્રભુ સાથે આ રીતે દિલથી વાતો કરવાની રીત દેવચંદ્રજી પાસેથી શીખવા જેવી છે. ભક્તિસભર વિનંતીને વધુ દઢ કરતાં ગણિશ્રી હવે પરાભક્તિ તરફ આગળ વધી અંતિમ ગાથામાં ભાવભીના હૃદયે કહે છે :

**વિનતિ માનજો, શક્તિ એ આપજો,**
**ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;**
**સાધી સાધક દશા, સિદ્ધતા અનુભવી,**
**દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે. તાર૦૭**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! મારી આ વિનંતી સ્વીકારો કે મને એવી શક્તિ આપજો કે હું વસ્તુસ્વરૂપને સ્યાદ્વાદપૂર્વક શુદ્ધભાવથી જાણી શકું, જેથી સાધકદશાને સાધી હું સિદ્ધ અવસ્થા અનુભવું અને દેવોમાં ચંદ્ર સમાન નિર્મળ પ્રભુતા (મારા અંતરમાં) પ્રકાશે. (સ્યાદ્વાદતા = વસ્તુસ્વરૂપને અનેકાંતપૂર્વક કહેવાની વીતરાગદર્શનની પદ્ધતિ)

**વિશેષાર્થ :** પૂજ્યશ્રી આત્માનંદજીના શબ્દોમાં કહીએ તો જ્ઞાનીપુરુષો પ્રભુને એવી વિનંતી કરે કે પ્રભુને પૂરા ખંખેરી નાખે ! અર્થાત્ બધું માંગી લ્યે ! અને પ્રભુ તો "હાંરે કોઇ માધવ લ્યો" એમ આપવા માટે તૈયાર જ બેઠાં છે ! તેમની પાસે તો બધા ગુણોનો અનંતો ભંડાર છે, જે કદી ખાલી ન થાય. દેવચંદ્રજી જેવા જ તેના ગ્રાહક થાય છે અને જુઓ, સિદ્ધપદ સુધીનું માંગી લ્યે છે !

અહીં ગણિશ્રી દેવચંદ્રજી વિનંતી કરતાં પ્રભુ પાસે એવી શક્તિ માંગે છે કે જેમાં તેમની તત્ત્વદૃષ્ટિ

પણ ઝળકે છે. પોતે સર્વવિરતિ સંયમના માર્ગે તો છે જ, પણ છદ્મસ્થ દશા હોવાથી પૂર્ણતા પ્રાપ્ત કરવા ઉગ્ર પુરુષાર્થ જોઇએ. તે માટે શક્તિ માંગે છે, કારણ કે તેમને હવે કોઇ ઢીલ પોસાતી નથી. અહીં કોઇ શારીરિક શક્તિની વાત નથી, પણ સુદૃઢ આત્મવીર્ય, અચળ શ્રદ્ધા, અડોલ મન, અસ્ખલિત આત્મજાગૃતિ આદિ પારમાર્થિક શક્તિ માગે છે, જેથી મોક્ષ સુધીની યાત્રા નિર્વિઘ્ને પૂરી થાય. વળી, પોતાની સાધના ક્યાંક એકાંત પકડી ન લે તે માટે એક વિશિષ્ટ તાત્ત્વિક માંગણી કરે છે કે શક્તિ એવી આપજો જેથી "**ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે**" - આપની આજ્ઞા પ્રમાણે આપે પ્રરૂપેલા સ્યાદ્‌વાદના માર્ગે ચાલીને ભાવોને શુદ્ધ કરું.

*સકલ જગત હિતકારિણી હારિણી મોહ,*
*તારિણી ભવાબ્ધિ મોક્ષ ચારિણી પ્રમાણી છે.*

*-(શ્રીમદ્ રાજચંદ્રજી-મોક્ષમાળા-શિક્ષાપાઠ-૧૦૭)*

એવી સ્યાત્‌પદથી અંકિત આપની દિવ્યવાણીને અનુસરી અનેકાંતદૃષ્ટિથી હું વસ્તુનું, આત્માનું સત્યસ્વરૂપ સમજું - જેમ કે, આત્મા દ્રવ્યદૃષ્ટિથી નિત્ય છે તો પર્યાયદૃષ્ટિથી અનિત્ય છે. આમ, અનેક પ્રકારે અનેકાંતદૃષ્ટિથી વસ્તુ સ્વરૂપને સમજું અને સમજીને તેનો ભાવ 'ભાસે' અર્થાત્ ભાસન કરું, અનુભવ કરું. નિશ્ચય અને વ્યવહારનો મારી સાધનામાં સમન્વય કરું અને આ રીતે "**સાધી સાધક દશા, સિદ્ધતા અનુભવી**" - મારી સાધકદશામાં આમ 'સ્યાદ્‌વાદ કૌશલ્ય' થી જ્ઞાન અને ક્રિયાની મૈત્રીપૂર્વકની સાધના કરી હું સિદ્ધતા અનુભવું, સિદ્ધિને પામું ! પ્રભુ તો વીતરાગી છે તેથી ભક્તની વિનંતીનો સ્વીકાર કે અસ્વીકારનો પ્રશ્ન જ નથી, પરંતુ દેવચંદ્રજીની અંતરના ઊંડાણથી થતી વિનંતી અને વીર્યોલ્લાસ એવો છે કે "**દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે**" - દેવોમાં ચંદ્ર સમાન વિમળ, ઉજ્જવળ પ્રભુના જેવી પ્રભુતા એક દિવસ પોતાના આત્મામાં પણ પ્રકાશિત થશે એવી દૃઢ શ્રદ્ધાના ઉદ્‌ગારથી સ્તવન પૂર્ણ કરી સ્વરૂપલીન થાય છે.

ગણિશ્રી દેવચંદ્રજીનો આપણા ઉપર મહાન ઉપકાર છે કે મહાવીર સ્વામીની સ્તવના કરતાંની સાથે સાધનાનો ઉપક્રમ બતાવી આપણને તેમની સાથે જોડ્યાં. તેમની આ ભક્તિના નિમિત્તથી આપણું દોષદર્શન કરાવ્યું, શુષ્કજ્ઞાન અને ક્રિયાજડત્વથી બચાવી શુદ્ધ શ્રદ્ધાન અને આત્માલંબન તરફ વાળ્યા, નિમિત્તને ગૌણ કર્યા વગર ઉપાદાન જાગૃત કરવાની પ્રેરણા કરી. પ્રભુના ગુણોની ઓળખાણ અને ભજનામાત્રથી સર્વ સાધન સરળ બનાવી મોક્ષપાટણ સુલભ કરી આપ્યું. ગણિશ્રીને ભાવપૂર્વક કોટિ કોટિ વંદન કરી આ સ્તવન તેમજ 'શ્રી દેવચંદ્રજી ચોવીશી' ના વિવેચન પણ અહીં પૂર્ણવિરામ પામે છે. સ્તવનના અર્થ, ભાવાર્થમાં આ અલ્પજ્ઞથી શ્રી દેવચંદ્રજીના આશયથી કંઇ પણ વિપરીત લખાયું હોય તો સર્વ જ્ઞાની ભગવંતોની સાક્ષીએ ક્ષમાયાચના કરી વિરમું છું. (નોંધ : આવતા અંકમાં સમસ્ત ચોવીશીના સ્તવનોનું એક વિગંહાવલોકન તેમજ ઉપકારવેદન કરીશું.)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

- શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ

## પાંચ પ્રકારના મિત્રો

(૧) **થાળીમિત્ર :** ખાવાપીવાની જ વાતો કરે, હોટલોમાં લઇ જાય.

(૨) **પ્યાલીમિત્ર :** વ્યસન કરે અને મિત્રને તે કરવા પ્રોત્સાહિત કરે.

(૩) **તાળીમિત્ર :** તમારી સફળતામાં જે મસ્કાબાજી કરતો રહે અને તમારી પાસે જે છે તે પડાવતો રહે.

(૪) **ખાલીમિત્ર :** હાય-હેલો સિવાય કંઇ ન કરે તેવા ફેસબુકિયા મિત્ર.

(૫) **કલ્યાણમિત્ર :** જે તમારા હિત-અહિતની ચિંતા કરે, તમારા સુખ-દુઃખની ચિંતા કરે, આત્માની ચિંતા કરે.

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (ક્રમાંક-૨૬)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## અષ્ટ પ્રાતિહાર્ય : ૮. ત્રણ છત્ર

● **મૂળ શ્લોક** : (વસંતતિલકા)

**उद्योतितेषु भवता भुवनेषु नाथ !**
**तारान्वितो विधुरयं विहताधिकारः ।**
**मुक्ता कलापकलितोच्छ्वसितातपत्र-**
**व्याजात्त्रिधा धृत तनुर्ध्रुवमभ्युपेतः ॥२६॥**

● **અન્વયાર્થ** :

नाथ ! भवता भुवनेषु उद्योतितेषु तारान्वितः अयं विधुः विहताधिकारः मुक्ताकलाप कलित उच्छ्वसित (उल्लसित) आतपत्र व्याजात् त्रिधा धृत तनुः ध्रुवं अभ्युपेतः ।

● **શબ્દાર્થ** : **नाथ !** - હે નાથ !, **भवता** - આપના દ્વારા, **भुवनेषु** - ત્રણે લોકને, **उद्योतितेषु** - (કેવળજ્ઞાન વડે) પ્રકાશિત થવા પર, **तारान्वितः** - તારાઓથી ઘેરાયેલો, **विधुः** - ચંદ્ર, **अयं** - આ, **विहताधिकारः** - (પ્રકાશ આપવાના) પોતાના અધિકારથી રહિત, **मुक्ता** - મોતીઓ, **कलाप** - સમૂહ, **कलित** - સહિત, **उच्छ्वसित ( उल्लसित )** - ઉલ્લસિત, શોભાયમાન, સફેદ, **आतपत्र**- (ત્રિવિધ) તાપથી રક્ષણ કરનાર (ત્રણ છત્ર), **व्याजात्** - બહાને, **त्रिघा** - ત્રણ, **धृत** - ધારણ કરીને, **तनुः** - શરીર, **ध्रुवं** - નિશ્ચયથી, ખરેખર, **अभ्युपेतः** - આપની સેવામાં ઉપસ્થિત થયો છે, આપનો આશ્રય કરે છે.

● **સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ** :

(હરિગીત)

**હે નાથ ! આ ત્રૈલોકમાં પ્રકાશ જવ આપે કર્યો,**
**તારા સહિત આ ચંદ્રમા, તવ હીણ અધિકારી ઠર્યો;**
**મોતી-સમૂહે શોભતાં ત્રણ છત્રના મિષે કરી,**
**(તે) આવ્યો પ્રભુની પાસ, નક્કી રૂપ ત્રણ જાણે ધરી ! (૨૬)**

**(મંદાક્રાંતા)**

**આપે જ્યારે ત્રણ જગતને તેજધારી બનાવ્યા,**
**ત્યારે તારા ગુણ સહિત એ ચંદ્રમા કામનાવ્યા;**
**મોતીઓના સમૂહથી અહા શોભતા સર્વ રીતે,**
**એવા ધાર્યા પ્રભુ ઉપર તો છત્રના રૂપ પ્રીતે (૨૬)**

● **ભાવાર્થ** : હે નાથ ! તમારા વડે દિવ્ય (કેવળ) જ્ઞાનના પ્રકાશથી ત્રણેય લોકને પ્રકાશિત કરી દેવાથી તારાગણથી વીંટળાયેલ ચંદ્રમા નકામો (જગતને પ્રકાશ આપવાના તેના અધિકાર રહિત, નિરૂપયોગી) થઈ ગયો. એટલે મોતીઓના સમૂહથી શોભતા અને પ્રકાશિત એવા શ્વેત ત્રણ છત્રોના બહાના હેઠળ પોતાના ત્રણ શરીર ધારણ કરી તમારી સેવામાં આવી ગયો લાગે છે.

● **વિશેષાર્થ / પરમાર્થ** : આ શ્લોકમાં દેવકૃત આઠમા અતિશય-ત્રણ છત્રોનું વર્ણન કરે છે. તીર્થંકર ભગવંત જ્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને તીર્થંકર નામકર્મ ઉદયમાં આવે છે ત્યારથી તેમના મસ્તક ઉપર, પ્રભુને સ્પર્શ્યા વિના, એક ઉપર એક એમ ત્રણ છત્રો રહે છે. પ્રભુ વિહાર કરે, સમવસરણમાં દેશના આપે વગેરે કોઈપણ પ્રસંગે આ ત્રણ છત્રો તેમની સાથે જ રહે છે અને મસ્તક પર શોભી રહે છે. આ ત્રણે છત્રો પ્રકાશિત ચંદ્રમા જેવા શ્વેત તથા કાંતિમાન હોય છે અને તેની નીચેના ભાગમાં દિવ્ય મોતીઓની ઝાલર (હાર, ઝૂલ) લટકતી હોય છે.

તીર્થંકર ભગવંત અતિ ઊંચા અશોકવૃક્ષ નીચે મણિમય સિંહાસન પર બેસીને ધર્મદેશના આપે છે, તે વખતે તેમની બન્ને બાજુ ૨૪ જોડી એટલે ૪૮ શ્વેત ચામરો દેવો વડે વીંઝાય છે અને તેમના મસ્તક પર ત્રણ છત્રો ઉપરાઉપરી ધારણ કરાયેલ હોય છે. માનસયાત્રામાં ધ્યાનથી નિહાળી રહેલા આચાર્યશ્રી પ્રભુના એક પછી એક પ્રાતિહાર્યનો મહિમા ગાઈ રહ્યા છે. સ્તોત્રકાર સિદ્ધસેન દિવાકરસૂરિજી કહે છે કે હે ભગવન્ ! આપના મસ્તક ઉપર ઊંચે ત્રણ છત્રો છે તે ચંદ્ર જેવા ઉજ્જવલ છે, તેના પર મોતીઓની ઝૂલની વિશિષ્ટ રચના હોવાથી અતિ

સુંદર લાગે છે તથા તે સૂર્યના કિરણો (તાપ) ને તમારા મસ્તક પર પડતાં રોકે છે. વળી, તે એકની પર બીજું અને બીજાની પર ત્રીજું છે, તે તમારું ત્રણ ભુવનનું પરમેશ્વરપણું સૂચવે છે. સમવસરણમાં ભગવંત ચતુર્મુખ દેખાય છે અને તે દરેક પર આવા ત્રણ છત્રો હોય છે. આને **'છત્રાતિછત્ર'** કહે છે.

છત્રની દેવકૃત રચના એ તીર્થંકર પ્રભુના ૩૪ અતિશયોમાંનો એક વિશિષ્ટ અતિશય છે. બીજા ઘણા અતિશયો અમુક સમયે જેમકે સમવસરણની રચના વખતે કે વિહાર સમયે પ્રગટે છે અને પછી તે કાર્ય પૂરું થતાં વિલીન થઇ જાય છે. દાખલા તરીકે, સમવસરણ, અશોકવૃક્ષ, સિંહાસન, દિવ્ય પુષ્પવૃષ્ટિ, સુવર્ણકમળ વગેરે. જ્યારે આ છત્રાતિછત્ર તો પ્રભુ જ્યારે કેવળજ્ઞાન પ્રગટાવી ચતુર્વિધ સંઘરૂપી તીર્થની સ્થાપના કરે છે ત્યારથી પ્રગટ થઇ, પ્રભુ નિર્વાણ પામીને સિદ્ધ થાય ત્યાં સુધી સતત રહે છે, અને એમાં જ પ્રભુનું ત્રણ લોકનું સ્વામિત્વ જણાઇ આવે છે. દરેક શ્લોકમાં આચાર્યશ્રીએ કેટલા બધા યથાર્થ ભાવ અદ્‌ભુત ઉપમાઓ આપીને વિશિષ્ટ પ્રકારે ગૂંથ્યા છે ! તે તેમની કવિત્વશક્તિ, સૂત્રસિદ્ધાંતનુ પારગામીપણું અને અનન્ય ભક્તિભાવ બતાવે છે.

પ્રભુ પાસે ચંદ્ર હારી ગયો, કેમકે 'પ્રભુનું પરમશાંત આત્મતેજ ત્રણ જગતને (કેવળજ્ઞાન અપેક્ષાએ) પ્રકાશિત કરે છે, ને ભવના આતાપને હરે છે - પછી મારું શું કામ છે ?' એમ પોતાનો અધિકાર હણાઇ જતા, હારેલો તે ચંદ્ર પોતે ત્રણ છત્રનું રૂપ ધારણ કરીને પ્રભુની સેવા કરી રહ્યો હોય એમ લાગે છે. ચંદ્ર (ચાંદની) શાંત ગણાય છે પણ હે દેવ ! આપની પરમ શાંત મુદ્રા અને સૌમ્ય વીતરાગતા પાસે તે હારી ગયો. પ્રભુ ! એ ત્રિછત્ર દ્વારા સૂર્યનો આતાપ રોકાઇ ગયો. રત્નત્રય વડે આપે જ્યાં ભવના આતાપને દૂર કર્યો ત્યાં બહારમાં સૂર્યનો આતાપ કેવો ? જેમ આપની છત્રછાયામાં સૂર્યનાં આતાપનો પ્રવેશ નથી, તેમ જેણે આપની છત્રછાયાનો સ્વીકાર કર્યો. (સેવા-પૂજા અને આજ્ઞાપાલન વડે) તે આત્મામાં ભવ આતાપનો પ્રવેશ નથી.

આશ્ચર્ય છે કે, આપના ઉપર જે ત્રણ દિવ્ય છત્ર છે, તે સાંકળથી ક્યાંય ટાંગ્યા નથી, કે કોઇએ છત્રીની જેમ ઝાલી રાખ્યા નથી, તે કોઇ આધાર વિના આકાશમાં એમને એમ લટકી રહ્યા છે. જેમ મોક્ષમાર્ગમાં આપના રત્નત્રયને બહારમાં કોઇનું આલંબન ન હતું, તેમ આપના ત્રણ છત્રો પણ કોઇના આલંબન વગર નિરાલંબીપણે આકાશમાં ઝૂલી રહ્યા છે. આવી અદ્‌ભૂત શોભા આપના સિવાય બીજા કોને હોય ! એ જ આપનું ત્રણ લોકમાં શ્રેષ્ઠપણું જાહેર કરે છે. તે છત્રમાં જે દિવ્યમોતીઓ ચમકે છે તે એવા લાગે છે - જાણે કે ચંદ્રની સાથે તારાઓ અને નક્ષત્ર-ગ્રહો આવીને આપની સેવા કરતા હોય! પ્રભુને ત્રણ જગતમાં કોણ ન સેવે ? કારણ કે જે જેને સેવે તે તેના જેવા થાય (જુઓ **ભક્તામર શ્લોક-૧૦** અને **સમયસાર શ્લોક-૧૭**). પ્રભુના રત્નત્રય-છત્રની છાયા ત્રણ જગતના જીવોને શાંતિ આપનારી ને કષાયના તાપથી બચાવનારી છે. પ્રભો ! આપની છત્રછાયા અમારા ભવના તાપને દૂર કરનારી છે. આ રીતે ત્રણ છત્ર દ્વારા અલંકારિક રીતે ભગવાનનો મહિમા ગાઇને સ્તુતિ કરે છે. પરમાત્માની સ્તુતિ વડે સિદ્ધાત્મા (શુદ્ધાત્મા) ના પરમ ગુણોનું ચિંતન વીતરાગતાનું પ્રેરક છે ને મોહનું નાશક છે - એ જિનભક્તિનું ફળ છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી **'મોક્ષમાળા'** શિક્ષાપાઠ-૧૫ માં ભગવાનની ભક્તિનું પરિણામ દર્શાવે છે : મનવાંછિત ફળ, આત્માનો આનંદ, ત્રિવિધ તાપ મટે, અત્યંત નિર્જરા થાય, સમતા પ્રગટે, જડ (એકેન્દ્રિય)-મંદ ( વિકલેન્દ્રિય)-અધોગતિ (નરક, નિગોદ) જન્મ જાય અને ભવભ્રમણનો અંત આવે.

આ પ્રાતિહાર્ય ત્રિછત્રના રૂપમાં પ્રસિદ્ધ છે. તેમને **'આતપત્ર'** પણ કહે છે, કેમ કે તે આતાપ (તડકા) થી **'ત્ર'** એટલે રક્ષણ કરનાર સાધન છે. કેટલાક તત્ત્વવેત્તાઓએ ત્રણ યોગ સાથે પણ તેનો સંબંધ જોડ્યો છે. ત્રણ છત્ર પ્રભુનો ત્રિવિધ વૈભવ દર્શાવે છે. **'છત્ર'** શબ્દનો એક અર્થ એમ થાય છે કે **'છ'** એટલે હિંસા(થી) અને **'ત્ર'** એટલે રક્ષા કરનાર. ત્રણેય છત્ર તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ ત્રણ

જાતિના (અને ત્રણ જાતિથી) રક્ષક છે. ત્રણેય છત્ર માત્ર આતાપને રોકતા નથી, પરંતુ શીતળતા પણ પ્રદાન કરે છે.

ચંદ્ર કર્તવ્યહીન થઈને નિષ્પ્રયોજન પોતાને સમજતો ત્રણ છત્રના રૂપમાં ઢળીને સેવાનું અનુપમ કાર્ય કરી રહ્યો છે. કવિઓના પ્રિય ચંદ્રને અધિકારવિહીન (નકામો) બતાવવા છતાં પણ તેને ઊંચું સ્થાન આપ્યું છે - એક રીતે ચંદ્રને સન્માનિત કર્યો છે. ભગવાનના છત્રત્રય એ કોઈ સામાન્ય વસ્તુ નથી. ચંદ્રના વિલય કરતા આ છત્રોરૂપ તેનું સ્થાન અને કાર્ય અધિક મહત્ત્વપૂર્ણ છે.

ગગનનો ચંદ્ર કલંકિત, વધ-ઘટ કળાવાળો અને તારાઓથી ઘણો દૂર હતો, પરંતુ અહીં (ત્રણ છત્રરૂપમાં) તે નિષ્કલંક, સર્વ કળાઓથી શોભાયમાન અને મોતીની માળાઓરૂપે ચમકતા તારલાઓ સાથે ઉલ્લસિત બનીને ગૌરવ અનુભવે છે. પ્રભુના અલૌકિક (કેવળજ્ઞાન)પ્રકાશથી ચંદ્રને જે હાનિ થઈ હતી તેનાથી હજારોગણો અધિક લાભ પ્રાપ્ત થઈને તે ભક્તિનું ભાજન બની ગયો છે.

આમ, રક્ષારૂપ છત્રત્રય સમવસરણના અનુપણ સૌંદર્યમાં આગવું સ્થાન ધરાવે છે. જેમ મુકુટરહિત રાજા, ધજા વિનાનું મંદિર કે પૂંછડી વિહીન પશુઓ શોભાહીન અને અપશુકન લાગે તેમ છત્રરહિત સમવસરણ અકલ્પ્ય છે. છત્રયુક્ત સમવસરણ પૂર્ણકલા, સર્વોત્તમ સૌંદર્ય અને મહાશકુન સમાન છે.

કર્મજન્ય વૈભાવિક ચંદ્ર માનવના મનને કૃત્રિમ શીતલતા (ક્ષણિક શાતા) આપે છે. આ લોભામણો ચંદ્ર (સંસારના બાહ્ય પદાર્થો, વિષયો અને વિકારો) જીવને પરિભ્રમણનું પ્રબળ નિમિત્ત બને છે. આ વિભાવચંદ્ર ઈન્દ્રિયો-પ્રાણ-મન સુધી સીમિત છે અને સમ્યક્જ્ઞાનના અભાવમાં તે પોતાના કૃત્રિમ પ્રકાશ (ક્ષણિક સાંસારિક સુખ શાતા) થી (અજ્ઞાનીના) જીવનને પ્રભાવિત કરતો રહે છે. પરંતુ સમ્યગ્દર્શન-જ્ઞાનના પ્રાગટ્યથી તે કૃત્રિમ પ્રકાશ લુપ્ત થઈને તે ચંદ્ર મન-વચન-કાયાના ત્રણ શુભયોગમાં પરિવર્તિત થઈને આસક્તિમુક્ત આત્મદેવ (શુદ્ધાત્મા) ની શોભા (કલ્યાણ) નો વાહક બની જાય છે. શ્લોક-૨૬ નું આ અધ્યાત્મ રહસ્ય છે.

● **ઉત્થાનિકા :** હવેના શ્લોક-૨૭માં, આચાર્ય સિદ્ધસેન દિવાકર સૂરિજી પ્રભુનો વૈભવ અને પૂજ્યતા દર્શાવે છે.

● **અંતમંગળ :** અંતમાં સૌ જીવ પોતાના વિષય-વિકાર-વિભાવરૂપ ચંદ્રનું વિલીનીકરણ કરીને સદ્ગુણોથી યુક્ત થઈને કાળક્રમે સ્વસ્વરૂપમાં સ્થિત થાય એવી મંગલભાવના સાથે, જિનાજ્ઞા અને જિનવાણીથી કાંઈ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

## ધન્ય યોગીશ્વરા

ધન્ય તે ધન્ય તે, ધન્ય પુરુષસિંહ તે,
ધન્ય ધન્ય સૌરાષ્ટ્રની ધીંગી ધરા,
ધન્ય તે નરવીર, પરબ્રહ્મ અવતર્યા;
ધન્ય ધન્ય વવાણિયાની પાવન ધરા.
ધન્ય માત-તાતને, ધન્ય દેશકાળ તે,
ધન્ય ધન્ય થઈ રહ્યા, સુત સહોદરા,
ધન્ય ધન્ય થઈ માત ભારતી અને;
ધન્ય ધન્ય થઈ રહ્યા, જીવો ભોળાં.
ધન્ય થયો કાળ આ દુઃષમ-દુર્ભાગી,
ધન્ય ધન્ય થઈ ગયા ભક્તો શૂરા,
ધન્ય બન્યા હૃદયસખા સોભાગ ભાગ્યવંતને;
ધન્ય ધન્ય બની ગયા લઘુરાજ મુનિવરા.
ધન્ય અમે થઈ રહ્યા, બાળ અજ્ઞાની સહુ,
ધન્ય થયા દાસાનુદાસ, હે યોગીશ્વરા !
ધન્ય થઈ મોહમયી, જ્યાં નરવીર વિચર્યા;
ધન્ય ધન્ય પુરુષ તે રાજરાજેશ્વરા !

# પરિણામનું અવલોકન, લક્ષણો અને સાધના (ભાગ-૬)

રમેશભાઈ કાંતિલાલ ખંધાર

**પરિણામનું અવલોકનઃ**

પરિણામના અવલોકનમાં આત્મરુચિ અંતરગર્ભિત છે. અવલોકનરૂપ સૂક્ષ્મ જ્ઞાનઉપયોગમાં વિભાવના પરિણામ પકડાય છે, ભાસ્યમાન થાય છે. અધ્યાત્મમાં વિભાવની મંદતા નહિ પણ વિભાવરસની મંદતા, વિભાવમાં પોતાપણાની મંદતા ઘણી વધુ મહત્વની છે. અવલોકનથી વિભાવરસ તૂટે છે, ખંડિત થાય છે. પરિણામની અજાગૃતિમાં અનાદિની વૃત્તિ માલિક બની પ્રતિકારરૂપી વિભાવરસને બળ આપે છે. અવલોકન વિના પ્રતિકારરૂપ વિભાવ અને વિભાવરસ બચાવના પક્ષમાં હોવાથી પકડાતા નથી, ખૂંચતા નથી. અર્થાત્, 'આવું તો કરવું પડે, જેવા સાથે તેવા થવું પડે, સીધી આંગળીએ ઘી ન નીકળે--' એવા વિચારથી કષાયનો બચાવ અને સ્વીકાર થાય છે. શરૂઆતની ભૂમિકામાં અનાદિની વૃત્તિને વશ થઈ વિભાવ થઈ જાય તો પણ આત્મરુચિરૂપ સંવેગની તારતમ્યતા વિશેષ હોય તેવા વિચારવાન જીવને તેનો ખેદ વર્તવો જોઈએ. આ ખેદ વિભાવરસને ગાળે છે, મોળો પાડે છે. જ્ઞાનમાં તત્ત્વનિર્ણય જેટલો દૃઢ અને બળવાન એટલો જ ખેદ પણ તીવ્ર થાય. પરલક્ષી શાસ્ત્રજ્ઞાનથી જ્ઞાનનો ક્ષયોપશમ વધે છે, પણ પરિણામના અવલોકનથી મોહનીયનો ક્ષયોપશમ પણ વધે છે અને તેની સાથે પરલક્ષી જ્ઞાનનું સ્વલક્ષી જ્ઞાનમાં રૂપાંતરણ પણ થતું જાય છે. અર્થાત્, મોહનીયના ક્ષયોપશમ સહિત જ્ઞાનનું પરિણમન થાય છે. પરિણામના અવલોકનમાં જ્ઞાનઉપયોગની જાગૃતિનો અંશ છે. અજાગૃતિમાં જ્ઞાનઉપયોગ અનાદિની વૃત્તિને વશ થઈ જાય છે, અર્થાત્, તેનું અપહરણ થાય છે. તેથી પરિણામના વિચારમાત્રથી અપહરણ થતું અટકે છે. આત્મજાગૃતિરૂપ ઉપયોગ અનાદિની વૃત્તિથી નિરાળો રહી ચાલતા પરિણામનું, શુભાશુભ ભાવોનું અવલોકન કરે છે. પરિણામના અવલોકનથી જ ઈલાયચીકુમાર અને પ્રસન્નજીત મુનિના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું.

પરિણામના અવલોકનમાં પરિણામી સ્વભાવનું અવલોકન છે. પરિણામમાં જ આત્મા અંતરગર્ભિત છે. પરિણામ અને પરિણામી અનન્ય છે. સંયોગી અવસ્થાના કાર્યમાં આત્મા હોવા છતાં ઘણો દૂર છે. પરિણામના અવલોકનમાં સ્વલક્ષી અને પરલક્ષી પરિણામની ભિન્નતા સમજાય છે. તેના અભાવમાં અનાદિની વૃત્તિઓ જે પરલક્ષની મુખ્યતાના આધારે જન્મેલી છે તે અનુસારે પરિણામ થતાં રહે છે અને રસ-રુચિ અનુસાર પરિણતિ-વલણ-ઝુકાવ થાય છે.

પરિણામના અવલોકનમાં શાસ્ત્ર અભ્યાસ અને બાહ્ય ત્યાગ વગેરે ગૌણ થાય છે. અવલોકનમાં વસ્તુના કે સંયોગના આદિ-મધ્ય-અંતનો વિચાર થાય છે અને તેની તુચ્છતા ભાસ્યમાન થાય છે. અવલોકન વિના શાસ્ત્ર અભ્યાસ પંડિતાઈ અર્થે બની રહે છે અને બાહ્ય ત્યાગ, પૂજાપાઠ વગેરે આલોક-પરલોકના સુખની દૃષ્ટિથી લોક-ઓઘ સંજ્ઞાએ થતાં રહે છે.

**જ્ઞાન અને વૈરાગ્યની સમજણઃ**

ઈચ્છા અને પરિણામ સિવાય યોગની તમામ ક્રિયા આત્માની બહાર છે અને માત્ર આંગળી ચીંધવા બરાબર છે. તેનાથી ધર્મ ન થાય પણ જેના તરફ આંગળી ચીંધે છે ત્યાં દૃષ્ટિ કરવાથી, તેનો વિચાર કરવાથી ધર્મના શ્રીગણેશ થાય છે. પરિણામનું અવલોકન યોગની ક્રિયાને ગૌણ કરી પરિણામ કરનાર આત્મા ભણી દૃષ્ટિ કરે છે. તે અર્થમાં પરિણામનું અવલોકન એ આત્માનું અવલોકન છે, આત્મસન્મુખતા છે, સ્વસન્મુખતા છે, અંતર્મુખતાની સાધના છે. પરિણામના અવલોકન વખતે પરિણામમાં પ્રતિભાસતા પર જ્ઞેયો ગૌણ થાય છે.

નાસ્તિથી વિચારીએ તો એ પણ સત્ય છે કે પર જ્ઞેયોની આત્મવિચારે કરી તુચ્છતા ભાસે તો દૃષ્ટિ ત્યાંથી ખસે અને જ્ઞેયોને જાણનાર દૃષ્ટિમાં આવે. પ્રથમ પ્રકાર જ્ઞાનની પ્રક્રિયા છે, જ્ઞાનની સાધના છે. બીજો પ્રકાર વૈરાગ્ય પ્રગટાવવાની સાધના છે. બંને એકબીજાના પૂરક છે. જ્ઞાન વિનાનો વૈરાગ્ય દુઃખ કે મોહગર્ભિત હોય છે અને વૈરાગ્ય વિનાનું જ્ઞાન શુષ્ક હોય છે, પંડિતાઈ છે, પરલક્ષી જ્ઞાન છે. જ્ઞાનમાં જ્ઞાન સ્થિર ત્યારે જ થાય કે જ્યારે ઉપયોગ પરપદાર્થથી અનાસક્ત થયો હોય. આમ, જ્ઞાન અને વૈરાગ્ય એ એક જ સિક્કાની બે બાજુ છે. 'જ્ઞાનનું ફળ વિરતિ છે.' જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થાય ત્યારે દ્રવ્યમન અને તેની સાથે સંકળાયેલ ઈન્દ્રિયો નિષ્ક્રિય બની રહે છે. અંતર્મુખ થયેલ જ્ઞાનના સદ્‌ભાવમાં ઈન્દ્રિયોનું ઈન્દ્રિયના વિષયો સાથે અનુસંધાન રહેતું નથી અને તે જ અનાસક્તિરૂપ વૈરાગ્ય છે.

જ્ઞાનમાં જાણવામાં આવતા વસ્તુઓ, વ્યક્તિ, સંયોગ વગેરેની સમજણપૂર્વક તુચ્છતા ભાસે, નિજહિતમાં બાધારૂપ ભાસે-સમજાય તો જ તે સર્વને જાણનાર વિશેષ જ્ઞાનઉપયોગની મુખ્યતા થઈ કહેવાય. જાણનાર-દેખનાર રહેવામાં આનંદ આવે, સંતોષ અને શાંતિ અનુભવાય તો જ સાક્ષીભાવ પ્રગટ્યો કહેવાય. કર્મોદયના સ્વીકારભાવમાં સમજણનો અંશ હોય તો જ નિર્જરાનો આનંદ-સંતોષ થાય. પૂર્વની ભૂલને સુધારી લેવાનો આનંદ વર્તે. આનંદ ન આવે તો અન્ય પરિબળોને આધીન થઈ દમનરૂપ સ્વીકાર થાય છે તેમ સમજવું. સંવેગથી ઉપયોગ અંદર તરફ ખેંચાય છે અને ભવનિર્વેદથી ઉપયોગ પરથી વ્યાવૃત્ત થાય છે અને અંતર્મુખ થવા યોગ્ય થાય છે.

**અવલોકન એ ભેદજ્ઞાનનો અભ્યાસ જ છેઃ-**

પરિણામનું અવલોકન એ પરલક્ષી જ્ઞાનનો પ્રયોગાત્મક અભ્યાસ છે. એ દૃષ્ટિએ શાસ્ત્રજ્ઞાનની પણ ઉપયોગિતા છે. પરલક્ષી જ્ઞાન સત્સંગરૂપે હોય, શાસ્ત્રજ્ઞાનરૂપે હોય, કે ચિંતન-મનન કરી તત્વનિર્ણયરૂપે પણ હોય. ટૂંકમાં પરલક્ષી જ્ઞાન મન અને બુદ્ધિના લેવલે હોય છે.

પરલક્ષી જ્ઞાનથી પ્રગટાવેલ બૌદ્ધિક સમજણને ઉદયપ્રસંગે પ્રયોગાત્મક અભ્યાસમાં ઉતારીએ ત્યારે બુદ્ધિમાં માન્ય કરેલી આત્મભાવ અને અન્યભાવની પૃથ્થકતારૂપ સમજણની પરીક્ષા થાય છે. પ્રયોગાત્મક અભ્યાસમાં ન આવે તો 'હું સમજુ છું, મને બધી ખબર છે, હું જાણું છું' એવી આવડતની હૂંફ-અભિમાન થતું રહે છે. ડૉક્ટર, એન્જિનિયર, વગેરે પણ કૉલેજમાં અભ્યાસ દરમ્યાન બૌદ્ધિક સમજણ કેળવે છે અને પ્રેક્ટિસથી-અનુભવથી જ તે સમજણને યથાર્થ કરે છે.

આગ્રહ તો એક જ વાતનો રાખવો કે મારી સમજણ અનુસાર મારા પરિણામ કેમ થતાં નથી? ધ્યેયને લક્ષમાં રાખી પોતાએ પોતાની સાથે જ સરખામણી કરવાની છે. યોગ્યતાને વધારવાનો આ અકસીર ઉપાય છે. જેમ કેળવાયેલા ચિત્તાને તેના મુખ આગળ માંસના ટુકડાને રાખી દોડાવે છે તેવી રીતે ધ્યેયને લક્ષમાં રાખે તો મોક્ષમાર્ગ પર દોડવાનું આસાન થાય, સહજ થાય. પ્રયોગનો વિષય સંપૂર્ણપણે વચનગોચર થઈ શકે નહિ. સાયકલ, તરવાનું, રોટલી બનાવવી વગેરે અભ્યાસથી જ શીખી શકાય. તેનું વર્ણન સંપૂર્ણપણે થઈ શકે નહિ.

**અવલોકન એ તત્ત્વનો અભ્યાસ છેઃ**

પરિણામનું અવલોકન એ તત્ત્વનો અભ્યાસ છે. આ તત્ત્વના અભ્યાસરૂપ આત્મનિરીક્ષણ આત્મલક્ષે થવું ઘટે અને ત્યારે જ તે અવલોકન યથાર્થ કહેવાય. આત્મલક્ષ વિના પરિણામના અવલોકનમાં પોતાના દોષનો બચાવ જ થશે.

આત્મલક્ષી પરિણામનું અવલોકન પ્રતીતિ જન્માવે છે કારણકે આત્માની સાક્ષીએ અવલોકન થાય છે. આત્માના અનંતગુણોમાં એક ઊર્ધ્વતા ગુણ પણ છે. સ્વના લક્ષે અર્થાત્, સ્વની વિદ્યમાનતામાં સ્વ-પરનું જાણવું એ આત્માને ઊર્ધ્વ કરે છે, આગળ લઈ જાય છે, સ્વસન્મુખતા વૃદ્ધિ પામે છે. આત્મલક્ષની સભાનતામાં પરનું જાણવું સહજપણે થાય છે. પર તરફ ઉપયોગને લંબાવવાની જરૂર પડતી નથી. પરને પરરૂપે-જ્ઞેયરૂપે જાણવું એ આત્માનો

સ્વભાવ છે. અવલોકનથી સ્વભાવનું ગ્રહણ થાય છે. જ્ઞાનમાં જે અનેક જ્ઞેયાકારો છે તેને અત્યંત ગૌણ કરી માત્ર 'જ્ઞ' પણું પકડાવું, માત્ર જ્ઞાનાકાર પકડાવું એ જ નિર્વિકલ્પતા છે. જ્ઞાયક વસ્તુ એવી રીતે નિર્વિકલ્પ છે. જ્ઞાનમાં પ્રતિભાસતા પર જ્ઞેયો સંબંધી કોઈ વિકલ્પ ન ઉઠે અને જાણનાર-દેખનારની જ મુખ્યતા રહેવી ઘટે.

પરિણામરૂપ પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ છે. પર્યાયમાં સ્વભાવ અંશ (પરિણામી સ્વભાવ)ને ઓળખી અંશથી અંશી સુધી પહોંચવાનું છે, અંશમાં જ વ્યાપ્ત અંશીને ગ્રહણ કરવાનો છે. ઉત્પાદમાં જે 'હોવાપણું' છે 'હોવાપણું' છે તે જ વ્યયમાં હતું. અર્થાત્, અવસ્થા બદલાય છે પણ મૂળ સ્વભાવ તો એનો એ જ રહે છે. પાણી સાકર, મીઠું, ગોળ કે રંગ સાથે સંયોગ કરે ત્યારે પણ તે પોતાનો સ્વભાવ છોડતું નથી તેમ સમયવર્તી અવસ્થા બદલવા સાથે આત્માનો મૂળ સ્વભાવ એવો ને એવો રહે છે. આ રીતે વિચાર કરતા સતત ધારાવાહી 'હોવાપણું' નજરમાં આવે છે. એ જ વસ્તુનો નિત્ય, અપરિણામી દ્રવ્યસ્વભાવ છે. તેને ગ્રહણ કરવાથી આખા સ્વભાવનું ગ્રહણ થાય છે. અનિત્યમાં નિત્યને ગ્રહણ કરવાથી નિત્ય-અનિત્યરૂપ આખો સ્વભાવ ગ્રહણ થાય છે. ત્રિકાળ અખંડ સ્વભાવ તે હું અને સમયવર્તી અવસ્થા તે તો મારો સમયવર્તી સ્વાંગ છે, કાર્ય છે એવી સમજણમાં આખો આત્મા ગ્રહણ થાય છે. જીવે અનાદિથી આજ સુધી અનિત્ય સ્વભાવમાં જ પોતાપણું કરી નિત્ય સ્વભાવનું વિસ્મરણ કરેલ છે.

**આત્મચિંતનરૂપ અવલોકનથી મિથ્યામાન્યતાનું બળ તૂટે છે.:-**

'હું કોણ છું.?' એના વિચારમાત્રથી મિથ્યાદર્શનનો અનુભાગ ઘટે છે. દેહાધ્યાસ મંદ હોય ત્યારે પોતાના સ્વરૂપ સંબંધી વિકલ્પો ઉઠે છે. પૂર્વના સંસ્કાર અને સત્સંગ-સ્વાધ્યાય વગેરેથી અનુભાગ મોળો પડે છે. તત્ત્વનિર્ણયથી વિશેષપણે અનુભાગ મોળો પડે છે. પ્રયોગાત્મક અભ્યાસથી સવિશેષપણે મિથ્યાદર્શનનો અનુભાગ શિથિલ થાય છે અને ભાવભાસનની ભૂમિકા થતી જાય છે. "એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે (સ્વીકારભાવ) જો કર્યા, તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્વ અનુભવ્યાં (અનુભૂતિરૂપ અંતર્મુખ વલણ)".

તત્ત્વનિર્ણયમાં સ્વલક્ષની મુખ્યતા હોય છે. પરલક્ષમાં વધુ જાણવાનો લોભ, પરથી જ્ઞાન થાય છે, પરથી મને લાભ-નુક્સાન છે, પરમાં હું ઇચ્છાપૂર્વક ફેરફાર કરી શકું છું વગેરે મિથ્યાદર્શનની પ્રબળતા હોય છે. તે સર્વનું મૂળ કારણ તો દેહાધ્યાસ છે અને તેથી પરમાં ઈષ્ટ-અનિષ્ટપણાની બુદ્ધિ રહે છે. સ્વલક્ષમાં તો એકમાત્ર આત્મહિતનું જ લક્ષ હોય છે.

**પર્યાયમાં જ અપરિણામી સ્વભાવ અંશ વ્યાપેલો છે:-**

શુદ્ધાત્મા નિત્ય અને પરિણામી સ્વભાવરૂપ છે. નિત્ય સ્વભાવરૂપ અપરિણામી અંશ અવ્યક્ત છે અને સદ્દવિચારે કરી તેને ગ્રહણ કરવાનો છે. પરિણામી અંશના ભાવભાસનમાં જ અપરિણામીનું ભાવભાસન થઈ શકે છે કારણકે અંશ અને અંશી અભેદ છે, અનન્ય છે. પરિણામ અને પરિણામના અધિષ્ઠાતારૂપ ત્રિકાળી આત્મા અનન્ય છે, અભેદ છે. તેથી પરિણામરૂપ અંશના અવલોકનથી આત્મા-અંશીની પ્રતીતિ આવતી જાય છે. સમયવર્તી જ્ઞાનપર્યાયમાં વ્યાપેલ જ્ઞાનસ્વભાવનું અવલોકન કરવાનું છે. વાસ્તવમાં પરિણામનું અવલોકન એટલે પરિણામની દિશા બદલવાનો અભ્યાસ છે. માત્ર લક્ષ જ ફેરવવાનું છે. પ્રતિભાસતા જ્ઞેયો પર દૃષ્ટિ છે તો જીવ બહિર્મુખ છે અને જ્ઞેયોને જાણનાર પર દૃષ્ટિ કરે તો તે અંતર્મુખ થયો કહેવાય છે. અર્થાત્, પરિણામમાં પ્રતિભાસિત પરજ્ઞેયનું નહિ પણ પરિણામમાં વ્યાપેલ પરિણામી આત્માનું અવલોકન કરવાનું છે. જ્ઞેયને ગૌણ કરે તો જ દૃષ્ટિમાં જ્ઞેયને જાણનાર આત્મા નજરાય. લક્ષ-ધ્યેયની સ્પષ્ટતા હોવી જરૂરી છે. 'મારે મારા જ્ઞાનસ્વભાવને જ જોવો છે, અનુભવવો છે' એવી અંતરતમ ભાવના પ્રબળ હોવી ઘટે. તે થવા અર્થે જ્ઞેયલુબ્ધતાનો ક્ષય થવો અનિવાર્ય છે અને તો જ દૃષ્ટિ ત્યાંથી હટે અને જ્ઞેયને જાણનાર દૃષ્ટિમાં નજરાય.

**ઉપાદાન-નિમિત્તની સમજણ (પરિણામની સ્વતંત્રતા):-**

પરિણામની સ્વાતંત્રતાનો સમજણપૂર્વક સ્વીકાર નથી તો પરિણામના અવલોકનમાં જાણ્યે - અજાણ્યે દોષનો બચાવ થતો રહેશે. દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પોતાની પર્યાયોના પ્રવાહક્રમમાં પરિણમે છે. તેથી દરેક દ્રવ્ય પોતાના પરિણામ માટે પોતે જ સંપૂર્ણપણે જવાબદાર છે. આ સમજણ કેળવી હોય તો જ દૃષ્ટિ બાહ્ય વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ, સંયોગ, ઘટના પરથી ખસીને પોતાના પરિણામ પર જાય છે. જગત આખું નિર્દોષ છે એ સમજણ યથાર્થ કરી પોતાના દોષ ભણી દૃષ્ટિ કર્યે જ છૂટકો છે. આત્મા અને આત્માના પરિણામ બહારનું બધું જ બાલદી કે ટપાલીરૂપે દેખાય તો જ પરિણામનું યથાર્થ અવલોકન થઈ શકે.

ઉપાદાન-નિમિત્તથી દરેક કાર્ય થતા હોવા છતાં ઉપાદાનની મુખ્યતા અનિવાર્ય છે કારણકે કાર્યના અંતે તો એકલું ઉપાદાન જ કાર્યમાં વ્યાપેલું હોય છે. તેથી અંતરંગ તેમજ બાહ્ય નિમિત્તને નિર્દોષ જાણી પોતાના પરિણામનું અવલોકન કરવાનું છે. પરિણામમાં નિમિતમાત્રનો આત્યંતિક અભાવ છે તેથી જ નિમિત્તને અકિંચિત્કર કહેવામાં આવે છે. નિમિત્તની અસર કેવી રીતે લેવી કે ન જ લેવી એમાં જીવ સ્વતંત્ર છે. અભયા રાણી હળાહળ જૂઠ બોલતા હતા તે સુદર્શન શેઠ જાણતા હતા તો પણ નિમિત્તને- તેને ગૌણ કરી પોતાના પરિણામ પર જ દૃષ્ટિ રાખી.

અધ્યાત્મમાં ઉપાદાન-નિમિત્ત હંમેશાં એક જ દ્રવ્યમાં હોય. તત સમયની યોગ્યતારૂપ ક્ષણિક ઉપાદાન સ્વતંત્રપણે ઉદયમાં જોડાય ત્યારે વ્યવહારથી પોતાના ઘાતીકર્મોનો ઉદય નિમિત્તરૂપ કહેવાય છે. ન જોડાય અને સાક્ષીભાવમાં રહે તો પોતાના કર્મનો પ્રદેશોદય નિમિત્તરૂપ કહેવાય. પૂર્વવર્તી પર્યાય જ ઉત્તરવર્તી પર્યાયરૂપે પરિણમે છે એ અપેક્ષાએ પૂર્વની પર્યાયનો વ્યય નિમિત્તરૂપ કહેવાય. ઉદય, સંયોગ, પરવસ્તુ વગેરે બાહ્યનિમિત છે અને તે પણ કોઈ અપેક્ષાએ પોતાના અઘાતીકર્મના ઉદયરૂપે જ છે. બાહ્ય નિમિત્ત અનેક હોય છે. અને તે બધાના સમૂહને અઘાતીકર્મના ઉદયરૂપ કહેવાય છે.

પોતાના આસ્રવપ્રત્યયોના ઉદય સાથે ભાવાસ્રવરૂપ પરિણામને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જીવ નૈમિત્તિક ભાવ કરે તો જ આસ્રવપ્રત્યય નિમિત્તરૂપ કહેવાય છે. અર્થાત્, દ્રવ્યાસ્રવના ઉદયકાળે ભાવાસ્રવ કરવા કે ન કરવા એમાં જીવની સ્વતંત્રતા છે અને એટલે જ જીવને છૂટવાનો અવકાશ રહે છે. શ્રીમદ્જીએ વચનામૃત ૬૦૨માં અને સમયસારની ૧૭૩-૧૭૬ ગાથા આ વાતનું સમર્થન કરે છે.

આવતા લેખમાં પરિણામનું અવલોકન કોણ કરી શકે તથા સૂક્ષ્મ દોષ પકડવાનો ઉપાય પણ તે જ છે વગેરે પર વિચારણા રહેશે. (ક્રમશઃ)

## પુસ્તક સમાલોચના : - મિતેશભાઈ એ. શાહ

(આ વિભાગ માટે પુસ્તક કે ગ્રંથની બે નકલ મોકલવા વિનંતી છે.)

(૧) **પુસ્તકનું નામ : श्री दशवैकालिक सूत्रं** (સંસ્કૃત) **ટીકા :** મહોપાધ્યાય સમયસુંદર વિરચિત દીપિકા ટીકા

**સંપાદક :** પૂજ્ય ભાગ્યયશસૂરીશ્વરજી મ.સા. **પ્રકાશક :** શ્રી લબ્ધિ વિક્રમ શાસન સેવા ટ્રસ્ટ, મુંબઈ

**પાના :** ૨૬૨ **આવૃત્તિ :** પ્રથમ, **મૂલ્ય :** રૂા. ૫૦૦/- **પ્રાપ્તિસ્થાનો :** (૧) શ્રી લબ્ધિસૂરિ જ્ઞાનમંદિર, મુંબઈ ફો.નં. (૦૨૨) ૨૪૨૨૭૨૨૩ (મો) ૯૯૨૦૨૪૪૫૩૪ (૨) શ્રી રિતેન શાહ, સૂરત (મો) ૯૩૭૪૦૪૦૦૦૪ (૩) શ્રી મનિષ પૂનમિયા, અમદાવાદ (મો) ૯૪૨૬૮૧૭૪૧૮.

શ્રી દશવૈકાલિક આગમસૂત્ર શ્રમણ જીવનની આધારશિલા છે. આ આગમસૂત્ર પર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણ ટીકાઓ થતાં જ રહ્યા છે. દશવૈકાલિક સૂત્ર અને એના પરની મહોપાધ્યાય સમયસુંદરજીની ટીકા સાથે અનેક ઉપયોગી પરિશિષ્ટોથી અલંકૃત આ ગ્રંથ છે.

# ત્યાગ અને દાન - રંકને રાય બનાવવાની પાત્રતા પ્રગટાવે

**ગુણવંત બરવાળિયા**

વીતરાગવાટિકામાં સંત પધાર્યા છે. શહેરથી થોડે દૂર નગરશ્રેષ્ઠીના આ ઉપવનનું નામ તો વસંતઉદ્યાન, પરંતુ થોડા સમય માટે અહીં આ સંત પધારતા શેઠે આ રમણીય સ્થળનું નામ વીતરાગવાટિકા રાખી દીધું.

જનપથ પર સંતની ચર્ચા ચાલી રહી છે. દરેકના મુખ પર સંતનું નામ છે, "ભાઈ, તમે દર્શન કર્યા ? જરૂર જઈ આવજો, દર્શનથી મનોકામના પૂરી થાય છે. જાણે કોઈ દૈવી લબ્ધિધારી સંત છે."

મંત્રીને કાને વાત જતાં વાત મંત્રીની જીભ પર સવાર થઈ. રાજાને કાને વાત પહોંચી. રાજા અને મંત્રી બંને નિઃસંતાન. મંત્રી કહે, "આ સંત કોઈ ચમત્કારી પુરુષ લાગે છે. ચાલો, આપણે પણ સંતના દર્શન કરીએ તો સંતાનપ્રાપ્તિની મનોકામના પૂર્ણ થશે."

રાજા અને મંત્રી વીતરાગવાટિકામાં પહોંચે છે. ધર્મચર્ચા ચાલી રહી છે. હજારો ભાવિકો દિવ્યવાણીનું પાન કરી રહ્યા છે. મુનિના મુખારવિંદ પર પ્રશમભાવો છલકાઈ રહ્યા છે. એ મુખમાંથી કોમળ વ્યંજનો ભરેલાં શબ્દસુમનો સરી રહ્યાં છે.

"પ્રભુનાં વચનોમાં શ્રદ્ધા રાખજો. કદી ક્યાંય ચમત્કારો નથી થતાં. સ્વભાવ, કાળ, નિયતિ, નિમિત્ત અને પુરુષાર્થના સંયોગ વિના કશું થતું નથી. આ દાર્શનિક કર્મવિજ્ઞાનનો નિયમ છે. કર્મનું ગણિત ચોક્કસ છે. વિશુદ્ધ ભાવ અને પ્રચંડ પુરુષાર્થ જ સફળતાની ચાવી છે. આ સ્થિતિ કાયમ નથી રહેવાની. દુઃખ તો આવે ને જાય અને સ્થિતિ બદલાયા કરે." સંતના શબ્દો સંસારની બળબળતી બપોરને ચંદન જેવી શીતળતા આપે છે.

મુનિનાં એક-એક શબ્દફૂલો ભાવિકો હૈયાની છાબડીમાં ઝીલી રહ્યાં છે. માંગલિક વચનો બાદ ધર્મસભા પૂરી થઈ. નગરશ્રેષ્ઠી રાજા અને મંત્રીને ગુરુચરણ સમીપ લઈ આવ્યા. રાજા અને મંત્રીએ સંતને પ્રણામ કર્યા અને કહ્યું, "ગુરુદેવ ! આપની કૃપાથી અમે ખૂબ સુખી છીએ. અમારી પાસે સુખ-સગવડ-સમૃદ્ધિનો કોઈ પાર નથી, પરંતુ એક વાતનું દુઃખ છે. અમારે સંતાન નથી. પુત્રના અભાવથી અમારા જીવનમાં અંધારું છે. આપની દયા અને કૃપાથી અમે જો અમારા પુત્રનું મુખ જોઈ શકીએ તો અમારું જીવન આનંદમય બની જાય."

સંતે કહ્યું, "પુત્ર જોઈએ છે, તો પહેલાં પિતાનું હૃદય તો મેળવી લ્યો. પિતૃહૃદય મળ્યા વિના પુત્રપ્રાપ્તિ થયેથી પણ શું લાભ ?" પુત્ર પણ સુખી નહીં થાય અને તમે પણ સુખી થશો નહીં, માટે હે રાજન્ ! પુત્ર મેળવવાની ચિંતા છોડો. પિતૃહૃદય મેળવવા પુરુષાર્થ કરો."

રાજા કહે, "મહારાજ ! પુત્રપ્રાપ્તિ વિના પિતૃહૃદય કઈ રીતે મળી શકે ? આપની કૃપાથી પુત્રપ્રાપ્તિ થશે તો હું પિતૃહૃદય જરૂર મેળવી શકીશ."

સંતે શાંત અને મધુર સ્વરમાં પૂછ્યું, "રાજન્ ! આ સમગ્ર પ્રજા શું તારી સંતાન નથી? જ્યારથી તું સિંહાસન પર બેઠો છે ત્યારથી આ પ્રજા તને માબાપ રૂપે માને છે અને આ પ્રજાના માબાપ કહેવડાવવાનો તને આનંદ અને ગૌરવ છે. છતાંય આ સમગ્ર પ્રજા પ્રતિ તારા અંતઃકરણમાં સંતાનનો ભાવ ન થાય તો તું સંતતિ પામીને શું કરીશ ? સંતાન મળશે તો પણ તું પિતૃહૃદય કઈ રીતે પામીશ? રાજન્ ! તારે તો સમગ્ર રાજ્યનાં માબાપ બનવાનું છે, માટે જીવમાત્ર પ્રત્યે વાત્સલ્યભાવ પ્રગટ કરવાનો છે, પછી હું તમને બન્નેને એવા પુત્ર આપીશ જે તમારું નામ રોશન કરશે." રાજા અને મંત્રીના અંતરદ્વાર ખૂલી ગયાં. સંતને વંદન કરી સ્વસ્થાન ગ્રહણ કર્યું.

સંતે કહ્યું, "હે રાજન્, આખા નગરમાં

જાહેર કરો કે આવતીકાલે ભિખારીઓને દાન આપી તેમની ઈચ્છાને તૃપ્ત કરવામાં આવશે.'' સંતને આજ્ઞા પ્રમાણે જાહેર કરવામાં આવ્યું.

બીજા દિવસે હજારો ભિખારીઓ દાન લેવા માટે હાજર થયા. રાજા અને મંત્રી ઉચિત વસ્ત્ર પરિધાન કરી દાન આપવા ઉપસ્થિત થતાં સંતે કહ્યું, ''તમારો રાજાશાહી પોશાક ઉતારો અને સામાન્ય માણસની જેમ અહીં ઊભા રહો. સામાન્ય વ્યક્તિ બનશો તો જ સામાન્ય વ્યક્તિની નજીક પહોંચી તેને સમજી શકશો.'' દાન દેવાનું શરૂ થયું. વાસી રોટલીઓ દાનમાં અપાવા લાગી ત્યારે ભિક્ષુકો દુઃખી થઈ ગયા. આટલી મોટી જાહેરાત પછી આવી વાસી રોટલીના ટુકડા? પણ શું કરે ? રાજાની સામે બોલવાનું કોનું ગજું ? પોતાના ભાગ્યને ભાંડતા ભિખારીઓ ચાલવા માંડ્યા.

ભિખારીઓને બહાર નીકળવાના રસ્તે સંત ઊભા રહ્યા અને પ્રત્યેક ભિખારીને કહેતાં, ''મને આ રોટલી આપો તો હું તમને રાજા બનાવી દઈશ.'' કેટલાક ભિખારીઓ કહે છે કે મહાત્મા, મશ્કરી શું કામ કરો છો અને ચાલી જાય છે, તો વળી કોઈ કહે છે કે રાજની લાલચ આપીને આ બાવો રોટલી પણ પડાવી લેવા માગે છે. રોટલી છાતીએ લગાવી ભિખારી નીકળી જાય છે. કોઈ રોટલી આપવા તૈયાર નથી સંત કહે, ''મને જે આમાંથી અડધી રોટલી આપશે તેને હું મંત્રી બનાવી દઈશ.''

ભિખારીને મંત્રીપદ કરતાં વાસી રોટલીનો ટુકડો વધુ વહાલો છે. મોટાભાગના ભિખારીઓ નીકળી ગયા. એટલામાં એક યુવાન ભિખારી પસાર થઈ રહ્યો હતો. તેના મુખ પર કંઈક અલગ તેજ હતું. સંતે પૂછ્યું, ''તને શું મળ્યું ?'' યુવાન કહે, ''વાસી રોટલીનો ટુકડો, જે અમારા ભાગ્યમાં હતો. ભિખારીના ભાગ્યમાં રોટલી જ હોય, હીરાઝવેરાત થોડાં મળે. જે મળ્યું છે તે બરાબર જ છે.''

સંતે વિચાર્યું કે આ યુવાનની વાણીમાં પરિસ્થિતિને અનુકૂળ થવાનો સંકેત છે. સંત કહે, ''આ રોટલી મને આપી દે. હું તને રાજા બનાવી દઈશ.'' યુવાન સંતને નીરખીને કહે છે, ''રાજા બનાવો કે ન બનાવો. પરંતુ આ રોટલી લઈ લો. જોકે હું ઘણી મોટી આશા બાંધીને આવ્યો હતો. ખેર, મને આ રોટલીમાં પણ સંતોષ હતો. પરંતુ આપને એની જરૂર હોય તો લઈ લો. મારી ચિંતા ન કરશો.'' તેણે રોટલી સંતને આપી દીધી. સંતે તેને થોડી વાર ઊભા રહેવા કહ્યું. પછી ઘણા ભિખારી પસાર થયા, પરંતુ કોઈ રોટલીનો એક ટુકડો આપતા પણ તૈયાર ન હતા. પછી છેલ્લે એક યુવાન પસાર થતો હતો. સંતે એને કહ્યું, ''મને આમાંથી અડધી રોટલીનો ટુકડો આપીશ તો હું તને મંત્રી બનાવી દઈશ. યુવાને વિચાર્યું, ''અડધો ટુકડો દેવામાં વાંધો નથી, કેમ કે અડધો તો મારી પાસે બચશે જ.'' તેમણે રોટલીનો અડધો ટુકડો સંતને આપ્યો. સંતે તેને પહેલા યુવાન પાસે ઊભો રાખ્યો. બધા ભિખારી ગયા પછી સંતે રાજા અને મંત્રી બન્નેને કહ્યું, ''તમારા બન્ને માટે યોગ્ય પુત્ર મળી ગયા છે.''

રાજામાં વિરાટ ભાવના હોવી જરૂરી છે. સર્વસ્વ ત્યાગ કરવાની, પ્રિયમાં પ્રિય વસ્તુ પણ ન્યોછાવર કરી દેવાની હિંમત હોવી જોઈએ. પહેલા યુવાને એ હિંમત બતાવી, જેથી તેનામાં ભવિષ્યનો રાજા બનવાની યોગ્યતા છે અને બીજા યુવાનમાં તેનાથી અડધી યોગ્યતા એટલે કે મંત્રી બનવાની યોગ્યતા છે.

આનંદના સર્જક પૂજ્ય અમરમુનિની આ ઉપનય કથાનો સંકેત એ છે કે સંસારની વાસનાઓ એંઠાજૂઠા વાસી ટુકડાઓ જેવી છે. એને છાતીસરસી લગાવીને આપણે ચાલી રહ્યા છીએ. જો તેને ત્યાગીએ, અનાસક્ત બનીએ તો સાધુતા પ્રાપ્ત થઈ જાય. આધ્યાત્મિક કે વ્યવહારિક બન્ને ક્ષેત્રોમાં પૂર્ણ ત્યાગ રંકને રાય બનાવી દે છે. અધ્યાત્મ ક્ષેત્રે ત્યાગ આપણામાં પાત્રતા પ્રગટાવી દે છે, જે આત્મોત્થાન કરાવવામાં સહાયક બને છે અને વ્યાવહારિક ક્ષેત્રે દાન-ત્યાગ એક ભિક્ષુક-રંકને રાય-રાજા બનવાની ક્ષમતા પ્રગટાવી દે છે.

કદાચ આપણા જીવનમાં વાસનાઓ પૂર્ણ રીતે ત્યાગવાની ક્ષમતા ન હોય તો સાધુની પદવી ન મળે, પણ શ્રાવકની પદવી તો જરૂર મળે.

પૂર્ણ ત્યાગ સાધુની ભૂમિકા છે, પરંતુ ઈચ્છાઓને સીમિત કરવી, આવશ્યકતા ઉપરાંત વધારાનો ત્યાગ કરવો તે શ્રાવક કે વૈષ્ણવજનની ભૂમિકા છે.

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૦૧-૦૭-૨૦૨૨ | અષાઢી બીજ | શુક્રવાર | શ્રી જિનમંદિરમાં ધ્વજારોહણ |
| ૧૨-૦૭-૨૦૨૨ થી ૧૪-૦૭-૨૦૨૨ | અષાઢ સુદ પૂનમ | મંગળવાર થી ગુરુવાર | શ્રી ગુરુપૂર્ણિમા શિબિર |
| ૨૪-૦૮-૨૦૨૨ થી ૩૧-૦૮-૨૦૨૨ | શ્રાવણ વદ-૧૨ થી ભાદ્રપદ સુદ-૪ | બુધવાર થી બુધવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૩૧-૦૮-૨૦૨૨ થી ૦૯-૦૯-૨૦૨૨ | ભાદ્રપદ સુદ-૪ થી ભાદ્રપદ સુદ-૧૪ | બુધવાર થી શુક્રવાર | શ્રી દશલક્ષણ મહાપર્વ |
| ૧૦-૧૦-૨૦૨૨ | આસો વદ એકમ | સોમવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન અને પૂ. લઘુરાજ સ્વામી જન્મતિથિ |
| ૨૩-૧૦-૨૦૨૨ થી ૨૬-૧૦-૨૦૨૨ | આસો વદ તેરસ થી કારતક સુદ એકમ | રવિવાર થી બુધવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૨૯-૧૦-૨૦૨૨ | કારતક સુદ પાંચમ | શનિવાર | જ્ઞાનપંચમી |
| ૦૮-૧૧-૨૦૨૨ | કારતક સુદ પૂનમ | મંગળવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ |
| ૦૨-૧૨-૨૦૨૨ થી ૦૪-૧૨-૨૦૨૨ | | શુક્રવાર થી રવિવાર | ડિસેમ્બરની શિબિર |
| ૨૩-૧૨-૨૦૨૨ થી ૨૫-૧૨-૨૦૨૨ | | શુક્રવાર થી શનિવાર | યુવાશિબિર |

## શ્રી ગુરુપૂર્ણિમા શિબિરમાં પધારવા હાર્દિક નિમંત્રણ

આપણી સંસ્થામાં તા. ૧૨-૦૭-૨૦૨૨ થી તા. ૧૪-૦૭-૨૦૨૨ દરમિયાન ત્રિદિવસીય ગુરુપૂર્ણિમા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર દરમ્યાન બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ, પૂજ્ય બહેનશ્રી, બા.બ્ર. આદ. શ્રી સુરેશભૈયાના સ્વાધ્યાયનો લાભ મળશે. આ ઉપરાંત જિનાભિષેક, જિનપૂજા, ધ્યાન, આરતી, ભક્તિસંગીત વગેરે કાર્યક્રમો નિયમિતપણે યોજાશે. આત્મકલ્યાણ અર્થે શિબિરનો લાભ લેવા સૌને નિમંત્રણ છે. આપના આગમનની જાણ સંસ્થામાં અગાઉથી કરવા વિનંતી, જેથી આપના આવાસાદિની સુવિધાઓ થઇ શકે.

## સંસ્થાના ૪૭ મા સ્થાપનાદિનની ઉજવણી સાનંદ સંપન્ન

સ્વ-પર કલ્યાણના ઉદાત્ત દૃષ્ટિકોણને લક્ષમાં રાખીને શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજીની પાવન પ્રેરણાથી

વૈશાખ સુદ દશમ ભગવાન મહાવીર કેવળજ્ઞાન કલ્યાણકના શુભ દિને તા. ૦૯-૦૫-૧૯૭૫ ના દિવસે આપણી સંસ્થાની સ્થાપના થઇ હતી. આત્મકલ્યાણની સાથે સાથે સંસ્થા દ્વારા પરકલ્યાણની પણ અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. અનેક સેવાભાવી સાધકોના પ્રેમપરિશ્રમથી સંસ્થા ઉત્તરોત્તર વિકાસ પામતી રહી છે. ટ્રસ્ટીમંડળની વહીવટી દક્ષતા, કર્મયોગી કર્મચારીઓ અને સેવાભાવી સાધકોના ત્રિવેણી સંગમના સુભગ સમન્વયપૂર્વક સંસ્થા સફળતાના સોપાનો સર કરી રહી છે.

તા. ૧૧-૦૫-૨૦૨૨ ના રોજ સંસ્થાના ૪૭ મા સ્થાપનાદિન નિમિત્તે સવારે શ્રી જિનાભિષેક બાદ ભગવાન મહાવીરની પૂજા રાખવામાં આવી હતી. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેને સંસ્થાના વિકાસમાં સહયોગ આપનારા સેવાભાવી સાધકો અને મહાનુભાવોને સ્મરણાંજલિ અર્પીને હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સંસ્થાને ૬૪૦૦ વાર જેટલી જમીન દાનમાં આપનાર સ્વ. રસિકલાલ અચરતલાલ શાહની ઉદારદિલ ભાવનાની પૂજ્ય બહેનશ્રીએ અનુમોદના સહ આભારની લાગણી વ્યક્ત કરી હતી. આદ. બા.બ્ર. સુરેશભૈયાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે સંસ્થાનું મૂળ નામ ‘શ્રી સત્શ્રુત સેવા-સાધના કેન્દ્ર’ હતું. શ્રી સત્શ્રુતની સેવા અને સાધના થાય તે સંસ્થાનો ઉદ્દેશ છે. કેવળજ્ઞાનનું બીજ સમ્યગ્દર્શનને મુમુક્ષુ ભાઈ-બહેનો પ્રાપ્ત કરે તેવી મંગલ ભાવનાથી પૂજ્યશ્રી આત્માનંદજીએ આ સંસ્થાની સ્થાપના કરી હતી. સત્શ્રુતને સુરક્ષિત રાખવા અને તેની પ્રભાવના કરવી તે સત્શ્રુતની સેવા છે. સેવા એ બાહ્ય પ્રવૃત્તિ છે, જ્યારે સાધના અંતરંગ છે. ચારે બાજુથી આત્મકલ્યાણ માટે પુરુષાર્થ કરવામાં આવે તેનું નામ આશ્રમ. સત્સંગ દ્વારા શ્રુતાભ્યાસ કરીને જીવનની દશા અને દિશા ફેરવવી તે સત્શ્રુતની સાધના છે. આત્મજ્ઞાન અને આત્મસમાધિ માટેના સાધનો-નિવૃત્તિક્ષેત્ર, સત્સંગ, સેવા સ્વાધ્યાય, ભક્તિ વગેરે આધ્યાત્મિક પ્રયોગશાળામાં મળે છે. સમજણ વગર શાંતિ મળતી નથી. સેવા માટે સ્વાર્થનો ત્યાગ કરવો પડે છે. સંસ્થાના માધ્યમથી અનેક લોકોનું કલ્યાણ થઇ રહ્યું છે. સંસ્થા સાથેના સંસ્મરણોને વાગોળતાં કબીરપંથી સંતશ્રી નિર્મદદાસજીએ જણાવ્યું કે પ્રભુકૃપાથી સહજ રીતે સંસ્થાનું નિર્માણ થયું તેમાં પૂજ્યશ્રી આત્માનંદજીની ઉદારતા અને દૂરદર્શિતા મુખ્ય કારણભૂત છે. સાથે સાથે સંસ્થાના પાયાના પથ્થરો, ટ્રસ્ટીઓ અને સમર્પણશીલ સાધકોનું પણ યોગદાન રહ્યું છે. ધૈર્ય, તપ, ત્યાગ અને સહનશીલતાથી તપોભૂમિ બને છે, માત્ર ઈંટ, ચૂના કે પથ્થરોથી નહિ. પૂજ્ય બહેનશ્રીએ ગૃહસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમને ઉજ્જવલિત કર્યા છે. આવા આધ્યાત્મિક કેન્દ્રનો લાભ લઇને આપણે સૌ આત્મવિકાસ સાધીએ તેવી અભ્યર્થના.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા પૂજ્ય આચાર્ય ૧૦૮શ્રી કુમુદનંદિજી મહારાજે શુભાશીર્વાદ આપતા જણાવ્યું કે સાધ્ય (આત્મશુદ્ધિ) ની સિદ્ધિ માટે સત્સાધનોનું અવલંબન લેવાનું છે. શુભાશુભ ભાવ રહિતની અવસ્થા તે મોક્ષ અવસ્થા છે. સાધના માટેનું આ શાંત અને પવિત્ર સ્થળ છે. અહીં સાધકોની સાધના નિરંતર થતી રહે તેવી શુભકામના. આ સંસ્થા દ્વારા સાધુ-સંતોના વૈયાવચ્ચ (સેવા) ની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. જો આવા સ્થળે સાધના માટેની આવશ્યકતાઓની પૂર્તિ થતી હોય તો ઘરે જવાની શી જરૂર ?

પૂજ્ય મુનિ ૧૦૮ શ્રી આર્ષકીર્તિજી મહારાજે શુભાશીર્વાદ આપતા જણાવ્યું કે મહાપુરુષના મનમાં રહેલી સ્વ-પર કલ્યાણની ભાવનાનું સાકારરૂપ એટલે આ સંસ્થાનું નિર્માણ. સંસારના દુઃખોથી મુક્ત થઇ આત્માનું પરમ કલ્યાણ કરવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આવી પારમાર્થિક સંસ્થાઓ આશીર્વાદરૂપ છે. સંસ્થાને નિરંતર દીર્ઘકાલીન ચલાવવી એ કઠિન કાર્ય છે, પરંતુ આત્માનંદજીની આત્મશક્તિએ સંસ્થાને મજબૂતી અર્પી. ૪૭ વર્ષથી સંસ્થા લોકકલ્યાણના કાર્યો કરી રહી છે તે આનંદની વાત છે. અનેક મહાનુભાવોના સિંચન, સંરક્ષણ અને સહયોગથી સંસ્થા વર્ષો સુધી ટકી શકે છે.

સંસ્થા માટે જમીનનું દાન કરનારા દાનવીર સ્વ. શ્રી રસિકભાઈ શાહના સુપુત્ર આદ. શ્રી શ્રીપાલભાઈ શાહ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના ટ્રસ્ટી મહાનુભાવ આદ. શ્રી પ્રકાશભાઈ એચ. શાહે શ્રીપાલભાઇનો સૌને પરિચય આપ્યો હતો. સંસ્થા દ્વારા શ્રીપાલભાઇનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

જૈન શ્રેષ્ઠી, જિનશાસનની સેવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનારા, ધર્મનિષ્ઠ અને અનેક જૈન સંસ્થાઓ/તીર્થોના મેનેજિંગ ટ્રસ્ટી, તીર્થોદ્ધારક આદ. શ્રી શ્રીપાલભાઈ શાહે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આપણું બાળપણ નિર્દોષતાથી વીત્યું હોય છે અને એ સમય જીવનમાં હંમેશાં યાદ રહે છે. મારા પિતાશ્રી (રસિકભાઈ) કોબા આવતા ત્યારે તેઓને હું ગાડીમાં લઇને આવતો હતો. આ સંસ્થાનું બાંધકામ થતું મેં જોયું છે. મારા પિતાશ્રીએ અહીં લગભગ દોઢ મહિનો રોકાઇને પૂજ્યશ્રી આત્માનંદજીના માર્ગદર્શન હેઠળ સાધના કરી છે. ૫૫ વર્ષની ઉંમરે પિતાજીને હાર્ટએટેક આવ્યો ત્યારથી તેઓને ધર્મ પ્રત્યેનો લગાવ વધી ગયો. આત્મોન્નતિ માટે તેઓ સત્સંગ કરતા. શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજીનું તેઓશ્રીએ ખૂબ વાંચન કર્યું હતું. પદ્માસનમાં બેસીને તેઓ રોજની પાંચ સામાયિક કરતા. યોગનો પણ તેઓને સારો અભ્યાસ હતો. તેઓ ચાતુર્માસમાં બિયાસણા દરમ્યાન માત્ર બે જ દ્રવ્યોનો ઉપયોગ કરતા. સ્વાદત્યાગ અને મૌનની સાધના તેઓના સાધકજીવનની વિશિષ્ટતા હતી. ૫૫ વર્ષની ઉંમર પછી તેઓએ પોતાના સંતાનોને બિઝનેશ સોંપી દીધો. ઘરમાં રહેવા છતાં પણ તેઓએ છાપું (વર્તમાનપત્ર) અને ટી.વી. નો ત્યાગ કર્યો હતો. પિતાશ્રીએ આપેલ ભૂમિદાનથી મને તીર્થોની સેવા કરવાની તક મળી છે. આ સંસ્થામાં આવું છું ત્યારે અહીંના સંસ્મરણો તાજા થાય છે. જે સંસ્થા પોતાના સિદ્ધાંતોને જાળવી રાખે તે લાંબા સમય પછી તીર્થ બની જતી હોય છે. સંસ્થાના ટ્રસ્ટીવર્ય આદ. શ્રી બિપીનભાઈ મણિયારે સ્વાગત પ્રવચનમાં પધારેલા મહાનુભાવોનું સંસ્થા વતી હાર્દિક સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ પૂજ્યશ્રીની વીડિયો કેસેટના શ્રવણ બાદ આરતી કરવામાં આવી. ‘સાધકસાથી’ તથા ‘સાધનાસોપાન’ પુસ્તકની કુટુંબદીઠ પ્રભાવના કરવામાં આવી હતી. રાત્રે વિશેષભક્તિ કાર્યક્રમ અંતર્ગત ભાવસભર ભક્તિ દ્વારા અંતરના તારને ઝંકૃત કર્યા હતા.

## મેડિકલ સેન્ટરના ઉપક્રમે સંસ્થામાં થાઇરોઇડ નિદાન કેમ્પ સંપન્ન

સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટર દ્વારા રાહત દરે મેડિકલ સેવાઓની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. મેડિકલ સેન્ટર દ્વારા અવારનવાર રક્તદાન શિબિર તથા વિવિધ મેડિકલ કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. તા. ૦૮-૦૫-૨૦૨૨ ના રવિવારના દિવસે સંસ્થામાં થાઈરોઈડ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્ય દ્વારા નિદાન કેમ્પનો શુભારંભ થયો. શ્રી નમસ્કાર મહામંત્ર, શ્રી શાંતિમંત્ર બાદ સંસ્થાના ટ્રસ્ટીવર્ય આદ. ડૉ. રાજેશભાઈ સોનેજીએ થાઈરોઈડ વિશે માહિતી આપતા જણાવ્યું કે આ ટેસ્ટ કરાવવામાં કોઇ ભય રાખવો નહીં. આ સંપૂર્ણ સલામત છે. અશક્તિ લાગવી, થાક લાગવો, વજન વધી જવું અથવા ઘટી જવું, વાળ ખરવાં વગેરે થાઈરોઈડના લક્ષણો છે. ૩૫ જેટલા લોકોએ આ નિદાન કેમ્પનો લાભ લીધો હતો. થાઈરોઈડ નિદાન કેમ્પ માટે સેવાભાવી તથા દાનવીર મહાનુભાવ આદ. શ્રી દિનેશભાઈ બાવીસીનું આર્થિક સૌજન્ય પ્રાપ્ત થયું હતું, જે બદલ સંસ્થા તેઓનો હૃદયપૂર્વક આભાર માને છે.

## પૂજ્ય ભાઈશ્રી નલીનભાઈનું સંસ્થામાં શુભ આગમન

શ્રી રાજ-સોભાગ આશ્રમ, સાયલાના સંત પૂજ્ય ભાઈશ્રી નલીનભાઈ, આદ. બ્રહ્મનિષ્ઠ શ્રી લલિતાબા, આદ. બ્રહ્મનિષ્ઠ શ્રી વિક્રમભાઈ તા. ૨૩-૦૫-૨૦૨૨ ના રોજ થોડા કલાક માટે આપણી સંસ્થામાં પધાર્યા હતા. તેઓના પાવન પગલાંથી સંસ્થામાં ધર્મોલ્લાસમય વાતાવરણ સર્જાયું હતું. પૂજ્ય ભાઈશ્રી નલીનભાઈ

અને સાયલા આશ્રમ સાથે આપણી સંસ્થાના ધર્મવાત્સલ્યપૂર્ણ સ્નેહસભર સંબંધો જળવાઈ રહ્યા છે. સંસ્થા દ્વારા પૂજ્ય ભાઈશ્રીનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. અત્યંત સરળ, નિખાલસ, વિનમ્ર અને વાત્સલ્યના વારિધિ એવા પૂજ્ય ભાઈશ્રીનું સાધનામય પુનિત જીવન સૌના માટે અનુમોદનીય અને અનુકરણીય છે.

પૂજ્ય ભાઈશ્રી સહિત સૌએ સંસ્થાના શ્રી જિનમંદિર, શ્રી રાજમંદિર તથા પૂજ્યશ્રીના સમાધિમંદિરના દર્શન કર્યા. સંતકુટિરમાં પૂજ્યશ્રીની પ્રતિકૃતિ સમક્ષ સૌએ પૂજ્યશ્રી આત્માનંદજીના ગુણાનુવાદ કર્યા. ત્યારબાદ સ્વાધ્યાયહૉલમાં સંસ્થાના યુવાસાધકો અને આદ. શ્રી વિક્રમભાઈની ભાવવાહી ભક્તિથી સૌના હૃદયના તાર ઝંકૃત થઇ ગયા. પૂજ્ય ભાઈશ્રીએ વચનામૃત પત્રાંક-૮૧૬ ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે થોડા સમય માટે કોબા આવવાનું બન્યું એટલે અંતઃકરણમાં ઘણો આનંદ થયો. પરમકૃપાળુદેવ શ્રી સોભાગભાઈને તેઓની બીમાર અવસ્થામાં ૧૦ દિવસ માટે ઇડર લઇ ગયા અને એવી બોધવર્ષા વરસાવી કે તેના પરિણામસ્વરૂપ તેઓને આત્મદર્શન થયું. આત્મોન્નતિ માટે જ્ઞાની પુરુષનો બોધ અને આજ્ઞા આવશ્યક છે. અંતર્મુખતા ગુરુકૃપાથી સાધ્ય કરી શકાય. સત્પુરુષોનો માર્ગ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે. જેના માથે જ્ઞાનીપુરુષ હોય અને જો તે સમ્યક્ પુરુષાર્થ કરે તો મિથ્યાત્વની ગ્રંથિનો છેદ કરી આત્મવિકાસ સાધી શકે. મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે મહત્ પુણ્ય, વિશુદ્ધ મતિ, તીવ્ર વૈરાગ્ય અને સત્પુરુષના સમાગમની આવશ્યકતા છે. મનુષ્યભવ પ્રાપ્ત કરીને પ્રમાદમાં પડ્યા રહે છે તે જોઇ જ્ઞાનીઓને આશ્ચર્ય થાયછે. પૂજ્ય આત્માનંદજી જેવા મહાપુરુષનો સમાગમ મળ્યો તે મહાન પુણ્ય છે, તેઓની આજ્ઞાનું આરાધન કરી આત્મોન્નતિ કરો તેવી શુભભાવના.

બ્રહ્મનિષ્ઠ આદ. શ્રી વિક્રમભાઈએ સાયલા મુકામે જેઠ વદ દશમ, તા. ૨૩-૦૬-૨૦૨૨ ના રોજ શ્રી સોભાગભાઈની ૧૨૫મી પુણ્યતિથિની ઉજવણી નિમિત્તે પધારવા સૌને ભાવભીનું નિમંત્રણ આપ્યું. પૂજ્ય બહેનશ્રીએ સંસ્થામાં પધારવા બદલ પૂજ્ય ભાઈશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી અને અવારનવાર સંસ્થામાં પધારવા વિનંતી કરી. સંસ્થાના ટ્રસ્ટી મહાનુભાવ આદ. શ્રી ડૉ. રાજેશભાઈ સોનેજીએ સાયલા સંસ્થા દ્વારા થતી શૈક્ષણિક, મેડિકલ અને અન્ય સેવાઓની અનુમોદના કરી અને આપણી સંસ્થાના બા.બ્ર. સાધકોનો પરિચય આપ્યો.

## સંસ્થામાં પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી કુમુદનંદિજી મહારાજ તથા પૂજ્ય મુનિશ્રી આર્ષકીર્તિજી મહારાજનું શુભાગમન

આપણી સંસ્થામાં તા. ૧૦-૦૫-૨૦૨૨ ના દિવસે પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી કુમુદનંદિજી મહારાજ તથા પૂજ્ય મુનિ ૧૦૮ શ્રી આર્ષકર્તિજી મહારાજના પાવન પગલાં થતાં ધર્મોલ્લાસમય વાતાવરણ બની ગયું. મહારાજશ્રીના ૬ દિવસના રોકાણ દરમ્યાન સૌએ આહારદાન, પ્રવચન અને વૈયાવચ્ચ (સેવા) નો લાભ લીધો હતો. મહારાજશ્રીની ઉદારતા અને વાત્સલ્યભાવ સૌના હૃદયને સ્પર્શી ગયા. શાંત અને પવિત્ર એવા કોબા નિવૃત્તિક્ષેત્રમાં સાધકોના વિનય, સેવાભાવ અને ધર્મભાવના જોઇને મહારાજશ્રીએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. અત્યંત ઉદાર અને ભાવોર્મિથી છલકાતા સાધકવિશેષ આદ. શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણીની સાધનાકુટિર મહારાજશ્રીના નિવાસ, આહારદાન વગેરે માટે ફાળવવામાં આવી હતી. આ સમય દરમ્યાન મુનિશ્રી આર્ષકીર્તિજી મહારાજની કેશલોચવિધિ નિહાળવાનો સૌને લાભ મળ્યો હતો.

છ દિવસ દરમિયાન સ્વાધ્યાય આપતા પૂજ્ય આચાર્યશ્રી કુમુદનંદિજી મહારાજે જણાવ્યું કે વિશુદ્ધિ કષાયની મંદતા દર્શાવે છે, જ્યારે સંક્લેશ કષાયની તીવ્રતા દર્શાવે છે. સહનશીલતા અને સમજદારીના ગુણ વિકસાવવા જરૂરી છે. સાધકોએ આત્માના પરિણામ મલિન ન થાય તેની જાગૃતિ રાખવી. આત્માનંદજીએ અહીં સુંદર પરિસરનું નિર્માણ કર્યું છે. અહીંનું શાંત અને પવિત્ર વાતાવરણ સાધનામાં સહાયક બને છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિની યોગ્યતા છે તે ભવ્ય જીવો કહેવાય. ભવ્ય જીવો  કરતાં અભવ્ય જીવોની સંખ્યા બહુ ઓછી છે. જેઓ નિર્દોષ છે તે બીજાના દોષો જોતાં નથી અને જેઓ દોષિત છે તેઓને બીજાના દોષોને જોવાનો અધિકાર નથી. કોઇના આશીર્વાદ માત્રથી મોક્ષપ્રાપ્તિ થતી નથી, તે માટે તો સ્વયં પુરુષાર્થ કરવો પડે. આપણે અલ્પ આયુમાં આત્મકલ્યાણ કરવાનું છે. જે કેશલોચ ન કરી શકે તે સાધુ ન બની શકે. જેઓને વિકાર જાગે તેઓ દિગંબર મુનિ ન બની શકે. દિગંબર મુનિઓની કઠિન ચર્યા હોય છે. સમજશક્તિ અને સહનશક્તિ હોય તે મુનિ બની શકે. સાધના માટે કષાયની મંદતા અને સમતાભાવનું પાલન જરૂરી છે. 'દેખો, જાનો, બિગડો મત'. જેમને નરકાયુનો બંધ થઇ ગયો હોય તે વ્રત-સંયમ ધારણ કરી શકે નહિ. 'મુખ મેં અરિહંત, સાથ મેં સંત'. સમાધિમરણ માટે ભોજનની આસક્તિ છોડવી જરૂરી છે. જીવનમાં એક વાર તો સમ્મેદશિખરજીની યાત્રા અવશ્ય કરવી જોઇએ. કોબાની શાંત અને પવિત્ર ભૂમિના પરમાણુઓ આ ક્ષેત્રમાં આવનારાઓના પરિણામોમાં વિશુદ્ધિ આપે છે. પૂ. આચાર્યશ્રીએ ધાર્મિક પ્રશ્નોત્તરી કાર્યક્રમ અંતર્ગત ધાર્મિક પ્રશ્નો પૂછ્યા હતા.

પૂજ્ય મુનિ ૧૦૮ શ્રી આર્ષકીર્તિજી મહારાજે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે આપણી બુદ્ધિને સમીચીન બનાવવી જોઇએ. સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર સમીચીન કહેવાતા નથી. ભગવાનના ભરોસે જીવનનૈયા ચલાવીએ તો ભવસાગરને પાર ઉતરાય. સિંધુ સમાન જ્ઞાનમાંથી આજે બિંદુ સમાન જ્ઞાન રહ્યું છે, છતાં તે જ્ઞાનના આધારે આપણે મંજિલ સુધી પહોંચી શકીએ છીએ. જિનાગમ સન્માર્ગ તરફ લઇ જાય છે; સમ્યગ્દર્શનથી મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. વાત્સલ્ય ગુણ આવતાં ભેદભાવ સમાપ્ત થઇ જાય છે. સમ્યગ્દર્શનના આઠ અંગોને ધારણ કરવાં. ઘર, પરિવાર અને સંસારસુખના સાધનો મળવા સુલભ છે પરંતુ સંતસમાગમ અને હરિભજન દુર્લભ છે. સંતસમાગમ આપણી જીવનરૂપી બેટરીને ચાર્જ કરી દે છે. સાચી ભક્તિ દ્વારા મુક્તિની પ્રાપ્તિ થાય છે. મોક્ષમાર્ગમાં કોઇ શોર્ટકટ નથી. ભગવાન મહાવીરનો માર્ગ અનેકાંતનો છે. સમ્યગ્દર્શનરૂપી મહોર લાગતાં જ્ઞાન સમ્યક્ બની જાય છે. સમ્યક્ચારિત્ર દ્વારા થતી નિર્જરા કાર્યકારી થાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિથી અશુભગતિનો બંધ અટકી જાય છે. મુનિને આહારદાન કરવાથી મિથ્યાદૃષ્ટિ જીવો પણ ભોગભૂમિમાં જન્મે છે.

## સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ'ના પરિચયપત્રનું વિમોચન

વિદ્યાર્થીઓમાં ઉત્તમ શિક્ષણની સાથે સુસંસ્કારોનું સિંચન થાય તેવા ઉદ્દેશથી પૂજ્યશ્રી આત્માનંદજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ' ની સ્થાપના કરવામાં આવી છે. અત્યંત રાહત દરે વિદ્યાર્થીઓની આવશ્યક સુવિધાઓ ગુરુકુળ દ્વારા પૂરી પાડવામાં આવે છે. ગુરુકુળમાંથી અભ્યાસ કરીને ગયેલા વિદ્યાર્થીઓ આજે દાક્તર, વકીલ, પોલીસ તેમજ ઉચ્ચ હોદ્દાઓને પ્રાપ્ત કરી સમાજમાં પોતાનું સ્થાન શોભાવી રહ્યા છે. આ ગુરુકુળના ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં બ્રોસર (પરિચયપત્ર) નું વિમોચન તા. ૦૮-૦૫-૨૦૨૨ ના રોજ મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પરિચયપત્ર બનાવવામાં સેવાભાવી સાધક આદ. ગિરીશભૈયાનો સિંહફાળો રહ્યો છે, જે બદલ સંસ્થા તેઓને સાભાર ધન્યવાદ પાઠવે છે.

## ઉનાળુ વેકેશનમાં સંસ્કારસિંચન અર્થે બાળકોનું સંસ્થામાં આગમન

બાળકોને શાળાકીય શિક્ષણની સાથે સાથે નૈતિક મૂલ્યો વિષયક તેમજ ધાર્મિક અને આધ્યાત્મિક સંસ્કારોનું સિંચન કરવામાં આવે તો તેઓમાં ઉત્તમ વ્યક્તિત્વની ખીલવણી થાય તેમજ દેશને ઉત્તમ નાગરિકોની સંપ્રાપ્તિ થાય. દરેક માતા-પિતાએ પોતાના સંતાનોને ધાર્મિક/આધ્યાત્મિક સંસ્થા સાથે જોડીને તેનામાં સુસંસ્કારોની ખીલવણી કરવી જોઇએ. જો સંતાનને નાનપણથી જ આધ્યાત્મિક/ધાર્મિક સંસ્થા સાથે જોડવામાં આવે, ધાર્મિક શિબિરોમાં અને પાઠશાળામાં મોકલવામાં આવે તો તેનામાં ઉત્તમ સુસંસ્કારોનું ઘડતર થાય, તેનું સર્વાંગી

કલ્યાણ અને અભ્યુદય થાય. આવા શુભ આશયથી લક્ષ્મીપુરા (સાબરકાંઠા) ગામના સેવાભાવી અને ઉત્તમ મુમુક્ષુ આદ. શ્રી લાલજીભાઈ ૧૦ થી ૧૨ વર્ષના થોડા બાળકોને લઈને ૯ દિવસ માટે આપણી સંસ્થામાં પધાર્યા હતા. પૂજ્ય બહેનશ્રી તથા આદ. બા.બ્ર. સુરેશભૈયાએ વિશેષ સમય ફાળવીને બાળકોમાં સેવા, ભક્તિ અને સુસંસ્કારોનું સિંચન થાય તે માટે સારો પ્રેમપરિશ્રમ લીધો હતો. બાળકોએ જિનાભિષેક, જિનપૂજા, ભક્તિ, સ્વાધ્યાય તથા આરતીના કાર્યક્રમોમાં નિયમિતપણે ભાગ લીધો હતો. આ રીતે ભાવિ પેઢીના જીવનઘડતરનું ઉત્તમ કાર્ય સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે. આદ. શ્રી લાલજીભાઈ તથા બાળકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ. સંતોની ભૂમિ એવા લક્ષ્મીપુરા ગામમાં અનેક સંતોએ સુસંસ્કારોનું સિંચન કર્યું છે. પૂજ્યશ્રી આત્માનંદજીએ પણ અવારનવાર લક્ષ્મીપુરા પધારીને સત્સંગનો લાભ આપ્યો છે.

## શ્રી ગુણવંતભાઈ બરવાળિયાના તંત્રીલેખને પ્રથમ જૈન પત્રકાર એવોર્ડ




'મુંબઈ જૈન પત્રકાર સંઘ' ત્રીસ વર્ષ જૂની સંસ્થા છે. ચારે ફિરકાના જૈન પત્રકારોની વિવિધ ક્ષેત્રની શ્રેષ્ઠ કૃતિઓ માટે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવે છે. ૨૦૨૦-૨૦૨૧ના શ્રેષ્ઠ તંત્રીલેખ માટે શ્રી પુખરાજ-ચુનીલાલ બાફના ચૅરિટી ટ્રસ્ટ તરફથી પ્રથમ એવોર્ડ ગુણવંતભાઈ બરવાળિયાને અર્પણ કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે. દશા શ્રીમાળી માસિકના દીપોત્સવી વિશેષાંકના તંત્રીલેખ માટે આ ઍવોર્ડ એનાયત થશે. સાહિત્ય ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપનારા સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રી ગુણવંતભાઈને કોબા પરિવાર હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

| | | | |
|---|---|---|---|
| **ભોજનાલય કાયમી તિથિ :** | (૧) | શ્રી સોનેજી પરિવાર, અમદાવાદ<br>હસ્તે : ડૉ. રાજેશભાઈ સોનેજી | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| **સાધનાકુટિર, મુમુક્ષુકુટિર યોગદાન :** | (૧) | શ્રી મીનાબેન બિપીનભાઈ મણિયાર, અમદાવાદ | રૂા. ૬,૫૦,૦૦૦/- |
| | (૨) | શ્રી શીતલબેન મહેન્દ્રભાઈ વ્હોરા, મુંબઈ (મુમુક્ષુકુટિર-બી/૬) | રૂા. ૬,૦૦,૦૦૦/- |
| | (૩) | શ્રી શાંતિલાલ સી. મહેતા, મુંબઈ (કુટિર નં. ૪) | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| **સ્વાધ્યાયહૉલ રીનોવેશન :** | (૧) | શ્રી રમેશભાઈ ખંધાર, USA | રૂા. ૨૧,૦૦૦/- |
| **સંસ્થાની નવી ગાડી :** | (૧) | શ્રી મહેન્દ્રભાઈ એસ. મહેતા, પૂના | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| | (૨) | શ્રી નવીનભાઈ બી. શાહ, મુંબઈ | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| **ગુરુકુળ :** | (૧) | શ્રી રાજેશ્વરભાઈ જે. દવે, અમદાવાદ<br>(ગુરુકુળના બે વિદ્યાર્થીની વાર્ષિક ફી પેટે) | રૂા. ૩૬,૦૦૦/- |
| **છાશકેન્દ્ર :** | (૧) | શ્રી શિલ્પીબેન પુલકિતભાઈ મહેતા, બરોડા<br>(જ્ઞાનદાન, જીવદયા) | રૂા. ૧૫,૦૦૦/- |
| | (૨) | શ્રી કોકિલાબેન વસંતભાઈ ખંધાર, અમદાવાદ<br>હસ્તે : શ્રી સંજયભાઈ ખંધાર | રૂા. ૧૦,૦૦૦/- |
| | (૩) | શ્રી દક્ષેશભાઈ મચ્છર, અમદાવાદ | રૂા. ૧૦,૦૦૦/- |
| **પૂજ્યશ્રી સ્મૃતિ ફંડ :** | (૧) | શ્રી અપૂર્વભાઈ શેઠ, સુરેન્દ્રનગર | રૂા. ૧૧,૦૦૦/- |
| **વરિષ્ઠ મુમુક્ષુ સહાય :** | (૧) | શ્રી ઋષભ દીપક સોલાણી, મુંબઈ | રૂા. ૧૦,૦૦૦/- |

## વૈરાગ્ય સમાચાર



**[૧] વડોદરા :** આપણી સંસ્થા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા સેવાભાવી સાધક આદ. શ્રી શિલ્પીબેન પુલકિતભાઈ મહેતાના સાસુમાં **શ્રીમતી પ્રભાબેન ધીરજલાલ મહેતાએ** તા. ૨૪-૦૪-૨૦૨૨ ના રોજ ૯૯ વર્ષની ઉંમરે શાંતિપૂર્વક દેહત્યાગ કર્યો છે. સ્વ. પ્રભાબેન અત્યંત સેવાભાવી અને શાંત સાધક હતા. તેઓએ જીવનમાં મૌનની સાધના કરી હતી. હિતેચ્છુ વૃત્તિ-પરોપકારવૃત્તિ એ તેઓના જીવનની ધ્યાનાકર્ષક વિશેષતા હતી. તેઓશ્રી આપણી સંસ્થા તેમજ શ્રી મહાવીર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર-ચીંચણી તેમજ ગુંદી આશ્રમ સાથે ઘણા વર્ષોથી જોડાયેલા હતા. તેઓશ્રીએ પોતાની જીવનરૂપી લત્તાને સુસંસ્કારરૂપી જળના સિંચન દ્વારા નવપલ્લવિત રાખી હતી અને તેને કારણે તેઓના જીવનમાં અનેક સદ્‌ગુણોરૂપી ફળ દૃષ્ટિગોચર થતાં હતાં. શાંત સ્વભાવના કારણે તેઓ દેહત્યાગના સમયે સમતા રાખી શક્યા અને શાંતિપૂર્વક સ્વર્ગારોહણ કર્યું. આદ. શ્રી શિલ્પીબેન મહેતા પરિવારે પ્રભાબેનની નિઃસ્વાર્થભાવે કરેલી સતત સેવાઓ આપણા સૌના માટે પ્રેરણાદેયક છે. સ્વ. પ્રભાબેન તેઓના પરિવારજનોને ધર્મસંસ્કારોનો વારસો સોંપતા ગયા છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને તેઓ આગામી થોડા ભવોમાં પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૨] અમદાવાદ :** આપણી સંસ્થામાં છેલ્લા ૪૦ વર્ષોથી અવારનવાર પધારીને સત્સંગનો લાભ લેતા તથા 'દિવ્યધ્વનિ' ના આજીવન સભ્યશ્રી હરિકૃષ્ણભાઈ વનમાળીદાસ સોનીના ધર્મપત્ની **વિમળાદેવીનું** તા. ૩૦-૦૪-૨૦૨૨ ના રોજ ૮૮ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓને પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે અત્યંત અહોભાવ હતો. તેઓ જ્યારે સંસ્થામાં સત્સંગનો લાભ લેવા પધારતા ત્યારે અચૂક પૂજ્યશ્રીના દર્શન કરતા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી તેઓ પગના દુઃખાવાના કારણે કોબા આવી શકતા નહોતા ત્યારે 'દિવ્યધ્વનિ' માં સાહેબજીના ફોટાના દર્શન કરતા. તેઓ સરળ, નિખાલસ અને ધર્મપ્રેમી હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

**આનંદનો પરિવાર ...** પાનં. નં. ૧૬ પરથી ચાલુ

ખોદવાનો અર્થ શું ? ત્યારે ગોપાલ ભટ્ટે કહ્યું, ''વિચારોની દિશા બદલી સદા પ્રસન્ન રહેવું.'' એ પ્રસન્ન કેમ રહેવાય ? ત્યારે ગોપાલ ભટ્ટે પ્રસન્નતાની ત્રણ ટિપ્સ આપી.

(૧) જ્યાંથી, જેનાથી તમને પ્રસન્નતા મળતી હોય ત્યાં રહો. દેરાસરમાં, મંદિરમાં, સદ્‌ગુરુ પાસે જ્યાંથી પણ પ્રસન્નતા અનુભવાતી હોય ત્યાં રહો. આવા સમર્થ સાધકના ઑરામાં રહેવું. સાધના એ કરે અને એની ઑરાનો લાભ તમે લ્યો! (૨) જ્યાં તમને પ્રસન્ન રહેવું અઘરું પડતું હોય ત્યાં પ્રસન્ન રહેવાની સાધના કરો. દાખલા તરીકે પત્નીને કોની સાથે પ્રસન્ન રહેવું અઘરું પડે, પતિ પાસે કે સાસુ પાસે? તો ત્યાં રહીને પ્રસન્નતાની સાધના કરો. (૩) જ્યાં તમારી પ્રસન્નતા લગભગ અસંભવ છે, ત્યાં પ્રસન્ન રહીને બતાઓ તો તમે હંમેશાં પ્રસન્ન રહી શકશો. શત્રુઓ વચ્ચે પ્રસન્ન રહેવું અઘરું છે, તો એ વિરોધીઓને અનુકૂળ માની એમાં પ્રસન્ન રહેતા શીખી જાઓ. અઘરી સાધના છે પણ કરી શકાય છે. કેમકે જ્યાં સુધી તમારા મનમાં કોઇ પ્રત્યે પણ દ્વેષ છે ત્યાં સુધી પ્રસન્નતા નહીં અનુભવાય. આમ આનંદના મામા, આનંદના કાકા અને આનંદની સાસુ પણ છે. એની ચર્ચા પછી ક્યારેક કરીશું.

જૈનશ્રેષ્ઠી આદ. શ્રી શ્રીપાલભાઈનું સંસ્થા દ્વારા અભિવાદન (તા. ૧૧-૦૫-૨૦૨૨)





આદ. પંડિતશ્રી વિમલકુમાર બનૈઠાજીનું સંસ્થા દ્વારા અભિવાદન (તા. ૨૪-૦૫-૨૦૨૨)



## સંસ્થામાં યોજાયેલ થાઇરોઇડ નિદાન કેમ્પ વેળાએ (તા. ૦૮-૦૫-૨૦૨૨)





સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ'ના પરિચયપત્રનું વિમોચન (તા. ૦૮-૦૫-૨૦૨૨)



સંસ્કારસિંચન અર્થે લક્ષ્મીપુરા ગામના વિદ્યાર્થીઓનું સંસ્થામાં આગમન



**Registered under RNI No. : GUJGUJ/2008/25883**

**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : L-5-131-GAMC-309/2021-2023 issued by SSP Ahmedabad Valid upto 31-12-2023 - Publication Date 15th of every month**

# પૂજ્ય ભાઈશ્રી નલીનભાઈનું સંસ્થામાં શુભાગમન (તા. ૨૩-૦૫-૨૦૨૨)







## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

❶ 'દિવ્યધ્વનિ' જૂન - ૨૦૨૨ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ

**શ્રીમતી તરલાબેન દિનેશચંદ્ર બાવીસી પરિવાર, રાજકોટ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

❷ 'દિવ્યધ્વનિ' જૂન - ૨૦૨૨ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ

**શ્રી સમીરભાઈ, શ્રી રીનાબેન, દેવ અને અવી ખંધાર (લોસ એંજલસ, USA)**

**હસ્તે : શ્રી વીણાબેન મહેન્દ્રભાઈ ખંધાર**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

**To,**